# દેવદ્રવ્યસંબંધી મારા વિચારો.

( પત્રિકા નં. ૧-૨-૩-૪ )

श्री मोहनलालजी जैन
इन्दौर सिटी
पीपली बाजार

લેખક—

શાસ્ત્રવિશારદ-જૈનાચાર્ય શ્રીવિજયધર્મસૂરિ.

પ્રકાશક—

અભયચંદ ભગવાન્‌દાસ ગાંધી.

ભાવનગર.

વીર સં. ૨૪૪૬. સન ૧૯૨૦.

મુંબઈ:—નિર્ણયસાગર પ્રેસ.

# બે-બોલ.

'દેવદ્રવ્ય' સંબંધી જે ચર્ચા ચાલી રહી છે, તેનાથી કોઈ અ-જાણ્યું નથી. આ વિષયમાં પરમપૂજ્ય શાસ્ત્રવિશારદ-જૈનાચાર્ય **શ્રીવિજયધર્મસૂરિ** મહારાજે માત્ર શાસ્ત્રનાં પ્રમાણો અને દલીલોથી ભરપૂર ચાર પત્રિકાઓ લખી હતી. જો કે-આ ચારે પત્રિકાઓનો સારો પ્રચાર થયો છે, તો પણ તે પત્રિકાઓની અસાધારણ માંગણી ચાલુ રહેવાથી તે ચારે પત્રિકાઓ અને ન્યાયતીર્થ-ન્યાયવિશારદ **પ્રવર્ત્તક શ્રીમંગળવિજયજી** મહારાજે ખાસ **ઉત્સર્પણ** શબ્દ ઉપર વિશેષ પ્રકાશ પાડનાર લખેલી પત્રિકા-એમ પાંચે પત્રિકાઓ એક સાથે છપાવી બહાર પાડવાની મેં આવશ્યકતા વિચારી છે.

આશા છે કે-આના વાંચનારાઓ મધ્યસ્થદૃષ્ટિથી વાંચી ઉચિત જણાતો માર્ગ ગ્રહણ કરવામાં લગાર પણ સંકોચાશે નહીં. સત્યનો સ્વીકાર કરવામાં કોઈની પણ દાક્ષિણતા કે સંકોચ રાખવાની જરૂર નથી.

**ભાવનગર**
બીજા શ્રાવણ સુદિ ૫, વીર સં. ૨૪૪૬.

**પ્રકાશક.**

# દેવદ્રવ્યસંબંધી મારા વિચારો.

## પત્રિકા નં. ૧

સમાજના કમભાગ્યે કહો કે કાળના પ્રભાવે કહો–ગમે તે કારણે હમણાં થોડા સમયથી 'જૈન સમાજ' માં દેવદ્રવ્યની ચર્ચાએ જે વિષમ રૂપ પકડ્યું છે, તે કોઈ પણ શાસનપ્રેમીને ખેદિત કર્યા વિના નહિં રહેતું હોય. જે પ્રશ્ન કે ચર્ચામાં કંઈ વજૂદજ નથી, તેને માટે આટલી બધી ખટપટ ! આટલો બધો વિરોધભાવ અને આટલા બધા ઝગડા ? સ્મરણમાં રાખવું જોઇએ કે કોઈ પણ ચર્ચા કે પ્રશ્નને વૈર–વિરોધનું સાધન બનાવવું, એ ડાહ્યા માણસોને માટે યુક્તજ નથી. કથા, વાદ કે ચર્ચાનું યથાર્થ સ્વરૂપ સમજનારાઓ તો પોતાની વિરૂદ્ધમાં બોલનારની તરફ કિલષ્ટ લાગણીથી પગલું નહિ ભરતાં, ડહાપણ અને વિવેકપૂર્વકજ તેની સામે થાય છે; પરન્તુ આ 'દેવદ્રવ્ય' ની ચર્ચાનું પરિણામ તો ત્યાં સુધી આવેલું જોવાય છે કે–લોકો ક્લેશ અને કંકાસમાં સમયનો વ્યય કરતા અને કર્મનાં ખાતાં બાંધતા જોવાય છે.

જૈન આગમો અને જૈન શાસ્ત્રોને સુનિપુણ બુદ્ધિથી અવલોકવામાં આવે, તો પૂજ્ય આચાર્યો, મહાત્માઓ અને શાસ્ત્રોને શકની નજરે જોવાની ઉતાવળ કદાપિ થાય તેમ છેજ નહિ. પરંતુ **'खंडे खंडे पांडित्यम्'** વાળી પદ્ધતિ ઉપર ઉભા રહેલા અને નયવાદની વિશાળદૃષ્ટિથી નહિ વિચાર કરનારા પોતાની તુચ્છ પ્રકૃતિને પરિણામે પૂજ્યો તરફ ગમે તેટલે અંશે પણ અરૂચિ અને પોતાની આક્ષેપક લાગણી જાહેર કરે, તો તેમાં કંઈ આશ્ચર્ય જેવું નથી.

'દેવદ્રવ્ય' માટે તત્ત્વદૃષ્ટિએ વિચાર કરતાં, તેમાં વિવાદનો અવકાશજ જોવાતો નથી. 'મૂર્ત્તિ' સાથે 'દેવદ્રવ્ય' નો અતિઘનિષ્ઠ સંબંધ છે. જેઓ 'મૂર્ત્તિ' ને સ્વીકારે છે, તેમનાથી 'દેવદ્રવ્ય' નો નિષેધ થઇ શકે તેમ છેજ નહિ; કારણ કે, જ્યાં મૂર્ત્તિ હોય, ત્યાં મૂર્ત્તિને

ઉપયોગી વસ્તુઓ જોઇએ જ, અને **મૂર્ત્તિને અર્પેલી–સમર્પણ બુદ્ધિથી આપેલી જે વસ્તુઓ, એજ 'દેવદ્રવ્ય' છે. જે વ-વસ્તુઓ, સમર્પણની બુદ્ધિથી આપવામાં નથી આવતી, તે દેવદ્રવ્ય ગણાતું નથી,** એનો ખુલાસો હમણાં આગળ જોવાશે. વળી શાસ્ત્રોમાં તો–જેવાં કે અંગ–ઉપાંગ અને પ્રામાણિક ગ્રંથોમાં તો–આભૂષણપૂજાનું પણ વિધાન કરવામાં આવેલું છે.

વળી કેટલાક એવું પણ કથન કરવા બહાર પડે છે કે–' પહેલાંના વખતમાં દેવમંદિરો શહેરમાં નહીં હતાં અને મંદિરોને દરવાજા નહિ હતા ' ઇત્યાદિ. આ કથન કેવળ અજ્ઞાનતા સૂચક જ છે. પ્રાચીન નગરીઓનાં વર્ણનોમાં ઠેકાણે ઠેકાણે દેવમંદિરોનાં વર્ણનો આવે છે. **વિશાળા** જેવી નગરીમાં સંખ્યાબંધ મંદિરો હોવાથીજ **'વિશાલા'**નું નામ **'વિહાર'** પડ્યું હતું. કારણ કે 'વિહાર' એ **જિનચૈત્ય** બોધક છે. આને માટે વિશેષ લખવું, એ લગભગ સિદ્ધસાધન જેવું છે. એટલે તે ઉપર વધારે ન લખતાં, જેને માટે મોટો વિચારભેદ જોવાય છે; તે તરફજ વધારે લક્ષ્ય દઇશું. આ વિચારભેદવાળો વિષય છે–**' દેવદ્રવ્ય '** નો. ' દેવદ્રવ્ય ' વસ્તુતઃ સાચી વસ્તુ છે. જ્યાં મૂર્ત્તિ છે, ત્યાં ' દેવદ્રવ્ય ' રહેલુંજ છે. મૂર્ત્તિ સંબંધી દ્રવ્ય–મૂર્ત્તિને સમર્પણ કર્યાની બુદ્ધિથી આપેલું જે દ્રવ્ય, તેજ દેવદ્રવ્ય છે. એ વાત ઉપર કહેવાઇ ગઇ છે, એટલે ' દેવદ્રવ્ય કોઈ વસ્તુજ નથી ' એ કથનનું નિરાકરણ થઇ ચૂક્યું; હવે તેની વ્યવસ્થા સંબંધી કંઇક વિચાર કરીએ.

**' દેવદ્રવ્ય ' તરીકે જે દ્રવ્યનું નિર્માણ થયું હોય, તે પાપ સ્થાનકોમાં તો ખર્ચી શકાય જ નહિ.** ' દેવદ્રવ્યનો વ્યય 'દેવમૂર્ત્તિ ' કે ' દેવમંદિર ' ને અંગેજ થઈ શકે છે. દેવને અર્પણ કરેલી વસ્તુ દેવના ભક્તો ભક્ષણ કરી જાય, એ તો દેખીતું જ ગેરવાજબી છે અને એજ જૈનશાસનની શૈલી છે. જોકે, એ તો ન્હાનું બાળક પણ સમજી શકે તેમ છે કે દેવ ' વીતરાગ ' હોવાથી તેમને દ્રવ્ય સાથે કંઈ પણ સંબંધ નથી; તોપણ ' દેવદ્રવ્ય ' શબ્દ સુઘટિત છે, એ તો ચોક્કસ વાત છે. ' મધ્યમ પદ લોપી ' સમાસને જાણનાર અને બે પદોની વચ્ચે પૂરતા અર્થની યોજના કરનારને ' દેવદ્રવ્ય ' શબ્દ અઘટિત લાગશે જ નહિ.

પરંતુ ખેદનો વિષય છે કે-વર્તમાન સમયમાં 'દેવદ્રવ્ય'ની વ્યવસ્થા (અમુક સ્થળોને બાદ કરતાં) લગભગ સર્વત્ર ઘણીજ ખરાબ થતી જોવાય છે; દેશકાળને નહિ ઓળખનારા, રૂઢીની વ્યાખ્યાને નહિ સમજનારા અને મનમાં ઠસી ગયેલી અસલી પ્રાચીન પરંપરાને ઈશ્વર-વાક્યવત્ વળગી રહેનારા દેરાસરો અને પેઢીઓના ટ્રસ્ટીઓ તથા કેટલાક ધર્માન્ધો પોતાની ઉપર રહેલી દેવદ્રવ્ય સંબંધી જવાબદારીનો કંઈ પણ ખ્યાલ ન કરે, એ શું દેખીતી અનુચિત બાબત નથી ?

શાસ્ત્રોના કથન પ્રમાણે તો-'દેવદ્રવ્ય' શ્રાવક કે બીજા કોઇને પણ વ્યાજે ધીરવાનો અધિકાર નથી. કદાચિત્ અપવાદે ધીરવું પડે, તો તેના બદલામાં ઘરેણું કે એવી કોઇ પણ થાપણ રાખીનેજ ધીરવું. આ વાત દેરાસરોના અને પેઢીઓના ટ્રસ્ટીઓ ગુરૂઓના મુખથી જાણવા છતાં, તેનો અમલ કરતા નથી અને પોતાનું મનમાન્યું કરે છે; એ ખરેખર શોચનીય વિષય છે. પરિણામે જો દ્રવ્યનો નાશ થાય, તો તેના દોષના ભાગી તે તે વહીવટ કરનારાઓ જ થાય છે. સાંભળવા પ્રમાણે **કોઇ કોઇ સ્થળે તો 'દેવદ્રવ્ય'નો વ્યય એવાં પાપકાર્યોમાં થાય છે-કે જે પાપકર્મો શાસ્ત્રદૃષ્ટિએ એક જૈનથી પણ ન થઇ શકે;** પરન્તુ સમજવું જોઇએ કે-'દેવદ્રવ્ય'નો વ્યય તેવાં કાર્યોમાં કરવાનો અધિકાર નથી. 'દેવદ્રવ્ય નો વ્યય કેવળ દેવોની આશાતના દૂર કરવા માટેજ કરવાનો છે. પણ આવી આશાતનાઓ દૂર કરવા તરફ તો ધ્યાનજ કોનું જાય છે ? એક દેરાસરનો વહીવટ કર્તા પાસેનાજ બીજા દેરાસરની ભીંત પડતી હોય અથવા તે બીજા દેરાસરમાં ભગવાનની આશાતના થતી હોય, તો તેવા પ્રસંગે પણ તે વહીવટ કર્તા પોતાના વહીવટનું 'દેવદ્રવ્ય' આપતાં અચકાય અને મંદિરની તથા ભગવાનની થતી આશાતના વખતે, જાણે કે તે મંદિર મારૂં નથી અને તે ભગવાને મારા નથી, એમ ધારી આંખમીચામણાં કરે, એ શું વહીવટ કર્ત્તાઓનો તે દેવદ્રવ્ય ઉપરનો મોહ ખુલી રીતે પ્રકટ નથી થતો ? અથવા તો તેમના હૃદયમાં ભરાઇ ગયેલું ખોટું મન્તવ્ય સિદ્ધ નથી થતું ?

મારૂં તો એ દૃઢ મન્તવ્ય છે કે-આવું પરિણામ ત્યારેજ આવવા પામ્યું છે કે-જયારે 'દેવદ્રવ્ય' માં અસાધારણ વધારો થઈ પડ્યો;

**ગામે ગામનાં અને ખાસ કરીને મ્હોટાં શહેરોનાં મોટાં મંદિરોના વહીવટનો જૂનો હીસાબ તપાસવામાં આવે, તો એવાં થોડાંજ મંદિરો જોવાશે કે-જેનું દ્રવ્ય શ્રાવકોમાં કે બીજાઓમાં નહિ ઘલાઇ ગયું હોય.** ગામે ગામ વિચરનારા સાધુઓને અનુભવ છે કે-જ્યાં જઇએ ત્યાં ઘણે ભાગે શ્રાવકોમાં આને માટેજ તકરારો વધુ ઉભી થયેલી હોય છે. 'ફલાણો ચોપડા બતાવતો નથી' 'ફલાણાને ત્યાં આટલા રૂપિઆ મૂક્યા હતા, તે હવે જવાબ આપતો નથી.' 'મહારાજ ફલાણાને ત્યાં આપે ગોચરી વ્હોરવી વ્યાજબી નથી. કારણ કે તે દેવદ્રવ્ય ખાય છે.' ઇત્યાદિ ફરીયાદો જ્યાં જૂઓ ત્યાં થતીજ રહે છે. આમ હોવાનું કારણ ઉપર કહ્યું તે 'દેવદ્રવ્ય'-નો અસાધારણ વધારોજ છે. જો 'દેવદ્રવ્ય' જેમ જેમ વધતું જાય, તેમ તેમ જીર્ણોદ્ધારાદિ કાર્યોમાં તેનો વ્યય થતો જતો હોય તો, આવો પ્રસંગ આવેજ નહિ. માટે મારી તો એજ ભલામણ છે કે-જે જે દેરાસરો અને પેઢીઓ હસ્તક 'દેવદ્રવ્ય'ના નામે નાણું એકત્રિત થયેલું હોય, તેનો વ્યય જીર્ણોદ્ધારોના કાર્યોમાં થવો જોઇએ. મારવાડ અને મેવાડ જેવા દેશોમાં એવાં સેંકડો દેરાસરો છે કે-જે જીર્ણોદ્ધારની પૂરેપૂરી અપેક્ષા રાખે છે. મને તો લાગે છે કે-તે જીર્ણોદ્ધારની અપેક્ષા રાખનારા સ્થાનો અત્યારે એટલાં બધાં છે કે, 'દેવદ્રવ્ય' ના નામે સંગ્રહી રાખેલી કુલ રકમનો તેમાં વ્યય થઈ શકે તેમ છે. 'દેવદ્રવ્ય'નો વ્યય કરવાને આવાં જરૂરનાં કામો જ્યારે આપણી નજર સામે મોટી સંખ્યામાં વિદ્યમાન છે, છતાં તે દ્રવ્યનો વ્યય તેમાં ન કરતાં અથવા લોકોને બતાવવાની ખાતર અલ્પાંશે કરી બાકીનું દ્રવ્ય, વ્યાપાર રોજગારમાં, વ્યાજવટાવોથી ઉપજ વધારવામાં અને બીજાઓની ખુશામત કરવામાં વાપરવું એ શું, એ દેવદ્રવ્યનો દુરૂપયોગ કરવા બરાબર નથી ?

**ખરી વાત તો એ છે કે-આ જમાનામાં દેવદ્રવ્યનો ખજાનો વધારવાનીજ જરૂર જણાતી નથી.** કારણ કે—'**દેવદ્રવ્ય' ના નામે ગમે તેટલો મ્હોટો ખજાનો ભરેલો હશે, પરન્તુ દુષ્કાળના ભીષણ સમયમાં ભૂખમરાથી પીડાતા માણસોને તેમાંથી એક કોડી પણ સીધી રીતે કામમાં આવી**

**શકવાની નથી. અને તેમ કરવાને કોઇપણ આસ્તિક સલાહ પણ નહિ આપે. જ્યારે આવી સ્થિતિ છે, ત્યારે તેનો વધારો કરવા તરફ મચ્યા રહેવું, એ કોઇ રીતે વ્યાજબી જણાતું નથી. આને માટે સીધો અને સરળ માર્ગ એ છે કે–જે 'દેવ-દ્રવ્ય ' એકઠું થયેલું હોય, તેનો વ્યય જીર્ણોદ્ધારના કામોમાં કરવો, અને હવે પછી પૂજા–આરતિ વિગેરેમાં બોલાતી બો-લીની ઉપજ 'દેવદ્રવ્ય' ખાતે ન લઇ જતાં 'સાધારણ ખાતે' લઇ જવાનો સંઘે ઠરાવ કરવો જોઇએ. કારણ કે એ સુપ્રસિદ્ધ વાત છે કે–'દેવદ્રવ્ય' તરીકે કલ્પેલું દ્રવ્ય માત્ર મંદિરો અને મૂર્ત્તિઓના જ કાર્યમાં જઇ શકે છે, જ્યારે સા-ધારણ ખાતે કલ્પેલું દ્રવ્ય સાતે ક્ષેત્રોની અંદર કામમાં આવી શકે છે.**

કદાચ કોઈ એમ ધારે કે–જો 'બોલીનું દ્રવ્ય' સાધારણ ખાતામાં લઇ જવામાં આવશે, તો લોકો હજમ કરી જતાં ડરશે નહિં.' તો એ ધારવું પણ ઠીક નથી. અત્યારે 'દેવદ્રવ્ય' નું પણ ભક્ષણ અધર્મ બુદ્ધિ થવાથી કરનારા તો કરે છેજ. તેમ છતાં પણ આવી સ્થિતિ ઉપસ્થિત ક્યારે થાય છે, એ વિચારવું જોઇએ. જ્યારે દ્રવ્ય વધી પડે છે, સેંકડો અને હજારોની સંખ્યામાં લોકોને ધીરવામાં આવે છે, અને મ્હોટી મ્હોટી પેઢીઓ ચલાવવામાં આવે છે, ત્યારેજ આવું પરિ-ણામ આવે છે; પરન્તુ હું તો એમજ કહું છું કે—'દ્રવ્ય' એકઠું કરી મુકવાની જરૂરજ શી છે? શા માટે સાધારણ ખાતે જે દ્રવ્ય એકઠું થાય, તેનો સાતે ક્ષેત્રોમાં ઉચિત પ્રમાણે વ્યય ન થાય? જો દ્રવ્યનો વ્યય થતો રહે, તો બીજાને હજમ કરી જવાનો પ્રસંગજ ક્યાંથી મળે? આવા પ્રસંગો આવવાનું કારણ 'દેવદ્રવ્ય' માં વધારો કરવાના લોભ સિવાય બીજું કાંઈજ નથી. એવો લોભ ન રાખતાં નક્કી કર્યા પ્રમાણે તેની વ્યવસ્થા થતી રહે, તો સાતે ક્ષેત્રોનું પોષણ થતું રહે, અને કોઇને હજમ કરવાનો પ્રસંગ પણ ન મળે.

હવે એ પણ જણાવવું જરૂરનું છે કે–**ઉપર કહ્યા પ્રમાણે પૂજા-આરતિ વિગેરેમાં બોલાતી બોલીનું દ્રવ્ય સાધારણ ખાતે લઈ જવાનો ઠરાવ કરવામાં કંઈ શાસ્ત્રીય દોષ પણ જોવામાં આવતો**

**નથી.** કારણ કે-બોલી બોલવાનો રિવાજ અમુક વર્ષો અગાઉ સુવિહિત આચાર્યો અને સંઘે અમુક કારણને લઇને દેશકાલાનુસાર દાખલ કરેલો જોવાય છે અને તે વખતે મંદિરો અને મૂર્તિઓની રક્ષાનું સાધન પુરૂં પાડવા માટે અમુક બોલીઓનું દ્રવ્ય 'દેવદ્રવ્ય' ખાતે લઈ જવાને ઠરાવેલું અને તે વખતને માટે તેમ ઠરાવવું વ્યાજબી હતું. આ બોલી બોલવાનો મુખ્ય હેતુ તો કોઈ પણ ધાર્મિક કાર્યમાં ક્લેશ ન થાય, તેજ જોવાય છે. ગૃહસ્થો પૂજા કરવા જાય, તે વખતે પહેલી પૂજા કોણ કરે, એ માટે ઘણી વખત તકરારો થવા પામે છે. આ તકરારો ન થાય, અને બળવાન નિર્બળને, ધની નિર્ધનને, અને વિદ્વાન પામરને આક્રમણ ન કરે, એટલા માટે સંઘે એવું ઠરાવ્યું કે-'જે વધારે રકમ (ઘી) બોલે, તે પહેલાં પૂજા કરે. (આવી જ રીતે આરતી અને બીજા પ્રસંગોમાં પણ સમજવાનું છે) અને તે બોલીનું ઘી (દ્રવ્ય) દેવદ્રવ્ય ખાતે લઇ જવામાં આવશે.' આ સંઘની કલ્પના છે, શાસ્ત્રીય આજ્ઞા નથી; અને તેનુંજ એ કારણ છે કે-આ બોલીના રીવાજો દરેક ગામમાં એકજ જાતના નથી. કોઈ ગામમાં-ઘીનો ભાવ વીસ રૂપીએ મણ છે, તો કોઈ ગામમાં પંદર રૂપીએ મણ, કોઈ ગામમાં પાંચ રૂપીએ મણ છે, તો કોઈ ગામમાં અઢી રૂપીએ મણ. છેવટે સવા રૂપીએ મણ સુધીના ભાવો પણ જોવાય છે. એટલે જે ગામમાં સંઘને જે ઉચિત લાગ્યું, તેમ ઠરાવ કર્યો. આ કલ્પનાના વિષયમાં એવું કંઈજ તત્ત્વ જોવાતું નથી કે-જે 'દેવદ્રવ્ય'ની સાથે સંબંધ રાખતું હોય. અમુક બોલીનું દ્રવ્ય 'દેવદ્રવ્ય' ગણવું, એ માત્ર સંઘનીજ કલ્પના હતી; અને તે કારણસર હતી. **હવે તેવું કારણ નહિ રહેવાથી તેમ બીજા કેટલાક સંયોગો ઉભા થવાથી તે બોલીઓમાં ઉપજતું દ્રવ્ય 'સાધારણ ખાતામાં' લઈ જવાનો સંઘ ઠરાવ કરે, તો તે ખુશીની સાથે કરી શકે છે, અને આ જમાનામાં તેમ કરવું ખાસ કરીને વ્યાજબી જણાય છે.**

આવીજ રીતે પૂજા, વરઘોડા, આરતી, સ્નાત્રમહોત્સવ, સ્વપ્ન, ઘોડીઆપાલણું અને એવી બીજી બોલીઓનું કારણ પણ ઉપર કહ્યું તે-દરેકની સમાધાની જાળવવી-એજ છે અને તે નિમિત્તે પ્રાપ્ત થતાં દ્રવ્યનો, તે તે સમય પ્રમાણે ભિન્ન ભિન્ન શુભમાર્ગે વ્યય થઈ શકે છે

અને તેજ કારણથી વર્તમાનમાં પણ એવી હરીફાઇથી બોલાતી બોલીનું દ્રવ્ય 'સાધારણદ્રવ્ય' તરીકે કલ્પવામાં આવે, તો તે જરૂરનું અને પ્રશસ્ત જ છે. આથી કોઇએ એમ ભય રાખવાની જરૂર નથી કે–આવી રીતે બોલીનું દ્રવ્ય 'સાધારણખાતામાં' કેમ લઈ જવાય? કારણ કે એ પહેલાંજ કહેવામાં આવ્યું છે કે–**"દેવને અર્પણની બુદ્ધિથી આપેલી જે વસ્તુ હોય, તેજ 'દેવદ્રવ્ય' કહી શકાય છે. બીજું નહિં"** દૃષ્ટાન્ત તરીકે જ્યારે ભગવાનને આંગી રચવામાં આવે છે, ત્યારે લાખો રૂપીઆના દાગીના અને ઝવેરાત લોકો ભગવાનના અંગ ઉપર ચઢાવે છે; અને પછી બીજા દીવસે પાછા પોતાને ઘેર લઇ જાય છે. આ હકીકતમાં રહેલું રહસ્ય જો બરાબર સમજવામાં આવે, તો મારા ઉપર્યુક્ત કથનમાં કોઇને લગાર પણ વાંધો જણાશે નહિં. એટલે કે–જે ગૃહસ્થ જે વખતે પોતાને ત્યાંથી ઘરેણાં અને ઝવેરાત લાવીને માત્ર એક દિવસની અંગરચનાને માટે ભગવાન ઉપર ચઢાવે છે, તે ગૃહસ્થની તે વખતે ભગવાનને સમર્પણ કરવાની બુદ્ધિ નહિ હોવાથી જ તે બીજા દિવસે પોતાને ઘેર પાછાં લઇ જાય છે. એટલે બોલીમાં પણ સંઘ જેવી કલ્પના કરવી ધારે, તેવી ખુશીથી કરી શકે છે: અને અત્યારે આ જમાનામાં સાધારણ ખાતાની કલ્પના કરવાનો ઉપદેશ એટલા જ માટે કરવામાં આવે છે કે–અત્યારે જ્યાં જૂઓ ત્યાં પ્રાયઃ સાધારણખાતામાં જ ટોટો જોવામાં આવે છે. અને તેથી કોઈ પણ ગામનો સંઘ પોતાના ધારેલા કામને પાર પણ પાડી શકતો નથી. બીજી તરફથી સમય પણ વધારે ને વધારે બારીક આવતો જાય છે. આવી અવસ્થામાં જો સાધારણખાતાને પુષ્ટ નહિ કરવામાં આવે, અને બધું દ્રવ્ય 'દેવદ્રવ્ય' માંજ લઈ જવામાં આવશે, તો તેનું પરિણામ એ આવશે કે–વિષમ સમયમાં મનુષ્યોનાં ચિત્ત તે 'દેવદ્રવ્ય' તરફ આકર્ષિત થયા વિના રહેશે નહિ. **અતએવ ભવિષ્યમાં આવી સ્થિતિ ઉપસ્થિત ન થાય, તેને માટે અત્યારથી સુપ્રબંધ કરવા તરફ દરેક ગામના સંઘોએ અવશ્ય ધ્યાન દેવું જોઇએ છે, નહિ તો એ ખુલ્લી રીતે કહેવું જોઇએ કે–તેનું ભયંકર પ્રાયશ્ચિત્ત સાધારણદ્રવ્ય તરફ જોઇતી અપેક્ષા નહીં રાખનારાઓને લાગુ પડે, એ દેખીતી વાત છે.**

કેટલાક લોકો સ્વપ્ન વખતે બોલાતી બોલીનું ઘી 'દેવદ્રવ્ય' તરીકે લઈ જવાનો ખાસ આગ્રહ કરે છે. એમ સમજીને કે તે બોલી ખાસ ભગવાનના નિમિત્તે બોલવામાં આવે છે. પરન્તુ તેમ કંઈ છેજ નહિ. આ બોલી પણ હરીફાઇની જ બોલી છે. કોઇને ખોટું લાગવાનો પ્રસંગ ન રહે, તેટલા માટેજ આ બોલી છે. જેવી રીતે પૂજા-આરતી વિગેરે પ્રસંગે બોલી બોલાય છે. તેવીજ આ પણ બોલી છે, અતએવ તેની ઉપજ પણ સાધારણ ખાતામાં લઇ જવામાં કંઈ પણ હરકત જેવું જણાતું નથી. ગૃહસ્થાવસ્થામાં પણ ભગવાન્ પોતાની મિલકતના ભાગ પાડી બીજાઓને આપે છે, અને બીજાઓ લઈ પણ લે છે, ત્યારે આપણે તે નિમિત્તે માત્ર હરીફાઇની ખાતર બોલાતી બોલીનું દ્રવ્ય સાધારણખાતામાં નજ લઈ જઈ શકીએ, એ નવાઇ જેવું ? આપણી કલ્પનાથી કોઈ પણ બોલીમાં બોલાતું દ્રવ્ય સાધારણખાતામાં લઇ જઈ શકીએ છીએ; પરંતુ કાર્યના પ્રારંભમાં સાધારણ ખાતામાં લઈ જવાની કલ્પના સંઘે ઠરાવવી જોઇએ. 'દેવદ્રવ્ય' તરીકેની કલ્પનાથી જે દ્રવ્ય એકઠું થયેલું હોય, તે દ્રવ્ય 'સાધારણખાતા' માં લઇ જઇ શકાય નહિ. વળી જે દ્રવ્ય સાધારણખાતામાં એકઠું થાય, તેનો વ્યય પણ સમયાનુસારજ થવો જોઇએ, નહિ કે અત્યારે જેમ ટ્રસ્ટીઓ પોતાની મરજી પ્રમાણે વ્યય કરે છે, તેમ થવો જોઇએ. સાંભળવા પ્રમાણે કેટલાક સાધુઓ, પંન્યાસો અને આચાર્યો એવો અભિપ્રાય આપે છે કે- 'પૂજા વિગેરે માટે બોલાતી બોલીમાં જે કિંમત (ભાવ) હોય, તેમાં વધારો કરી તે વધારાની રકમ સાધારણખાતા માં લઇ જવી,' પણ ખરી રીતે આનું પરિણામ કંઈજ નથી. ભાવ વધારતાં જે કાર્યમાં સો મણ ઘી બોલાતું, તે કાર્યમાં પચાસ મણ બોલાશે. જૂઓ- અત્યારે પણ જે ગામમાં સોળથી વીશ રૂપીઆનો ભાવ રાખવામાં આવેલો છે, ત્યાં કોઈ પણ કાર્યમાં પાંચ-પચીસ મણ ઘીની બોલી પણ કઠિનતાથી થાય છે. જ્યાં પાંચ રૂપિએ મણ હોય, ત્યાં સેંકડો મણ થાય છે અને જ્યાં અઢી કે સવા રૂપીએ મણ છે, ત્યાં હજારો મણ થાય છે. એટલે જેમ ભાવ વધારે, તેમ બોલી ઓછી. આથી એ સ્પષ્ટ છે કે-ભાવ વધારવાથી કંઈ સાર્થકતા થાય તેમ નથી; અતએવ એવી નિરર્થક કલ્પનાઓ કરતાં બોલીની તમામ ઉપજ સાધારણખાતામાં લઈ જવામાં આવે, તો તેમાં ખોટુ શું છે ? શામાટે જે હકીકત હોય,

તે પ્રજાની સમ્મુખ ઉપસ્થિત ન કરવી? જે ખાતાથી તમામ ક્ષેત્રોને પુષ્ટિ મળતી હોય, તે ખાતાને સંપૂર્ણ રીતે પોષવામાં જો શાસ્ત્રીય કંઈ બાધ ન આવતો હોય, તો શા માટે તેવો ઉપદેશ કરવામાં આડકતરા રસ્તાની ખોજ કરવી જોઇએ? 'પરંપરા,' 'પરંપરા' કરી જેમ ચાલતું હોય તેમ ચાલવા દેવું, એ શું વ્યાજબી છે? પરંપરા પણ ગામેગામ જુદી જુદી જોવાય છે. ત્યારે શું એ પરંપરા શાસ્ત્રીય છે? અને જો એ પરંપરા–એ રૂઢી શાસ્ત્રીય નહિ, કિન્તુ કાલ્પનિક જ છે, તો પછી સમયને ઓળખી તે કલ્પના ફેરવવામાં શા માટે અચકાવું જોઇએ?

ધર્માચાર્યોનો ધર્મ છે કે—તેઓએ સત્યનું ગોપન નહિ કરતાં યથાર્થ હકીકતને જનતા સમક્ષ સ્પષ્ટ રૂપે રજૂ કરી દેવી જોઇએ. ઉદાસીનતા પકડવાથી હવે ચાલે તેમ નથી. ઉદાસીનતા પકડીને છતી શક્તિને ગોપવનાર ધર્મગુરૂઓ ખરેખર પ્રાયશ્ચિત્તના ભાગી બને છે, એ વાત ભુલવી જોઇતી નથી. સમાજના કલ્યાણના નિમિત્તે કોઈ પણ સત્ય વિચારો પ્રકાશિત કરવામાં ભક્તોની દાક્ષિણ્યતા રાખવી, એ વ્યાજબી નથી.

**અન્તમાં દરેક ગામોનાં સંઘોને એ ભલામણ કરી વિરમુ છું કે-સમયને ઓળખી બોલીઓમાં બોલાતું દ્રવ્ય સાધારણખાતામાં લઇ જવાનો ઠરાવ કરો, અને જે દેવદ્રવ્ય હોય, તેનો જીર્ણોદ્ધારના કાર્યમાં વ્યય કરો.**

**તા૦ ક૦**—જણાવવું જરૂરનું સમજું છું કે-ઉપર પ્રમાણે સાધારણ ખાતા તરફ મારૂં ધ્યાન હમણાંજ ખેંચાયું નથી; પરંતુ વર્ષોથી ખેંચાયું છે. કાશી તરફથી વિહાર કરીને ગુજરાત–કાઠિયાવાડમાં આવ્યા પછી મને આ વિચારો સ્ફૂર્યા હતા. અને તેથી જ **ઉપરિયાળાતીર્થમાં** સં. ૧૯૭૨ ની સાલમાં હું ગયો, ત્યારે ત્યાં મેળામાં એકત્રિત થયેલા લોકોને મેં સાધારણ ખાતાને પુષ્ટ કરવાનો ઉપદેશ આપ્યો હતો, જેના પરિણામે તે વખતે તે તીર્થમાં લગભગ પચીસસો રૂપિયા સાધારણખાતામાં થયા હતા. જ્યારે દેવદ્રવ્યમાં માત્ર જૂજ રકમ થઇ હતી. આવીજ રીતે મારા આ વિચારો હું મારા વિહાર દરમિયાન દરેક સ્થળે પ્રકાશિત કરતો આવ્યો છું, એટલે કોઇએ એમ સમજવાની ભુલ નજ કરવી કે–આ વિચારો હું હમણાંજ પ્રકાશિત કરૂં છું.

# પત્રિકા નં. ૨

## બોલીનું દ્રવ્ય શું સાધારણ ખાતામાં ન લઇ જઇ શકાય?

સમયના સ્વભાવ પ્રમાણે સંસારમાં હમેશાં પ્રવૃત્તિ–નિવૃત્તિ થયાંજ કરેછે. પહેલાં એવા કેટલાએ રિવાજો હતા, કે જે પૂરજોશથી ચાલતા હતા, તે રિવાજોનું અત્યારે નામ–નિશાન પણ રહેવા પામ્યું નથી અને એવા રિવાજો કે જે રિવાજો, સેંકડો કે હજારો વર્ષ પહેલાં છદ્મસ્થોની કલ્પનામાંએ નહિ આવ્યા હોય, તેવા રિવાજો સમયે પોતાની મેળે પ્રચલિત કરાવી દીધા છે. સમયનો પ્રભાવજ એવો છે કે—મનુષ્યોની બુદ્ધિ અને વિચારોનું સમયના પ્રવાહની સાથે પરિવર્તન થયાજ કરેછે. હા, જે કુદરતી રિવાજો છે, તેમાં ફેરફારો થતા નથી. હાથથી ખાવાનો રિવાજ મટીને પગથી ખાવાનો રિવાજ બન્યો નથી અને બનવાનો નથી. અનાદિકાળથી ચાલ્યા આવતા આ કુદરતી ધર્મમાં ફેરફાર થવાનોજ નહિં. ફેરફાર તો તેજ રિવાજોમાં થઈ શકે છે કે—જે રિવાજો મનુષ્યોએ દાખલ કરેલા હોયછે. ધાર્મિકરિવાજો, એ પણ મનુષ્યકૃત રિવાજો છે અને તેનુંજ એ કારણ છે કે—કેટલાક ધાર્મિક રિવાજોમાં પણ અવાર નવાર ફેરેફારો થતાજ રહે છે. આ વાત કોઈપણ અનુભવી પુરૂષોના જાણવા બહાર નહિ હોય. આ પ્રમાણે રિવાજોમાં ફેરફાર કરવાથી પ્રભુની આજ્ઞાનો ભંગ પણ થતો નથી. કારણ કે—પ્રભુએ દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ પ્રમાણે વર્ત્તવાની શ્રીમુખથીજ આજ્ઞા કરી છે. તે આજ્ઞા ઉપર ધ્યાન રાખીનેજ કારણો ઉપસ્થિત થતાં, મહાન્ આચાર્યો અને સંઘો તે પ્રમાણે ફેરફારો કરતાજ આવ્યા છે, એ વાતનાં અનેક દૃષ્ટાન્તો આપણી પાસે મૌજૂદ છે. જેમાંનાં ત્રણ ચાર અહિં ટાંકીશ.

પહેલું–આપણે સૌ કોઇ જાણીએ છીએ કે—પહેલાં તમામ સાધુઓ કપડાં સફેદજ રાખતા હતા; પરન્તુ જ્યારે સાધુઓમાં વધારે શિથિલતાએ પ્રવેશ કર્યો; અને સારા ખોટાઓને ઓળખવાનું મુશ્કેલ થયું, ત્યારે શિથિલાચારિયોથી ત્યાગી–સંવેગી સાધુઓનો જુદો ભેદ બતાવવા માટે **શ્રીમાન્ સત્યવિજય પંન્યાસ**ના આધિપત્ય નીચે કપડાને રંગવાનો રિવાજ દાખલ થયો.

બીજું—પ્રથમ સાધુઓ ક્ષેત્રોના ગુણોને જોઇને ચાતુર્માસ કરતા હતા; પરન્તુ અત્યારે ગુર્વાદિકની આજ્ઞા ઉપરજ આધાર રાખવામાં આવેલો છે.

ત્રીજું—પહેલાં કલ્પસૂત્રની વાંચના માત્ર સાધુઓજ કરતા અને સાધ્વીયો સાંભળતી; પરન્તુ પાછળથી સંઘ સમક્ષ વાંચવાનું કરવામાં આવ્યું અને તે પ્રમાણે સંઘસમક્ષ પ્રતિવર્ષ વંચાય છે પણ ખરૂં.

ચોથું—પહેલાં સાધુઓ વાંસના ડંડા રાખતા અને કહ્યું છે પણ વાંસનાજ રાખવાનું. જ્યારે તે પ્રવૃત્તિ બદલાઇને સીસમ, સાગ કે વડની વડવાઇના રાખવાની થઇ છે.

આવીજ રીતે અનેક રિવાજોમાં ફેરફારો થયેલા આપણે જોઇએ છીએ. એટલે વિચારવાનું એ છે કે—આવા ધાર્મિકરિવાજોમાં–શાસ્ત્રીય રિવાજોમાં–પણ કારણો ઉપસ્થિત થતાં ફેરફારો થયા છે; તો પછી જે રિવાજો સંઘે દાખલ કરેલા છે, તે રિવાજોમાં ફેરફાર કરવાનો હક્ક સંઘને હોય, એમાં નવાઇ જેવુંજ શું છે ?

પ્રસ્તુતમાં મારે જે કાંઈ કહેવાનું છે. તે **'બોલી'**ના રિવાજ સંબંધી છે. આરતી, મંગળદીવો, પૂજા, ઘોડીયાપારણું અને એવી બીજી ઘણીએક ક્રિયાઓ છે, કે જે ક્રિયાઓમાં ખાસ કરીને બોલી બોલવામાં આવે છે. આ બોલી બોલવાનો શો હેતુ છે ? અથવા હોવો જોઇએ, એ હું મારી **પ્રથમ પત્રિકા**માં બતાવી ચૂક્યો છું. ભગવાન્‌ની પૂજા કરવી, આરતી ઉતારવી–વિગેરે કર્ત્તવ્યો અંતઃકરણની શુદ્ધિ માટે છે. અર્થાત્ હૃદયમાં શુભ ભાવનાની જાગૃતિ થાય, તેને માટે છે. એટલે કે–આ બધાં ભક્તિનાં કાર્યો છે. **એ ભક્તિનાં કાર્યોની ઉછામણી હોઇ શકેજ નહિ,** એ સહજ સમજી શકાય એવી હકીકત છે. અને જો એવી રીતે ઘણું દ્રવ્ય **આપનારને જ** પૂજા કે આરતીનું ફળ મળતું હોય, તો તો પછી બિચારા ગરીબો–નિર્ધનોનો નિસ્તારજ ન હોઇ શકે. તેઓ જે કંઇ પૂજા–આરતી કરે, તે તો વ્યર્થજ જાય; પરન્તુ તેમ કંઈ છેજ નહિં. ભક્તિનું ફળ અંતઃકરણના અધ્યવસાય ઉપર રહેલું છે. માત્ર પોતાની મહત્તા બતાવવાની ખાતર અથવા બીજા પ્રત્યેની ઈર્ષ્યાથી પાંચ હજાર મણ ઘી બોલીને પણ જો કોઇ પૂજા કરે અને

પૂજા કરતાં પણ તેના હૃદયમાં કષાયો ભરેલા હોય, તો તેને તેવી પૂજાનું ફળ શું હોઇ શકે? જ્યારે એક સાધારણ સ્થિતિનો માણસ શુભ ભાવનાથી કષાય રહિત, પાશેર ઘી પણ બોલ્યા સિવાય પ્રભુની પૂજા કરે છે, તો તેને પૂજાનું ફળ જરૂર મળે છે. અર્થાત્—તેનું અંતઃકરણ શુદ્ધ જરૂર થાય છે.

જ્યારે આવી સ્થિતિ છે, ત્યારે બોલીનો રિવાજ શા માટે જોઇએ? આ એક સ્વાભાવિક પ્રશ્ન ઉભો થાય છે. આનો ઉત્તર મેં મારા પ્રથમ લેખમાં સારી રીતે આપેલો છે. **ભક્તિ કરવાના પ્રસંગે બળવાન્ નિર્બળ ઉપર, ધની નિર્ધન ઉપર, અને વિદ્વાન્ પામર ઉપર આક્રમણ ન કરે અને સુખ–સમાધિથી દરેક સમભાવ પૂર્વક ભક્તિ કરે, એજ બોલીના રિવાજનો મુખ્ય હેતુ છે.** આપણે ઘણી વખત જોઇએ છીએ કે–મંદિરો અને તીર્થસ્થાનોમાં પૂજા સમયે પૂજા કરવા જનારાઓમાં તકરારો થાય છે અને જે સ્થાન કર્મોને ક્ષય કરવા માટે પવિત્ર મનાય છે, તેજ સ્થાનમાં તેઓ કષાયોથી વ્યાપ્ત થઈ પોતાના આત્માને મલિન કરે છે. બોલીનો રિવાજ હોવા છતાં 'એકદમ આદેશ કેમ આપી દીધો?' ઇત્યાદિ કારણોને ઉભાં કરી કલેશ કરવા તૈયાર થઇ જાય છે; તો પછી બોલીનો રિવાજ ન હોય, ત્યારે તો ન માલૂમ તેવા ભક્તિના રહસ્યને નહિ સમજનારા કેટલુંએ તોફાન કરે, એ શું બનવા જોગ નથી?

બસ, આવાજ કારણથી બોલીનો રિવાજ અમુક વર્ષોથી દાખલ થયેલો છે. વસ્તુતઃ **'પૂજા–આરતી વિગેરેમાં બોલી હોવીજ જોઇએ, એવો કંઈ પરમાત્માનો ઉપદેશ નથી.'** આ વાત પરમ પ્રભાવક, મહાન્ ગીતાર્થ, અકબર પ્રતિબોધક, જગદ્‌ગુરૂ **શ્રીહીરવિજયસૂરિ** મહારાજના વચનથી પણ સિદ્ધ થાય છે.

'**હીરપ્રશ્નોત્તર** ના ત્રીજા પ્રકાશના ૧૧ મા પ્રશ્નમાં **જગમાલઋષિ** **શ્રીહીરવિજયસૂરિ** મહારાજને પૂછે છે કે—

**"तैलादिमानेनादेशप्रदानं शुद्धयति नवा?"**

અર્થાત્—'તેલ વિગેરેની બોલીથી આદેશ આપવો શુદ્ધ છે કે નહિ?'

આ પ્રશ્નનો ઉત્તર આપતાં પ્રભુ **શ્રીહીરવિજયસૂરિ** મહારાજ કહે છેઃ—

**"तैलादिमाननेन प्रतिक्रमणाद्यादेशप्रदानं न सुविहिताचरितं, परं क्वापि क्वापि तदभावे जिनभवनादिनिर्वाहासंभवेन निवारयितुमशक्यमिति"**

અર્થાત્—"તેલ વિગેરેની બોલી વડે કરીને પ્રતિક્રમણ વિગેરેમાં આદેશ આપવો, **એ સુવિહિતનું આચરિત નથી.** પરન્તુ કોઇ કોઇ સ્થળે એ બોલી સિવાય જિનભવનાદિનો નિર્વાહ થવો અસંભવ હોવાથી તે રિવાજને નિવારણ કરવો અશક્ય છે."

અત્યારે જેમ દરેક બોલીયોમાં મુખ્યતયા **ઘી** બોલાય છે; તેવી રીતે તે વખતે (હીરવિજયસૂરિ મહારાજના સમયમાં) બોલિયોમાં મુખ્યતયા **તેલ** બોલાતું હતું અને તેટલા માટે જ ઉપરના પાઠમાં '**તૈલાદિ**' કહેવામાં આવેલ છે.

પરમપૂજ્ય **હીરવિજયસૂરિ** મહારાજ ઉપરના પાઠમાં સ્પષ્ટ રીતે જણાવે છે કે '**બોલી બોલવી એ સુવિહિત આચરિત નથી**' જ્યારે એક મહાન્ આચાર્ય પણ આ બોલીના રિવાજને શાસ્ત્રીયરિવાજ હોવાનું ના પાડે છે. ત્યારે તેને (બોલીના રિવાજને) ઈશ્વરવાક્યવત્ સમજનારા કેવી ભૂલ કરે છે, એ કહેવાની કંઇ આવશ્યકતા નથી.

કદાચ કોઇ એમ કહે કે—'ભલે બોલીનો રિવાજ ક્લેશના નિવારણ માટે રાખ્યો; પરન્તુ તેની ઉપજ **દેવદ્રવ્ય**માં લઇ જવાનું શા માટે ઠરાવ્યું?' આનો ઉત્તર પણ **હીરવિજયસૂરિ** મહારાજના ઉપરના પાઠમાંથી ચોખ્ખી રીતે મળી આવે છે. '**કોઇ કોઇ સ્થળે આ બોલી સિવાય જિનભવનાદિનો નિર્વાહ થઇ શકે તેમ નહિં હોવાથી તે બંધ કરવો અશક્ય છે.**' આ શબ્દોજ બતાવી આપે છે કે–તે સમયમાં પ્રાયઃ જિનમંદિરો વિગેરેની રક્ષા માટે પૂરતાં સાધનોનો અભાવ હોવાથીજ કેટલીક બોલીઓનું દ્રવ્ય દેવદ્રવ્યાદિમાં લઇ જવાને ઠરાવ્યું હતું અને આજ હેતુ મેં મ્હારા પ્રથમ લેખમાં પણ બતાવ્યો છે.

એ તો ખરૂંજ છે કે—જે વખતે જેની જરૂર હોય, તે વખતે તેની પૂર્ત્તિ કરવા તરફજ લોકોનું ધ્યાન જાય છે, અને તે પ્રમાણે જવું પણ જોઇએ. **હીરવિજયસૂરિ** મહારાજના ઉપર્યુક્ત **પ્રબળ પ્રમાણ** પછી બોલીના રિવાજ સંબંધી બીજાં વિશેષ પ્રમાણોની આવશ્યકતા રહેતીજ નથી.

હવે જ્યારે, **હીરવિજયસૂરિ** મહારાજ જેવા પરમ પ્રભાવક અને સર્વમાન્ય ગીતાર્થ આચાર્યશ્રીના વચનથી એ સિદ્ધ થઈ ચૂક્યું કે—

**"બોલી બોલવી, એ સુવિહિત આચરિત નથી; તેમ તે પૈકીની કેટલીક બોલિયોનું દ્રવ્ય જિનભવનાદિના નિર્વાહનાં પ્રાય: બીજાં સાધનો નહિ હોવાથી દેવદ્રવ્ય આદિમાં લઇ જવાનું ઠરાવવામાં આવ્યું હતું."** ત્યારે હવે આપણે એ વાત ઉપર આવીએ કે—જે બોલીનું દ્રવ્ય અત્યાર સુધી દેવદ્રવ્યમાં લઇ જવામાં આવે છે, તે બોલીનું દ્રવ્ય હવે પછી **સાધારણ** ખાતામાં લઇ જવાનો સંઘ ઠરાવ કરી શકે કે નહિં' ?

એ વાત હું પહેલાંજ કહી ચૂક્યો છું કે—જુદાં જુદાં કારણોથી પડેલા રિવાજો અવાર નવાર ફરતાજ રહ્યા છે. એવીજ રીતે આ રિવાજને પણ ફેરવવામાં આવે, એટલે કે—જે બોલીનું દ્રવ્ય દેવદ્રવ્યમાં લઈ જવામાં આવે છે, તેનું દ્રવ્ય **હવે પછી** સાધારણ ખાતામાં લઇ જવાની સંઘ કલ્પના કરે, તો તે પ્રમાણે સંઘ ખુશીની સાથે કરી શકે છે, એ મારૂં **ચોક્કસ** માનવું છે. પૂર્વે પણ દેવદ્રવ્યની આવકોનાં સાધનોમાં ફેરફારો થતાજ રહ્યા છે. જૂઓ—

**श्राद्धविधि**ના પાંચમા પ્રકાશમાં શ્રાવકોએ કરવાનાં વાર્ષિક કૃત્યોનું વિવેચન કરવામાં આવ્યું છે. જેમાંનું પાંચમું કૃત્ય **जिणधणवुड्ढी** અર્થાત્—**'જિનદ્રવ્યની વૃદ્ધિ'** પણ બતાવવામાં આવેલ છે આ જિન-દ્રવ્યની વૃદ્ધિ શી રીતે કરવી, તે સંબંધી વિવેચન કરતાં ટીકાકાર કહે છે કે

**"जिनधनस्य देवद्रव्यस्य वृद्धिर्मालोद्घट्टनेन्द्रमालादिपरिधानपरिधापनिकाधौतिकादिमोचनद्रव्योत्सर्पणपूर्वकारात्रिकविधानादिना ।"**

(જૂઓ પૃષ્ઠ ૧૬૧)

અર્થાત્—શ્રાવકે **દરવર્ષે** દેવદ્રવ્યની વૃદ્ધિ માટે આ કામો કરવાં:- માળ પહેરવી, ઇંદ્રમાળાદિ પહેરવી, પહેરામણી અને ધોતિયાં વિગેરે મૂકવાં તથા **દ્રવ્ય નાખવા પૂર્વક આરતી ઉતારવી.**

કોઇ પણ વાચક જોઇ શકશે કે—ઉપર્યુક્ત પાઠની અંદર ચઢાવાનું કે **બોલીનું** નામ માત્ર પણ નથી. તેમજ તે કૃત્યો પણ એવાં છે કે—જેમાં બોલીની જરૂર પણ નથી જોવાતી. છતાં પણ કોઇ કોઇ મહાનુભાવ ઉપર્યુક્ત પાઠને આગળ કરી તેના અર્થમાં '**ચઢાવો**' '**બોલી**' વિગેરે શબ્દનો વધારો કરી પોતાના પક્ષને સાચો ઠરાવવા પ્રયત્ન કરે છે. પરન્તુ ધ્યાનમાં રાખવું જોઇએ કે—બોલીની સાથે ઉપર્યુક્ત પાઠને કંઈ સંબંધ જ નથી. કારણ કે-ઉપરના પાઠમાં જે કૃત્યો બતાવવામાં આવ્યાં છે, તે **વાર્ષિકકૃત્યો** છે. નહિં કે **દૈનિકકૃત્યો. શ્રાદ્ધવિધિના** જે પાંચમા પ્રકાશનો આ પાઠ છે. તે પ્રકાશની શરૂઆતમાં જ લખવામાં આવ્યું છે કે—

"**उक्तं चातुर्मासिकं कृत्यम् । अथ वर्षकृत्यमुत्तरार्धेनोत्तरगाथया चैकादशद्वारैराह**"

અર્થાત્—ચાતુર્માસિક કૃત્ય કહ્યું, હવે ગાથાના ઉત્તરાર્ધથી અને પછીની ગાથાથી (દોઢ ગાથાથી) અગિયાર દ્વારવડે કરીને વાર્ષિકકૃત્ય કહેવામાં આવે છે.

વળી આ ઉપર્યુક્ત પાઠમાં બોલીનું કે ચઢાવાનું નામ પણ નથી. એટલે બન્ને રીતે આ પાઠ બોલીના પ્રસંગમાં ઉપયોગી નથી. હું ઉપર્યુક્ત પાઠમાંથી જે કંઇ બતાવવા માગું છું, તે એ છે કે—ઉપર્યુક્ત કાર્યોનું દ્રવ્ય-વસ્તુઓ પહેલાં દેવદ્રવ્યમાં લઇ જતા, પરન્તુ અત્યારે તેમાં ઘણો ફેરફાર થઈ ગયો છે. એ પ્રત્યક્ષ જોવાય છે; બલ્કે તેમાંના કેટલાક રિવાજો તો અત્યારે રહ્યા પણ નથી,

જે ઇંદ્રમાળા પહેરવાનું ઉપર કહેવામાં આવ્યું છે, તે હવે તો સંઘપતિયો પ્રાયઃ નકરો આપીનેજ પહેરે છે. નકરો પણ જેવોને તેવો કાયમ રહ્યો નથી. અવારનવાર તે પણ ફરતોજ રહ્યો છે. ત્યારે કહો પહેલાં આ ઇંદ્રમાળા નિમિત્તે જે દેવદ્રવ્યની આવક થતી હતી, તેમાં ફેરફાર થયો કે નહિં?

પરિધાપનિકા—અર્થાત્ પહેરામણી. પહેલાં ગૃહસ્થો વર્ષ દિવસે પહેરામણી નિમિત્તે વસ્ત્રો અથવા રોકડ રકમ દેવદ્રવ્યમાં આપતા હતા, પરન્તુ અત્યારે તે રિવાજ રહ્યો પણ નથી. કહો, દેવદ્રવ્યની આવકના આ માર્ગમાં ફેરફાર થયો કે નહિં ?

ઉપરના પાઠમાં વર્ષે વર્ષે દેવદ્રવ્યની વૃદ્ધિ માટે ધોતીયાં મૂકવાનું કહ્યું છે, પરન્તુ અત્યારે તે સાધારણ ખાતાની કલ્પનાથી મૂકાય છે, અને તેથીજ તેનો ઉપયોગ શ્રાવકો પૂજાના કામમાં કરે છે. ત્યારે કહો આ માર્ગમાં પણ ફેરફાર થયો કે નહિ ?

વળી આરતીમાં દ્રવ્ય મૂકવાનું દેવદ્રવ્યની વૃદ્ધિ માટે કહ્યું છે; છતાં અત્યારે કેટલેક સ્થળે તે દ્રવ્ય યાચકોને આપવામાં આવે છે, આ પણ ફેરફાર નહિ તો બીજું શું ?

દેવદ્રવ્યની વૃદ્ધિનો જે પાઠ આપીને કોઈ કોઈ પોતાનો પક્ષ સાચો ઠરાવવા પ્રયત્ન કરે છે; તેજ પાઠમાં બતાવેલ દેવદ્રવ્યની વૃદ્ધિનાં કારણોમાં ઉપર જણાવ્યા પ્રમાણે મ્હોટા મ્હોટા ફેરફારો થઈ ગયેલા જોવાય છે; ત્યારે શું આવા ફેરફારો કરનારને તેઓ ભવભ્રમણ કરનાર માને છે કે ? વળી જૂઓ—

પહેલાંના સમયમાં ગુરૂન્યુંછણાનું દ્રવ્ય યાચકો લઈ જતા હતા. (અત્યારે પણ કેટલેક સ્થળે યાચકો લઈ જાય છે) પરન્તુ પાછળથી તે દ્રવ્ય સાધારણખાતામાં લઇ જવાતું હોય, એમ **'श्राद्धविधि'**ના નીચે આપેલા પાઠથી સ્પષ્ટ થાય છે. **श्राद्धविधि**ના પૃ. ૭૭ માં તે પાઠ આ પ્રમાણે છેઃ—

**"साम्प्रतिकव्यवहारेण तु यद् गुरुन्युञ्छनादिना साधारणं कृतं स्यात्तस्य श्रावक-श्राविकाणामर्पणे युक्तिरेव न दृश्यते। शालादिकार्ये तु तद् व्यापार्यते श्राद्धैः।"**

અર્થાત્—સામ્પ્રતિક વ્યવહારવડે કરીને તો જે ગુરૂન્યુઞ્છનાદિનું દ્રવ્ય સાધારણમાં કરેલું હોય, તે શ્રાવક–શ્રાવિકાને આપવામાં યુક્તિજ દેખાતી નથી. શાળાદિ કાર્યમાં તો શ્રાવકો તેને વાપરી શકે છે.

આ ઉપરથી સ્પષ્ટ જોવાય છે કે—ગુરૂન્યુંછનાદિનું દ્રવ્ય સાધારણખાતામાં પણ લઈ જવાનો રિવાજ હતો. ત્યારે કહો, ગુરૂન્યુંછણાના દ્રવ્યમાં પણ ફેરફાર થયો કે નહિ ? આ પ્રમાણે ગુરૂન્યુંછણાનું દ્રવ્ય સાધારણખાતામાં લઈ જવાનું એજ કારણ જણાય છે કે—લોકો ગુરુભક્તિ નિમિત્તે ગુરૂન્યુંછણામાં ઘણું દ્રવ્ય કાઢવા લાગેલા, અને તેથી છેવટે એમ ઠરાવવામાં આવ્યું કે—' આ દ્રવ્ય સાધારણ ખાતામાં લઈ જવું. ' આવીજ રીતે સિદ્ધાચલજીમાં પણ કેટલાક ફેરફારો થઈ ગયેલા સુપ્રસિદ્ધ છે. જે દ્રવ્ય ભાટો લઈ જતા, તેમાંથી કેટલુંક દ્રવ્ય દેવદ્રવ્યમાં લઈ જવાને ઠરાવ્યુ. છેવટે પૂજાના નામમાં પણ ફેરફાર કરી નાખ્યો.

આમ સમયે સમયે પ્રાચીન રિવાજોમાં ફેરફારો થયાનાં એક નહિં, પરન્તુ સેંકડો દૃષ્ટાન્તો મળી શકે તેમ છે,

પાટણમાં પૂજ મૂકવાના દિવસે પહેલાં કસબી દુપટ્ટા અને સાડિયો વિગેરે કિંમતી વસ્તુઓ ( પોતપોતાની શક્તિ પ્રમાણે ) મૂકતા, અને તે દેરાસર ખાતે લઈ જતા. પાછળથી આ રિવાજને ફેરવીને શ્રાવકોના પૂજાના કામમાં આવે, એવાં ધોતીયાં વિગેરે મૂકવાનો રિવાજ દાખલ કર્યો; તેમ પૂજની રોકડ રકમ, જે દેરાસર ખાતે લઈ જતા, તે સાધારણ ખાતે લઈ જઈ તેનો ઉપયોગ કેશર–સૂખડમાં કરવા ઠરાવ્યું, કે જે કેશર–સૂખડ શ્રાવકો પણ વાપરી શકે. દેવદ્રવ્યની વૃદ્ધિના આ માર્ગમાં ફેરફાર થયો કે નહિ ?

તેજ પાટણનું બીજું દૃષ્ટાન્ત—તપાગચ્છના ઉપાશ્રયમાં સુપન ઉતારવાની ઉપજના વિભાગ પાડીને કેટલોક ભાગ દેરાસર ખાતે લઈ જતા, પાછળથી સંઘે એમ ઠરાવ્યું કે—' સુપન ખાતે જેટલી ઉપજ થાય, તે બધીએ ઉપાશ્રયની મરામત કરાવવામાં વાપરવી. અને તે પ્રમાણે તે ઉપજથી ઉપાશ્રય તૈયાર કરાવ્યો પણ ખરો. કહો, સંઘ પહેલેથી ઠરાવ કરીને તે ઉપજ તેમાં વાપરી, તો પછી તેને દોષિત કોણ ઠરાવી શકે તેમ છે ?

વળી જૂઓ—તેજ પાટણમાં પહેલાં એવો રિવાજ હતો કે કોઈ માણસ મરી જતું, તો તેની માનતના રૂપિયામાંથી દરેક દેરાસરે અ-

મુક રકમ ભેટ મોકલવામાં આવતી, પાછળથી સંઘમાં ઠરાવ કરીને તેને સાધારણખાતે લઈ જવા લાગ્ય.

વેરાવળમાં એક મુનિશ્રીના ઉપદેશથી બોલીના ભાવમાં ચોક્કસ ફેરફાર કરી અમુક રકમ સાધારણમાં લઈ જવાને ઠરાવેલું છે.

મુંબઈના કોટના દેરાસરમાં ઘીનો ભાવ ચાર રૂપિયા છે, તેમાંથી અમુક ભાગ સાધારણખાતામાં લઈ જવામાં આવે છે.

સાંભળવા પ્રમાણે **નાસિક**ના શેઠ–દીપચંદ નીહાલચંદના દેરાસરમાં બોલીની ઉપજ બધી સાધારણખાતામાં લઈ જવાય છે.

આવી રીતે અનેક સ્થળે પ્રચલિત રિવાજોમાં ફેરફારો થયેલા છે. ત્યારે શું આ પ્રમાણે ફેરફારો કરનારા સંઘો અને તે પ્રમાણે કરવાનો ઉપદેશ આપનારા મુનિઓ ભવભ્રમણ કરતાજ રહેશે? જો પ્રચલિત રિવાજોમાં ફેરફારો નજ થઈ શકતા હોય, તો ઉપર બતાવ્યા પ્રમાણેના સુધારા વધારા શાને માટે? મુંબઈના પ્રતિષ્ઠિત આગેવાન ગૃહસ્થોના કહેવાથી માલૂમ પડ્યું છે કે—જે મહાત્માશ્રી, પ્રચલિત રિવાજને ફેરવવામાં ભવભ્રમણનો ભય બતાવે છે, તે મહાત્માશ્રી પોતે જ્યારે મુંબઈમાં હતા, ત્યારે તેમણે પોતે બોલીના રિવાજમાં ચોક્કસ ફેરફાર કરી અમુક રકમ સાધારણખાતે લઈ જવાનો ઉપદેશ આપ્યો હતો. તે વખતે એક ગૃહસ્થે એમ પણ કહ્યું કે—'સાહેબ! આમ ફેરફાર કરવાથી કંઈ દોષ તો નહિ લાગે? ત્યારે તેમણે કહ્યું—'હું કહું છું ને, તમારે તે સંબંધી કંઈ વિચાર કરવાનો છેજ નહિ.'

પોતે જે વિષયનું પ્રતિપાદન કરતા હતા, તે વિષયનું બીજા પ્રતિપાદન કરે, એને શાસ્ત્રથી વિરૂદ્ધ બતાવવું–ભવભ્રમણનું કારણ બતાવવું, એનો અર્થ શો હોવો જોઈએ, તે વાચકો સ્વયં સમજી શકશે. અસ્તુ?

મહાનુભાવો, ઉપર ટાંકી બતાવેલાં અનેક દૃષ્ટાન્તોથી સમજી શકાયું હશે કે–સમયાનુસાર કોઈ પણ રિવાજોનો ફેરફાર સંઘ અવશ્ય કરી શકે છે, અને તે પ્રમાણે ફેરફારો થતા પણ આવ્યા છે. જો તે પ્રમાણે ફેરફારો ન થતા હત, તો અત્યારે સાધુઓના આચાર–વિચારોમાં—અને ગૃહસ્થોની પ્રવૃત્તિયોમાં પ્રાચીન અવસ્થા કરતાં આકાશ–

પાતાળ જેટલું અંતર જોવાતજ નહિ. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પ્રમાણે વર્તવાની જે આજ્ઞા પ્રભુએ ફરમાવી છે, તેનો હેતુ શો છે? સમયાનુસાર આવા ફેરફારો કરવાથી જેઓ ભવભ્રમણનો ભય બતાવે છે, તેઓ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ને ક્યાં ચરિતાર્થ કરશે? એ કોઈ બતાવશે કે?

ધ્યાનમાં રાખવું જોઇએ કે—મનુષ્યના જેવા પરિણામ હોય છે, તેવોજ પુણ્ય-પાપનો બંધ થાય છે. કોઈ પણ કાર્યમાં પરિણામ કેવા છે, તેજ મુખ્ય તથા જોવાનું છે. જો પરિણામ ઉપર આધાર ન રાખવામાં આવે, તો ડગલે ને પગલે મનુષ્યો પાપથી બચી શકેજ નહિ. **શ્રાદ્ધવિધિ** અને **ધર્મસંગ્રહ** વિગેરે અનેક ગ્રન્થોમાં આજ વાતની પુષ્ટિ કરવામાં આવી છે.

જૂઓ—**ધર્મસંગ્રહ** ના પૃ. ૧૬૭ માં લખવામાં આવ્યું છે કે—

**"स्वगृहदीपश्च देवदर्शनार्थमेव देवाग्रे आनीतोऽपि देवसत्को न स्यात्। पूजार्थमेव देवाग्रे मोचने तु देवसत्क एव, परिणामस्यैव प्रामाण्यात्।"**

અર્થાત્—પોતાના ઘરનો દીવો દેવદર્શનને માટેજ દેવની આગળ લાવવામાં આવ્યો હોય, તો પણ દેવસંબંધી અર્થાત્ દેવદ્રવ્ય તરીકે થતો નથી. **પૂજાને માટેજ દેવ આગળ મૂકવામાં આવે, તો દેવદ્રવ્ય તરીકે જ થઇ શકે.** કારણકે—પરિણામનુંજ પ્રામાણ્ય ગણવામાં આવેલું છે.

મતલબકે—અહિં એના એવા પરિણામ છેજ નહિ કે-હું આ દીવો દેવપૂજા માટે વાપરૂં. માત્ર પ્રભુના દર્શન માટેજ લાવેલ છે. હા, જો દીપકપૂજા માટે મૂકે, તો તે જરૂર દેવસંબંધી ગણાય.

આવીજ રીતે **શ્રાદ્ધવિધિ** ના ૭૯ મા પૃષ્ઠમાં પણ આ પ્રમાણે પાઠ આપવામાં આવેલો છે:—

**"स्वगृहार्थकृतदीपस्य देवदर्शनार्थमेव देवाग्रे आनयनेऽपि देवसत्कत्वं न स्यात्, पूजार्थमेव देवाग्रे मोचने तु देवसत्कत्वं"**

અર્થાત્—પોતાના ઘરને માટે કરેલો દીવો, દેવદર્શન માટેજ જો દેવની આગળ લાવવામાં આવે, તો પણ તે દેવદ્રવ્ય તરીકે થતો નથી. **પૂજાને માટેજ** દેવ આગળ મૂકવાથી દેવદ્રવ્ય તરીકે ગણાય છે.

આગળ ચાલતાં **શ્રાદ્ધવિધિ**ના તેજ પૃષ્ઠમાં કહેવામાં આવ્યું છે કે–

**" स्वसत्कं तु साबाणजवनिकादि कियद्दिनानि देवगृहादौ विलोक्यमानत्वेन व्यापारणाय मुक्तमपि देवादिसत्कं न स्यात्, अभिप्रायस्यैव प्रमाणीकरणात् । अन्यथा स्वभाजनस्थनैवेद्यढोकने भाजनानामपि देवसत्कीभवनप्रसङ्गः ।"**

અર્થાત્—પોતાનો તંબૂ ( સામિયાનો ) અને કનાત ( પડદો ) વિગેરે કેટલાક દિવસો સુધી દેવમંદિર વિગેરેમાં જોવાવડે કરીને વાપરવા માટે મૂક્યો હોય, પરન્તુ તે દેવદ્રવ્ય તરીકે થતો નથી. કારણ કે અભિપ્રાયનુંજ પ્રામાણ્ય ગણવામાં આવેલ છે. ( અર્થાત્–દેવસંબંધી કરી દેવાનો ત્યાં તેનો અભિપ્રાય જ નથી. ) જો તેમ ન હોય, તો પોતાના જે વાસણમાં નૈવેદ્ય ભગવાન્‌ની આગળ ચઢાવવામાં આવે છે, તે વાસણ પણ દેવદ્રવ્યનું થઈ જવાનો પ્રસંગ આવી જાય. કારણ કે અહિં **નૈવેદ્યજ** ચઢાવવાનો અભિપ્રાય છે. વાસણ ચઢાવવાનો નથી.

આવાં અનેક દૃષ્ટાન્તોથી સિદ્ધ થાય છે કે–મનુષ્યના જેવા પરિણામ હોય, તેવાજ પ્રકારે પુણ્ય–પાપ બંધાય છે. અને આમ હોવાથી જ કોઈ પણ રિવાજમાં સંઘ ફેરફાર કરતો આવ્યો છે. અને કરી પણ શકે છે. આવા અનેક રિવાજોમાં પરિવર્ત્તનો થયાનાં દૃષ્ટાન્તો ઉપર આપવામાં આવ્યાં છે. હજૂ પણ લગાર ઉંડા ઉતરીને જોવાથી માલૂમ પડશે કે—આપણા ચાલુ રિવાજો પણ એક સરખા જોવાતા નથી. જૂઓ–ઉપધાનનો નકરો. કોઈ સ્થળે કંઈ લેવાય છે, તો કોઈ સ્થળે કંઈ. એટલુંજ નહિ, પરંતુ એકજ સ્થાનમાં એકજ વખતે પણ કોઈની પાસેથી પૂરેપૂરો નકરો લેવામાં આવે છે, તો કોઇની પાસેથી અડધો લેવાય છે, જ્યારે કોઇની પાસેથી નથી પણ લેવાતો. અર્થાત્–ઉપધાન કરનારની શક્તિને જોઇને તેની પાસેથી નકરો લેવામાં આવે છે. ત્યારે તેટલો ઓછો નકરો આપનાર અને ઓછો નકરો લેનારને શું ભવભ્રમણ કરનાર સમજવા ? ભગવાન્‌ની આરતી કોઈ સ્થળે પાંચ ઉતારે છે તો કોઇ સ્થળે એક ઉતારે છે. અર્થાત્—કોઈ સ્થળે પાંચ પાંચ સાત સાત આરતીનું ઘી બોલાય છે, તો કોઈ સ્થળે માત્ર એકજ આરતીનું ઘી બોલાય છે. તો તે પ્રમાણે થોડી આરતીઓ બોલવાનો

રિવાજ રાખનાર ટ્રસ્ટીઓને શું ભવભ્રમણ કરનાર સમજવા ? સમજી શકાય એવી હકીકત છે કે—જ્યાં જેવી અનુકૂળતા—જ્યાં જેવી શક્તિ જોવાઇ, ત્યાં તેવા પ્રકારના રિવાજો રાખવામાં આવેલા છે. આ હકીકત જ સ્પષ્ટ રીતે બતાવી આપે છે કે—**" બોલી બોલવાના રિવાજો એ આપણી કલ્પનાના રિવાજો છે. અને તેટલા માટે તેમાં ઉચિત રીતે સમયાનુકૂળ ફેરફાર કરવામાં લગાર માત્ર પણ શાસ્ત્રીય દોષ જણાતો નથી. "**

ટૂંકમાં કહીએ તો—દેરાસરો વિગેરેની રક્ષાનાં પૂરાં સાધનો જે વખતે નહિં હતાં, તે વખતે જે બોલીઓનું દ્રવ્ય દેવદ્રવ્યમાં લઇ જવાનું સંઘે ઠરાવેલું; તે બોલીઓનું દ્રવ્ય હવે પછી સાધારણ ખાતામાં લઇ જવાનું ગામે ગામના સંઘોએ ઠરાવવું જોઇએ; કારણ કે—એકજ ક્ષેત્રમાં વધુ પાણી નાખી તરબોળ કરવું, અને બીજાં ક્ષેત્રોને બિલકુલ સૂકાંજ રાખવાં, આને કોઈ પણ બુદ્ધિમાન સારૂં કાર્ય ગણી શકશે નહિ. મને તો લાગે છે કે—જેઓ આ મુદ્દાની હકીકત સમજવા છતાં પણ **સાધારણ** ખાતામાં નહિં લઇ જવા માટે આગ્રહ કરે છે, એ એમનો દેવદ્રવ્ય ઉપરનો ખોટો મોહ અથવા સાધારણ કરતાં દેવદ્રવ્યની વધારે ઉત્કૃષ્ટતા સમજવાનું જ પરિણામ જણાય છે. પરન્તુ વસ્તુતઃ તેવું કંઈ છે જ નહિ. શાસ્ત્રકારોએ તો દેવદ્રવ્ય અને સાધારણદ્રવ્યને એક સરખાંજ બતાવેલ છે. અર્થાત્ દેવદ્રવ્યના ભક્ષણથી પાપ લાગે છે, અને સાધારણના ભક્ષણથી પાપ નથી લાગતું, એવું કંઈ છે જ નહિ. જૂઓ—' **संबोधसप्तति** ' ના પૃ—પર માં શાસ્ત્રકાર શું કહે છે:—

**" देवद्रव्यवत्साधारणद्रव्यमपि वर्धनीयमेव, देवद्रव्यसाधारणद्रव्ययोर्हि वर्धनादौ तुल्यत्वश्रुतेः ।"**

અર્થાત્—દેવદ્રવ્યની માફક સાધારણ દ્રવ્યને પણ વધારવું. કારણ કે—દેવદ્રવ્ય અને સાધારણદ્રવ્યના વધારવામાં શાસ્ત્રને વિષે તુલ્યત્વશ્રુતિ છે. અર્થાત્—બન્નેની વૃદ્ધિમાં સરખાપણું બતાવ્યું છે. આગળ ચાલતાં તેજ ગ્રંથકાર કહે છે કે—

**" देवस्सं नाणदव्वं च साधारणधणं तहा ।**
**सावएहिं तिहा काउं नेयव्वं वुड्ढिमायरा" ॥ १ ॥**

અર્થાત્—દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય અને સાધારણદ્રવ્ય–એ ત્રણેની શ્રાવકોએ આદરપૂર્વક વૃદ્ધિ કરવી.

આ ઉપરથી પણ સ્પષ્ટ રીતે સમજાય છે કે–સાધારણદ્રવ્યની પણ દેવદ્રવ્યની માફકજ વૃદ્ધિ કરવી જોઇએ. વળી પણ કહ્યું છે:—

"चेइयदव्वं साहारणं च जो दुहइ मोहियमईओ ।
धम्मं च सो न याणइ अहवा बद्धाउओ नरए ॥ १ ॥"

અર્થાત્—ચૈત્યદ્રવ્ય ( દેવદ્રવ્ય ) અને સાધારણદ્રવ્ય–એ બંનેનો જે મોહિતમતિવાળો પુરૂષ નાશ કરે છે, (અથવા ભોગ કરે છે) તે ધર્મને જાણતો નથી અથવા તે **નરકનું** આયુષ્ય બાંધે છે.

કેટલો બધો સરસ પાઠ! દેવદ્રવ્યની માફક સાધારણની પણ ઉપેક્ષા કરનાર–તેને ભોગવનાર–નષ્ટ કરનારને શું ઓછો દંડ બતાવ્યો? **સાધારણ**દ્રવ્યને માટે પણ આટલું બધું કહેલું હોવા છતાં નથી સમજાતું કે દેવદ્રવ્ય ઉપર આટલી બધી મુગ્ધતા કેમ રખાય છે? અને સાધારણદ્રવ્ય તરફ કેમ ઉપેક્ષા કરાય છે? અરે, એથી વધારે દિલગીરીની વાત કઇ હોઇ શકે કે–કેટલાક ધર્મગુરૂઓ પણ એમજ સમજીને ઉપદેશ આપે છે કે–દેવદ્રવ્યના વધારાથીજ મોક્ષ મળવાનો છે, સાધારણદ્રવ્ય તો કંઇ ચીજ જ નથી. પરંતુ મારે કહેવું જોઇએ કે–ધર્મગુરૂઓએ ઉપદેશ આપતી વેળા લાભાલાભનો વિચાર કરવાની પહેલી જરૂર છે. ક્યો રિવાજ ક્યા કારણથી પડ્યો? હવે તેમાં ફેરફાર કરવાની જરૂર છે કે નહિ? ઇત્યાદિ પહેલાં જ વિચારવું જોઇએ. 'પાછળથી ચાલ્યું આવે છે, માટે તેમાં ફેરફાર કરી શકાય જ નહિ' એવો ખોટો આગ્રહ રાખવો, એ સમયને નહિ ઓળખવાનું જ પરિણામ છે. આતો એના જેવું થયું કે–સો શ્રાવકો પ્રતિક્રમણ કરવા બેઠા, અંધારૂં થઇ ગયું, ચાલીસ લોગસ્સના કાઉસગ્ગમાં એકનો લગાર હાથ હાલ્યો અને બીજાને અડક્યો, એટલે બીજાએ જાણ્યું કે વિધિમાં આમજ થતું હશે, એટલે બીજાએ ત્રીજાને હાથની કોણી અડકાવી, ત્રીજાએ ચોથાને, ચોથાએ પાંચમાને–એમ ૨૫–૫૦ નંબર સુધી કોણી મારતા ગયા. સૌના મનમાં એમ થયું કે–ક્રિયા કરવામાં આવી વિધિ આવતી હશે. છેવટ જતાં જ્યારે એક માણસને એમ થયું કે–આ

માણસે મને કોણી કેમ અડાડી, ત્યારે તેણે પૂછયું—' અરે આમ કેમ કરે છે ' ત્યારે તેણે જવાબ આપ્યો—**बैठ रे, पीछेसे चली आती है ?** આનો અર્થ શો ? પાછળથી ચાલ્યું આવે છે, માટે ચાલવાજ દેવું ? એનું મૂળ કારણ તપાસવું જ નહિં ? ' શા કારણથી ચાલ્યું આવે છે ? ' આમ નહિ અને આમ કેમ કર્યું ?' ઇત્યાદિ જ્યાં સુધી વિચારવામાં ન આવે, ત્યાંસુધી કોઇપણ ક્રિયાનું–કોઇપણ રિવાજનું રહસ્ય સમજવામાં આવેજ ક્યાંથી ? બાકી શાસ્ત્રકારો તો ચોખ્ખી રીતે ફરમાવી ગયા છે કે–**ગૃહસ્થોએ ધર્મમાર્ગમાં દ્રવ્યનો વ્યય કરવો હોય, તો મુખ્યતયા સાધારણમાંજ કરવો.** જૂઓ. ' **श्राद्धविधि** ' ના પૃ. ૮૦ માં કહેવામાં આવ્યું છે કે—

" **धर्मव्ययश्च मुख्यवृत्त्या साधारण एव क्रियते, यथा यथा विशेषविलोक्यमानं धर्मस्थाने तदुपयोगः स्यात् । सप्तक्षेत्र्यां हि यत्सीदत् क्षेत्रं स्यात्तदुपष्टम्भे भूयान् लाभो दृश्यते ।**"

અર્થાત્—**મુખ્યતયા ધર્મને વિષે વ્યય સાધારણ ખાતામાં જ કરવો, કારણ કે–જેમ જેમ વિશેષ જોવામાં આવે, તેમ તેમ ધર્મસ્થાનમાં તેનો ઉપયોગ થઇ શકે, સાત ક્ષેત્રોમાં જે સીદાતું ક્ષેત્ર હોય, તેને પોષવામાં ઘણો લાભ થાય છે.**

આવી જ રીતે ' **धर्मसंग्रह** ' ના પૃ–૧૬૮ માં પણ કહેવામાં આવ્યું છે કે:—

" **मुख्यवृत्त्या धर्मव्ययः साधारण एव क्रियते, तस्याशेषधर्मकार्ये उपभोगागमनात् ।**"

અર્થાત્—**મુખ્યતયા ધર્મને વિષે વ્યય સાધારણ ખાતામાંજ કરવો; કારણ કે–તેનો તમામ ધર્મકાર્યોમાં ઉપભોગ થઇ શકે છે.**

આટલાજ પાઠો નહિં, પરંતુ અનેક ધર્મગ્રંથોમાં સાધારણની પુષ્ટિના સંખ્યાબંધ પાઠો હોવા છતાં અને વિદ્વાન્ ગણાતા સાધુઓ તે પાઠો નિરંતર વાંચતા હોવા છતાં તેઓ શ્રાવકોને આવી ખરી હકીકત સમજાવવામાં પાછા રહે છે, એનું શું કારણ હશે, તે કંઈ સમજી શકાતું નથી. એક તરફથી ગામે ગામ સાધારણનો તોટો, અને દેવદ્ર-

વ્યનો દુરૂપયોગ દેખીતી રીતે થઈ રહેલો જોવાય છે, છતાં દેવદ્રવ્યની વૃદ્ધિનોજ ઉપદેશ આપવો અને જે બોલિયોનું દ્રવ્ય સાધારણ ખાતામાં લઈ જવામાં એક લગાર માત્ર પણ શાસ્ત્રીય દોષ ન દેખાતો હોય; તે બોલિયોનું દ્રવ્ય પણ **સાધારણ ખાતા**માં લઇ જવામાં ખોટી રીતે **ભવભ્રમણ**નો ભય બતાવવા બહાર આવવું, એ શું જાણી જોઇને લોકોને આડે માર્ગે લઇ જવા બરાબર નથી ?

કદાચ કોઈ એમ ધારે કે–' જો **સાધારણદ્રવ્ય** વધારવામાં આવશે, તો તેના લાડુ કરીને, લોકો ખાઇ જશે.' તો તે ખોટો ભ્રમજ છે. સાધારણદ્રવ્ય પણ દેવદ્રવ્યના જેટલોજ અધિકાર ધરાવે છે, એ વાત પહેલાં આપણે જોઈ ગયા છીએ. એટલે કે–જેમ દેવદ્રવ્યના ભક્ષણમાં પાપ સમાએલું છે, તેવીજ રીતે સાધારણદ્રવ્યના ભક્ષણમાં પણ પાપ સમાએલું જ છે. સાધારણદ્રવ્યનો એ અર્થ છેજ નહિં, કે કોઈ તેનું ભક્ષણ કરી જાય, તો તેને પાપ નજ લાગે. સાધારણદ્રવ્યને સાત ક્ષેત્રમાં વાપરવાનું જણાવ્યું, તેમાં શ્રાવક–શ્રાવિકા પણ આવી જાય છે; પરન્તુ તે શ્રાવક–શ્રાવિકા કેવાં ? જેઓ દુઃખી હોય, અવસ્થાથી હીન થઇ ગયાં હોય અને નિર્વાહ માટે બીજું કંઈ સાધન ન રહ્યું હોય તેવાં; નહિં કે—સારા સારા ગૃહસ્થો તેનો ઉપભોગ કરી શકે. વળી ઉપર કહ્યાં તેવાં દુઃખી શ્રાવક–શ્રાવિકાઓ પણ, સંઘ આપે તોજ ઉપયોગ કરી શકે. '**સીદાતા કોઇ પણ ક્ષેત્રમાં સાધારણ ખાતાના દ્રવ્યનો વ્યય થઇ શકે,**' એ પાઠજ બતાવી આપે છે કે–જેઓ નિરાધાર થઇ ગએલ છે,–દુઃખી છે, તેઓને **સંઘ આપે, તો જ તે તેને** વાપરી શકે. જૂઓ **શ્રાદ્ધવિધિ** ના પૃ. ૭૭ માં આપેલો પાઠઃ—

**"साधारणमपि द्रव्यं संघदत्तमेव कल्पते व्यापारयितुं, न त्वन्यथा। संघेनाऽपि सप्तक्षेत्रीकार्यं एव व्यापार्यं, न मार्गणादिभ्यो देयं ॥"**

અર્થાત્—સાધારણદ્રવ્ય પણ સંઘે આપ્યું હોય, તોજ વાપરવાને કલ્પી શકે, અન્યથા નહિં. વળી સંઘે પણ તે દ્રવ્ય સાતક્ષેત્રના કાર્યમાંજ વાપરવું જોઇએ. યાચક વિગેરેને ન આપવું.

આ ઉપરથી સ્પષ્ટ દેખાય છે કે—સાધારણદ્રવ્યને પણ દરેક વાપરવાને અધિકારી નથી. ઉચિત રિતીએજ સંઘ તેનો વ્યય કરી શકે

છે. માત્ર સાધારણદ્રવ્ય અને દેવદ્રવ્યમાં એટલોજ ફરક છે કે દેવદ્રવ્ય માત્ર દેવ સંબંધી–મૂર્ત્તિ–મંદિરના કાર્યમાં આવી શકે છે, જ્યારે સાધારણદ્રવ્ય સાતે ક્ષેત્રોમાં વાપરી શકાય છે. તે સાતે ક્ષેત્રોમાં પણ જે સીદાતાં હોય, તેમાંજ પ્રધાનતયા વ્યય કરવાનો છે, નહિ કે જમવા જમાડવામાં.

આવી રીતે જે ખાતું સાતે ક્ષેત્રોનું પોષણ કરી શકતું હોય, તે ખાતામાં દ્રવ્યનો વધારો કરવો, એ વધારે ઉપયોગી કહી શકાય. અને એવી રીતે તે ખાતાને પોષવા માટે લોકોને સૂચના આપનાર અથવા અમૂક વર્ષોથી ચાલી આવતી રૂઢીમાં ફેરફાર કરવાની ભલામણ કરનારને ભવભ્રમણનો ભય બતાવવો, એ શાસ્ત્રોના રહસ્યને નહિં સમજવાનું જ પરિણામ છે. સાંભળવા પ્રમાણે આણંદજી કલ્યાણજીની પેઢીમાં દેવદ્રવ્યનો વધારો છે, અને તેથી સાધારણ ખાતાને પોષવા તરફ તેના કાર્યવાહકોનું ધ્યાન ખેંચાતાં તેમની સૂચનાથી સિદ્ધાચલજીની પેઢીના કાર્યવાહકો યાત્રાળુઓને દેવદ્રવ્યમાં નહિ ભરતાં સાધારણખાતામાંજ રકમો ભરવાની ભલામણો કરે છે; ત્યારે શું, તે પ્રમાણે લોકોને ચેતવવાથી તેઓ ભવભ્રમણ કરનાર થશે ? અસ્તુ.

**સારાંશ**—આખા લેખનો સારાંશ એજ છે કે–રિવાજો હમેશાં સમયાનકૂળ ફરતા આવ્યા છે, અને ફરી શકે છે. આરતી–પૂજા વિગેરેની બોલીનો રિવાજ, સંઘની કલ્પના વાળો છે અને તે રિવાજ ખાસ કારણસર પડેલો છે. વસ્તુતઃ તે રિવાજ સુવિહિત આચરિત નથી. એમ હીરવિજયસૂરિ મહારાજ સ્પષ્ટપણે કહે છે. વળી દેવદ્રવ્ય કરતાં સાધારણમાં વધારો કરવાથી સાતે ક્ષેત્રોની પુષ્ટિ થઈ શકે છે. **श्राद्धविधि, धर्मसंग्रह, संबोधसप्तति** વિગેરે ગ્રંથોમાં દેવદ્રવ્ય અને સાધારણદ્રવ્ય–એ બન્નેની વૃદ્ધિ કરવા તરફ સરખી રીતે ધ્યાન આપવાનું જણાવ્યું છે. તેમજ કોઇ અપેક્ષાએ **સાધારણદ્રવ્યને** વધારે મહત્ત્વ આપેલું છે. માટે જે બોલીની ઉપજ દેવદ્રવ્યમાં લઈ જવાતી હોય, તે બોલીની ઉપજ હવે પછી સાધારણ ખાતામાં લઇ જવાનો સંઘ ઠરાવ કરે તો તે ખુશીની સાથે કરી શકે છે, અને તેમ કરવામાં લગાર માત્ર પણ શાસ્ત્રીય દોષ જણાતો નથી. માટે દરેક શહેરો અને

ગામોના સંઘોને ભલામણ કરૂં છું કે—જો ડૂબતી જૈન સમાજને બચાવવા માગતા હો, સીધી કે આડકતરી રીતે દેવદ્રવ્યના ભક્ષણથી લોકોને દૂર રાખવા ચાહતા હો અને સાતે ક્ષેત્રોને પુષ્ટ કરી જૈનસમાજના પ્રત્યેક અંગને ફૂલેલું-ફળેલું જોવા માગતા હો, તો આ મહત્ત્વના વિષયને ધ્યાનમાં લ્યો, અને જે સત્યમાર્ગ જણાતો હોય, તે તરફ પ્રવૃત્તિ કરી તમારી આસપાસના બીજા ગામોના સંઘોને પણ તે પ્રવૃત્તિ તરફ વળવા ભલામણ કરો.

આટલી ભલામણ કરી, આ બીજી પત્રિકાને અહિંજ અટકાવું છું, અને હવે પછી નિકળનારી **ત્રીજી પત્રિકામાં** આજ પ્રમાણે શાસ્ત્રોના પાઠો સાથે '**દેવદ્રવ્યની વૃદ્ધિ શી રીતે કરવી ?**' આ મહત્ત્વનો વિષય વાંચવાને ઉત્સુક રહેવાનો અનુરોધ કરી વિરમું છું.

---

## પત્રિકા નં. ૩

### દેવદ્રવ્યની વૃદ્ધિ શી રીતે કરવી ?

દેવદ્રવ્ય, ગુરૂદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય અને સાધારણ દ્રવ્ય વિગેરે ધાર્મિક દ્રવ્યોના અનેક ભેદો જોવામાં આવે છે. આ ભેદોનો મુખ્ય આધાર દ્રવ્ય આપનાર મનુષ્યના સંકલ્પ ઉપર રહેલો છે. જે દ્રવ્ય, મનુષ્ય જેવી સંકલ્પબુદ્ધિથી અર્પણ કરે છે, તે દ્રવ્ય તે ખાતાનું ગણાય છે. દેવને સમર્પણ બુદ્ધિથી અપાયેલ દ્રવ્ય-વસ્તુ **દેવદ્રવ્ય** કહેવાય છે. તેવીજ રીતે ગુરૂદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, અને સાધારણ દ્રવ્યાદિ માટે પણ સમજવાનું છે. શાસ્ત્રકારો પણ દેવદ્રવ્યાદિની ઉપર પ્રમાણેજ વ્યાખ્યા કરે છે. જૂઓ-**द्रव्यसप्तति**ની બીજી ગાથામાં કહ્યું છેઃ—

**" ओहारणबुद्धीए देवाईणं पकप्पिअं च जया ।**
**जं धण-धन्नप्पमुहं तं तद्दव्वं इहं णेयं " ॥ १ ॥**

અર્થાત્—અવધારણ એટલે નિશ્ચયવાળી બુદ્ધિથી દેવાદિકને માટે

જે ધન–ધાન્યાદિ વસ્તુઓ જ્યારે કલ્પેલી હોય ( ત્યારથી ) તેને દેવાદિનું દ્રવ્ય જાણવું.

કહેવાની મતલબ કે–જ્યાં સુધી કોઇ પણ વસ્તુને ( દ્રવ્યાદિકને ) કોઇ પણ કાર્યમાં સમર્પણ કર્યાનો દૃઢ સંકલ્પ કર્યો નથી, ત્યાં સુધી તે વસ્તુ તે ખાતાની થઇ શકતીજ નથી. શાસ્ત્રોમાં દૃષ્ટાન્ત છે કે–' **મૃગ** ' નામનો બ્રાહ્મણ, કે જે જૈન હતો; તેણે પ્રભુપૂજાને માટે પોતાની સ્ત્રી પાસે ભોજન તૈયાર કરાવ્યું. ભોજન તૈયાર થયું. એવામાં એક મુનિ ભિક્ષાર્થે ત્યાં આવી ચઢ્યા. એટલે તે બ્રાહ્મણ, તેની સ્ત્રી અને તેની **વારૂણી** નામની પુત્રીએ તે ભોજનમાંથી થોડુંક અત્યન્ત ભાવપૂર્વક સાધુને પણ વ્હોરાવ્યું. પરિણામે એ ત્રણેએ રાજકુળમાં ઉત્પન્ન થઇ અનેક સુખની પ્રાપ્તિ કરી. પછી ભવાન્તરે તે ત્રણેએ મુક્તિસુખને પ્રાપ્ત કર્યું. ( જૂઓ–**द्रव्यसप्ततिका**ની બીજી ગાથાની ટીકા. )

આ શું બતાવે છે ? એજ કે,–**કોઇપણ ખાતામાં કંઇપણ વસ્તુ અર્પણ કરીજ દીધી.** ' એવો નિશ્ચયભાવ નથી થયો, ત્યાં સુધી તે વસ્તુ તે ખાતાની ગણી શકાતી નથી, ઉપર્યુક્ત બ્રાહ્મણે બેશક ભગવાન્‌ને નૈવેદ્ય ચઢાવવા માટે ભોજન તૈયાર કરાવ્યું હતું; પરન્તુ હજૂ તે રસોઇ તેણે ભગવાન્‌ને ચઢાવી દીધેલી નહિં હોવાથી–અર્પણબુદ્ધિથી અર્પણ કરેલી નહિ હોવાથી–તેનો બીજા કોઇ કાર્યમાં વ્યય કરવાનો તે અધિકારી હતો. અને તેટલા માટેજ તેણે તે ભોજન સાધુને વ્હોરાવ્યું. અત્યારે પણ જોઇએ છીએ કે–ઘણે સ્થળે શાન્તિસ્નાત્ર થાયછે, ત્યારે તેમાં મૂકવા માટે નૈવેદ્ય ખાસ સ્વતંત્ર રસોડું ખોલીને બનાવવામાં આવે છે. આપણે જાણીએ છીએ કે–આ સ્વતંત્ર રસોઇ પૂજામાં મૂકવા માટે તૈયાર થાય છે; છતાં પણ તે રસોઇ–મિઠાઈ વિગેરે બીજા પણ કાર્યમાં લઈ શકાય છે, કારણ કે–રસોઈ ગમે તેટલી બનાવવામાં આવે, પરન્તુ પૂજા નિમિત્તની તો, તેમાંથી જેટલી ભગવાન્‌ની આગળ ચઢાવાય છે; તેટલીજ થાય છે. હા, ભગવાન્‌ની આગળ સમર્પણ કરી દીધા પછી તે વસ્તુ વાપરવી કલ્પી શકે નહિ. આવાં અનેક દૃષ્ટાન્તોથી મેં મારી પહેલી અને બીજી પત્રિકામાં બતાવી આપ્યું છે કે–જ્યાં સુધી કોઇપિણ વસ્તુમાં કોઇપણ ખાતાને અંગે સમર્પણ બુદ્ધિ થતી નથી, ત્યાં સુધી તે વસ્તુ તે ખાતાની થઇ શકતી નથી. આંગીના દિ-

વસે લાખોનું ઝવેરાત ભગવાનના અંગ ઉપર ચઢાવવા છતાં, બીજા દિવસે આંગી ઉતારતાંજ તે પાછું પોતાને ઘેર લઇ જવામાં આવે છે એ શું ? એજ કે–તે ઝવેરાત કંઈ ભગવાનને અર્પણ કર્યું નથી હોતું આવાં કારણોથીજ હું મારી બીજી પત્રિકામાં પણ અનેક દૃષ્ટાન્તો, યુક્તિઓ અને શાસ્ત્રીય પ્રમાણોથી બતાવી ચૂક્યો છું કે—

**"જે દ્રવ્ય દેવદ્રવ્ય તરીકે નિર્માણ થઇ ચૂકયું છે–એકત્રિત થઇ ચૂકયું છે; તે તો મંદિરો અને મૂર્ત્તિયો સિવાય બીજા કોઇ કાર્યમાં ખરચી શકાય નહિં, પરન્તુ જે દ્રવ્ય હજી દેવદ્રવ્યમાં આવ્યુંજ નથી, અને જે દ્રવ્યને માટે કંઇપણ નિશ્ચય થયો નથી; તે દ્રવ્ય કયાં લઇ જવું, તેને માટે સંઘ ઉચિત લાગે તે માર્ગ ગ્રહણ કરી શકે છે. અત્યાર સુધી સંઘ તે પ્રમાણે માર્ગો ગ્રહણ કરતો આવ્યો છે અને તેમ કરવામાં કોઇ પણ જાતનો શાસ્ત્રીય બાધ પણ આવતો નથી."**

આ પત્રિકામાં હું જે કંઇ કહેવા માગું છું તે '**દેવદ્રવ્યની વૃદ્ધિ શી રીતે કરવી ?**' તે સંબંધી છે.

દેવદ્રવ્યની વૃદ્ધિના ઉપાયો જાણવા પહેલાં '**દેવદ્રવ્યની આવશ્યકતા**' સમજવી જરૂરની છે; પરન્તુ તે સંબંધી હું મારી પ્રથમ પત્રિકામાંજ ખુલાસો કરી ગયો છું કે—"**મૂર્ત્તિની સાથે દેવદ્રવ્યનો અતિ ઘનિષ્ઠ સંબંધ રહેલો છે. જેઓ મૂર્ત્તિને સ્વીકારે છે; તેમનાથી 'દેવદ્રવ્ય' નો નિષેધ થઇ શકે તેમ છેજ નહિં-કારણ કે–જ્યાં મૂર્ત્તિ હોય, ત્યાં મૂર્ત્તિને ઉપયોગી વસ્તુઓ જોઇએજ.**" સુતરાં, એક ગૃહસ્થને પોતાના ઘરને અંગે રાચ રચીલાની જેટલી જરૂર, તેટલીજ મૂર્ત્તિને અંગે તેને ઉપયોગી વસ્તુઓની જરૂર રહેલી છે. અથવા એક સાધુને પોતાના ચારિત્રની રક્ષાને માટે ઉપકરણો ( સાધનો ) ની જેટલી જરૂર, તેટલીજ મૂર્ત્તિને માટે તેને ઉપયોગી વસ્તુઓની જરૂર રહેલી છે. મૂર્ત્તિને માટે મંદિરો કરાવવાં, આભૂષણાદિ કરાવવાં, પ્રાચીન મંદિરોના જીર્ણોદ્ધારો કરાવવા અને કોઇપણ રીતે થતી ભગવાનની આશાતનાઓ દૂર કરાવવી–એ વિગેરે કાર્યો માટે દેવદ્રવ્ય ખાસ જરૂરનું છે, એમાં કોઇથી પણ ના કહી શકાય તેમ નથી. અને તેટલા માટે જ હું મારી પ્રથમ બે પત્રિ-

કાઓમાં જોર–શોરથી **દેવદ્રવ્યની** આવશ્યકતા સ્વીકારી ગયોછું. છતાં પણ કેટલાકો તરફથી એવો કોલાહલ કરી મૂકવામાં આવ્યો છે કે– 'જાણે હું દેવદ્રવ્યનો નિષેધક છું, હું દેવદ્રવ્યની બધી આવકોને બંધ કરી દેરાસરો અને મૂર્ત્તિયોને ઉત્થાપવા માગું છું.' આવા ખોટા આક્ષેપો કરનારા જીવો પ્રત્યે ખરેખર હું ભાવદયાજ લાવું છું. તેમના બિનપાયાદાર કર્ત્તવ્ય માટે વિશેષ નહિં કહેતાં માત્ર એટલુંજ કહીશ કે–હાથકંકણને આરસીની જરૂર હોતી નથી. જેઓ મારી પત્રિકાઓને ધ્યાન પૂર્વક વાંચશે, તેમને સ્વયં સત્ય હકીકતની ખાતરી થતાં તેઓ પણ એવા અસત્ય આક્ષેપો કરનારા પ્રત્યે દયાજ ચિંતવશે. કહેવાની મતલબ કે દેવદ્રવ્યની વૃદ્ધિ માટે શાસ્ત્રકારો જે કથન કરી ગયા છે, એમાં કોઈથી પણ ના કહી શકાય તેમ છેજ નહિં. શાસ્ત્રકારોએ દેવદ્રવ્યની વૃદ્ધિ માટે કેટલું બધું કહ્યું છે ? જૂઓ–**संबोधसप्ततिनी** ૬૬ મી ગાથામાં કહ્યું છેઃ—

**" जिणपवयणवुड्ढिकरं पभावगं नाणदंसणगुणाणं ।**
**वड्ढंतो जिणदव्वं तित्थयरत्तं लहइ जीवो ॥ ७६ ॥"**

અર્થાત્—જિનપ્રવચનની વૃદ્ધિ કરનાર અને જ્ઞાન–દર્શન ગુણોના પ્રભાવક–એવા જિનદ્રવ્યની વૃદ્ધિ કરનાર જીવ **તીર્થંકર**પણાને પ્રાપ્ત કરે છે.

આવીજ રીતે **श्राद्धविधि**ના ૭૪ મા પૃષ્ઠમાં, **द्रव्यसप्तति** ( પ્રસારક સભા–ભાવનગરથી છપાયેલ ) ના ૩૦ મા પૃષ્ઠમાં, **धर्मसंग्रह**ના ૧૬૭ મા પૃષ્ઠમાં, **संबोधप्रकरण**ના ૪ થા પૃષ્ઠમાં, **आत्मप्रबोध**ના ૭૧ મા પૃષ્ઠમાં અને **दर्शनशुद्धि**ના ૫૨ મા પૃષ્ઠમાં–વિગેરે અનેક ગ્રન્થોમાં જિનદ્રવ્યની વૃદ્ધિ કરનારને મોટું ફળ બતાવેલું છે.

શાસ્ત્રકારો આ પ્રમાણે માત્ર વૃદ્ધિનું ફળજ બતાવીને ચૂપ નથી રહ્યા, પરન્તુ તેમણે દેવદ્રવ્યની વૃદ્ધિનો માર્ગ પણ બતાવ્યો છે. અર્થાત્ 'વૃદ્ધિ શી રીતે કરવી' એ પણ બતાવ્યું છે. જૂઓઃ—

**आत्मप्रबोध**ના પૃષ્ઠ ૭૧ માં કહેવામાં આવ્યું છેઃ—

**" वृद्धिरत्र अपूर्वापूर्वद्रव्यप्रक्षेपादिनावसेया । सा च पंचदशकर्मादानकुव्यापारवर्जनसद्व्यवहारादिना एव कार्या । अविधिना तु तद्विधानं प्रत्युत दोषाय सम्पद्यते ।"**

અર્થાત્—દેવદ્રવ્યની વૃદ્ધિ અપૂર્વ-અપૂર્વ વસ્તુઓ નાખવા વડે કરીને કરવી. અને તે પંદર કર્માદાન તથા ખરાબ વ્યાપારને છોડીને **સદ્‌વ્યવહારવડે કરીનેજ** કરવી. (કારણ કે) અવિધિ વડે કરીને વૃદ્ધિ કરવાથી તો ઉલટો દોષ લાગે છે.

**દર્શનશુદ્ધિ**ના પૃષ્ઠ ૫૩ માં લખ્યું છેઃ—

**"उचितांशप्रक्षेपादिना कलांतरप्रयोगादिना वा वृद्धिमुपनयन् तीर्थंकरत्वं लभते जीवः।"**

અર્થાત્—ઉચિત ભાગના નાખવા વડે કરીને અથવા ઘરેણું વિગેરે રાખીને ધીરવા વડે કરીને વૃદ્ધિ કરતો જીવ તીર્થંકરપણાને પ્રાપ્ત કરે છે.

**ધર્મસંગ્રહ**ના પૃષ્ઠ ૧૬૭ માં કહ્યું છેઃ—

**"वृद्धिरत्र सम्यगरक्षणापूर्वाऽपूर्वधनप्रक्षेपादितोऽवसेया। वृद्धिरपि कुव्यापारवर्जं सद्व्यवहारादिविधिनैव कार्या।"**

અર્થાત્—દેવદ્રવ્યની વૃદ્ધિ, સમ્યક્‌પ્રકારે રક્ષણ અને અપૂર્વ-અપૂર્વ ધનના નાખવા વડે કરીને જાણવી. તે વૃદ્ધિ પણ કુવ્યાપારને છોડીને સદ્‌વ્યવહારાદિ વિધિપૂર્વકજ કરવી.

**શ્રાદ્ધવિધિ**ના પૃષ્ઠ ૭૪ માં પણ કહ્યું છેઃ—

**"वृद्धिरत्र सम्यग्रक्षणापूर्वापूर्वार्थप्रक्षेपादिना अवसेया।"**

અર્થાત્—વૃદ્ધિ સમ્યક્‌પ્રકારે રક્ષણ અને અપૂર્વ અપૂર્વ દ્રવ્યાદિ (વસ્તુઓ વિગેરે) નાખવા વડે કરીને જાણવી.

આ વિગેરે અનેક ગ્રંથોમાં દેવદ્રવ્યની વૃદ્ધિ શી રીતે કરવી? એ બતાવવામાં આવ્યું છે. ઉપરના પાઠો ઉપરથી આપણે સ્પષ્ટ રીતે જોઇ શકીએ છીએ કે-દેવદ્રવ્યની વૃદ્ધિ ભંડારમાં અનેક પ્રકારની ઉત્તમોત્તમ વસ્તુઓ નાખવા-મૂકવા વિગેરે વડે કરીને કરવાની છે. પછી તે ઉત્તમોત્તમ વસ્તુઓ (દ્રવ્યાદિ) ગમે તે નિમિત્તે ભંડાર-મંદિરને અર્પણ કરવામાં આવે, પરન્તુ તે દેવદ્રવ્યની વૃદ્ધિ અર્થેજ ગણાય છે. જૂઓ દેવદ્રવ્યની વૃદ્ધિ માટે કેવાં કેવાં કાર્યો કરવાનું શાસ્ત્રકારો ફરમાવે છેઃ—

**ધર્મસંગ્રહ**ના પૃષ્ઠ ૨૪૫ માં કહ્યું છેઃ—

देवद्रव्यवृद्ध्यर्थं प्रतिवर्षं एन्द्री अन्या वा माला यथाशक्ति ग्राह्या, एवं नवीनभूषणचन्द्रोदयादि यथाशक्ति मोच्यं।"

અર્થાત્—દેવદ્રવ્યની વૃદ્ધિને માટે પ્રતિવર્ષ ઇન્દ્રમાળા અથવા બીજી કોઈ માળા યથાશક્તિ ગ્રહણ કરવી. એવં નવીન ભૂષણ અને ચંદ્રવો વિગેરે મૂકવાં.

આવીજ રીતે **श्राद्धविधिના** પાંચમા પ્રકાશમાં જ્યાં શ્રાવકોનાં વાર્ષિક કૃત્યો ગણાવવામાં આવ્યાં છે. ત્યાં પણ કહેવામાં આવ્યું છે કે:—

" जिनधनस्य–देवद्रव्यस्य वृद्धिर्मालोद्‌घट्टनेन्द्रमालादिपरिधानपरिधापनिकाधौतिकादिमोचनद्रव्योत्सर्पणपूर्वकारात्रिकविधानादिना।"

(જૂઓ–પૃષ્ઠ ૧૬૧)

અર્થાત્—દેવદ્રવ્યની વૃદ્ધિ માળા ગ્રહણ કરીને, ઇંદ્રમાળા પહેરીને, પહેરામણી અને ધોતિયાં વિગેરે મૂકીને તથા દ્રવ્ય મૂકવા પૂર્વક આરતી ઉતારવાવડે કરીને કરવી.

ઉપર બતાવેલા બધાએ ઉપાયો જો કે દેવદ્રવ્યની વૃદ્ધિના ઉપાયો છે; પરન્તુ તે **બધાએ** દરેક સમયમાં એકજ પદ્ધતિથી પ્રચલિત રહી શક્યા નથી અને રહેવાના પણ નથી. કારણ કે–તેમાંના કેટલાકોમાં સંઘે ફેરફાર કરેલો જોવાય છે. દૃષ્ટાન્તમાં, ઇંદ્રમાળા વિગેરેના રિવાજમાં સંઘે ફેરફાર કરેલો આપણે પ્રત્યક્ષ અનુભવિએ છીએ, **તો પછી સંઘે દાખલ કરેલા બોલી વિગેરેના રિવાજમાં પણ શા માટે ફેરફાર ન થઇ શકે?** આ સિવાય એક બીજી હકીકત પણ ખાસ સમજવા જેવી છે. અને તે એ કે—ઇતિહાસ એ વાતને પુરવાર કરી આપે છે કે–મંદિરોની રક્ષાને માટે–તેના નિભાવને માટે કોઇ કોઇ સ્થળે તેના બનાવનારા અથવા ત્યાંના રાજાઓ તરફથી ગામ પણ આપવામાં આવેલાં છે, તેમ કોઇ કોઇ સ્થળે વ્યાપાર ઉપર કે ઘર દીઠ લાગાઓ નાખ્યાનાં પણ દૃષ્ટાન્તો મળે છે. જેમ—

**રાજા સિદ્ધરાજે સિદ્ધા**ચલજીને બાર ગામ આપ્યાં હતાં. હસ્તિકુંડીના રાજા **વિદગ્ધરાજે વા**સુદેવાચાર્યના ઉપદેશથી કરાવેલા મંદિર માટે કેટલાક લાગા કરી આપ્યા હતા. તેના પુત્ર **મમ્મટે** તે લાગાઓને મજબૂત કરી આપ્યા હતા. **પાલણપુરમાં** પહેલાં એક એક

ગુણપ્રત્યે સોપારીનો લાગો હતો; જે લાગાથી રોજ સોલમણ સોપારી મંદિરમાં આવતી હતી. રાણા **શ્રીકુંભકર્ણ**ના સમયમાં ( સં. ૧૪૯૧ માં ) શ્રીચિંતામણિપાર્શ્વનાથની પૂજા માટે દેલવાડા (મેવાડ ) માં માંડવી ઉપર ૧૪ ટંકાનો લાગો નાખવામાં આવ્યો હતો.

અત્યારે પણ ઉદેપુરના મહારાણાજીની તરફથી અનેક મંદિરોના સાધન માટે જમીન મળેલી મૌજૂદ છે, તેમ રોકડ રકમ પણ મળ્યાજ કરે છે. આવીજ રીતે પૂર્વ દેશમાં પણ ઘણાં મંદિરો એવાં છે કે જેનો નિર્વાહ તે તે મંદિરોને મળેલાં ગામો અથવા બાંધેલા લાગાઓથી ચાલે છે.

પરન્તુ ગામ, ગરાસ કે લાગા, દરેક ગામના દરેક દેરાસરોને માટે મળ્યા હોય અથવા મળી શકે એવું કંઈ નથી. અને તેથીજ, ગમે તે દેરાસરમાં ગમે તે પ્રકારના ઉચિત રિવાજો તેના નિર્વાહને માટે દાખલ કરવામાં આવ્યા હોય, તો તેથી ‘ તે રિવાજ હમેશાંથી ચાલતો આવે છે, અને તેમાં ફેરફાર થઇ શકેજ નહિં;’ એમ કહેવું નિતાન્ત ખોટું છે. ઘણી વખત એવું પણ બને છે. કે–એક રિવાજ એક સ્થળે કંઈ પણ કારણસર દાખલ થયો. બીજા ગામવાળાએ તેનું અનુકરણ કર્યું; ત્રીજાએ કર્યું–ચોથાએ કર્યું–બસ ચાલ્યું. વર્ષો જતાં તે રિવાજ સર્વત્ર દાખલ થયો. પરિણામે જાણે કે–તે રિવાજ અનાદિકાળથી ચાલ્યો આવતો ન હોય, એવું થઇ ગયું. દૃષ્ટાન્ત તરીકે–સુપન ઉતારવાનો રિવાજ. સુપન ઉતારવાનો રિવાજ નવો દાખલ થયેલો છે, એમાં કોઇથી પણ ના પડાય એમ નથી. અને તેનું પ્રબળ પ્રમાણ એજ છે કે–પહેલાં કલ્પસૂત્ર માત્ર સાધુઓજ વાંચતા અને સાધ્વિઓ સાંભળતી. ત્યારે શું તે વખતે સુપન ઉતારવામાં આવતાં હતાં ? નહિંજ. અતએવ સુપન ઉતારવાનો રિવાજ નવો દાખલ થયો છે, એ નિર્વિવાદ સિદ્ધ છે. અન્યું એમ કે—અમુક વર્ષો ઉપર કોઈ ગામમાં ભક્તિ નિમિત્તે કે ગમે તે કારણથી સુપન ઉતાર્યાં. તેનું અનુકરણ બીજાએ કર્યું. વધતાં વધતાં આ રિવાજ એટલો બધો વધી ગયો છે, કે પ્રાયઃ ગામેગામ સુપન ઉતારવામાં આવે છે. પરંતુ આથી કોઈ એમ કહે કે ‘ સુપનનો રિવાજ અનાદિકાળથી ચાલ્યો આવે છે–પ્રાચીન છે.’ તો તે વાતને આપણે શું સાચી માની શકીશું ? આથી હું ‘ તે રિવાજ

ખોટો છે. ન જોઇએ ?' એમ કહેવા નથી માંગતો, પરંતુ મારૂં કહેવું એજ છે કે, **"ભલે ભક્તિના નિમિત્તે નવા નવા ઉચિત રિવાજો દાખલ થાય, કિન્તુ વસ્તુગતે વસ્તુને ઓળખવી જોઇએ.** આવીજ રીતે બોલીનો રિવાજ પણ હાલ પ્રચલિત છે. હવે તે બોલી બોલવાનો રિવાજ અનાદિકાળથી ચાલ્યો આવે છે કે અમુક વર્ષોથી દાખલ થયેલો છે ? અને તે રિવાજમાં ફેરફાર થઇ શકે કે નહિ; એનું મધ્યસ્થ દૃષ્ટિથી અવલોકન કરવું જોઇએ છે. 'પ્રાચીન રિવાજ છે.' પ્રાચીન રિવાજ છે.' એમ કહીને ભદ્રિક લોકોને ભૂલમાં નજ નાખવા જોઇએ. આ બોલીના રિવાજ માટે મેં મારી પહેલી અને બીજી પત્રિકામાં ઘણું કહ્યું છે. તે ઉપરથી વાંચકો જોઈ શક્યા હશે કે— બોલી બોલીને દેવદ્રવ્યની વૃદ્ધિ કરવાનું વિધાન શાસ્ત્રોમાં ક્યાંય પણ કરવામાં આવ્યું નથી. વળી આ પત્રિકામાં પણ **आत्मप्रबोध, दर्शनशुद्धि, धर्मसंग्रह,** અને **श्राद्धविधि** વિગેરે ગ્રન્થોના પાઠો દેવદ્રવ્યની વૃદ્ધિ સંબંધી આપવામાં આવ્યા છે; તેમાં પણ ક્યાંય બોલી બોલીને વૃદ્ધિ કરવાનું કહેવામાં આવ્યું નથી. આથી એ સ્પષ્ટ થાય છે કે, બોલી બોલવાનો રિવાજ શાસ્ત્રીય રિવાજ નથી; કિન્તુ તે રિવાજ, ઉપર કહેવામાં આવ્યું તે પ્રમાણે સુપન ઉતારવાની માફક સંઘે દાખલ કરેલો છે. પ્રભુભક્તિમાં કે એવાં ધાર્મિક કાર્યોમાં આવા રિવાજો નિયમેન હોવાજ જોઇએ, એવો પ્રભુનો હુકમ હોયજ નહિં. આપણે આપણી અનુકૂળતા જાળવવાને માટે, પ્રભુભક્તિના નિમિત્તે વિખવાદ ન થાય, એવા કોઈપણ કારણ માટે ગમે તેમ ધારા–ધોરણો બાંધી શકીએ છીએ, અને તેમાં ફેરફાર પણ કરી શકીએ છીએ. જ્યાં આવો કંઈ સવાલ જ નથી, ત્યાં આવા રિવાજો હોતા પણ નથી. જૂઓ—તીર્થંકરોનાં જન્માદિ કલ્યાણકો સમયે ઇંદ્રો અને દેવતાઓ ઉત્સવ કરે છે. અનેક પ્રકારે ભક્તિ કરે છે; પરન્તુ તે ઉત્સવ પ્રસંગે–ભક્તિ પ્રસંગે કોઈપણ વખતે કંઈ પણ કાર્યની બોલી બોલાયાનું ક્યાંય લખ્યું છે ? ના. શા માટે નહિં ? કહેવુંજ પડશે કે—એમનામાં કંઈ એવો ઝગડો પડવાનો પ્રસંગજ નથી–તેમને દ્રવ્યવૃદ્ધિ કરવાની જરૂરજ નથી કે જેથી–શક્રેન્દ્ર કહે હું ભગવાનને ખોળામાં લઉં અને બીજા ઇન્દ્રો કહે, અમે ખોળામાં લઇએ ? ત્યાં તો સૌને પોત પોતાના અધિકાર પ્રમાણે

જ કાર્યો કરવાનાં છે. એટલે તેમાં બોલી હોયજ શાની? બોલી તો આપણે ત્યાંજ છે કે–જ્યાં એક શેઠ કહેશે 'હું પહેલી પૂજા કરૂં,' તો બીજો કહેશે 'હું શું તેનાથી ઓછો પૈસાવાળો છું તે હું બીજી પૂજા કરૂં? પહેલી પૂજા કરીને ભગવાનની પૂજાનું ફળ એજ લઈ જાય, એટલે અમે તો વા ખાતાજ રહીએ ને?' આવી તકરારોના નિવારણ માટે બોલી સિવાય બીજો ઉપાયજ શો હોઇ શકે? જેમ, કોઇ પણ કાર્યના સમાધાનને માટે કેટલાક લોકો ચીઠી નાખે છે. અર્થાત્ કંઈ પણ કાર્યમાં બે મતો પડે છે, અથવા પોતાનાજ અંતઃકરણમાં એમ થાય છે કે—'આમ કરૂં કે આમ?' ત્યારે એના સમાધાનને માટે—એ શંકાના નિવારણને માટે પ્રભુના ખોળામાં કેટલાકો ચીઠીઓ નાખેછે. તેમાં જે ચીઠી પહેલી આવે, તે કામ કરવા તરફ પ્રવૃત્તિ કરે છે. આથી શું ચીઠી નાખવાનો રિવાજ શાસ્ત્રીય આજ્ઞાવાળો કહેવાય? ચીઠી નાખવાને બદલે, શંકાના નિવારણને માટે–તેના સમાધાનને માટે બીજો કોઈ માર્ગ લેવા ચાહે, તો શું તે ન લઈ શકે? લઈ શકે છે. બસ, આજ પ્રમાણે ભક્તિનાં કાર્યોમાં ક્લેશના નિવારણને માટે બોલીનો રિવાજ દાખલ કરેલો છે. અને તેથી તેમાં ફેરફાર પણ કરી શકાય છે. સુતરાં તે રિવાજ શાસ્ત્રીય રિવાજ નથી, એ સિદ્ધ થાય છે; અને તેટલા જ માટે પરમપ્રભાવક, મહાન્ ગીતાર્થ અકબરપ્રતિબોધક શ્રીમાન્ **હીરવિજયસૂરિ** મહારાજને પણ કહેવું પડ્યું છે કે–"**तैलादिमाननेन प्रतिक्रमणाद्यादेशप्रदानं न सुविहिताचरितं, परं क्वापि क्वापि तदभावे जिनभवनादिनिर्वाहासंभवेन निवारयितुमशक्यमिति।**" ( હીર–પ્રશ્નોત્તર, ત્રીજો પ્રકાશ, ૧૧ મો પ્રશ્નોત્તર )

અર્થાત્—"તેલ વિગેરેની **બોલીથી પ્રતિક્રમણ વિગેરેમાં આદેશ આપવો,** એ સુવિહિતનું આચરિત નથી. પરન્તુ કોઇ કોઇ સ્થળે એ બોલી સિવાય જિનભવનાદિનો નિર્વાહ થવો અસંભવ હોવાથી તે રિવાજને નિવારણ કરવો અશક્ય છે."

શ્રીહીરવિજયસૂરિ મહારાજના ઉપર્યુક્ત વાક્યથી એ સિદ્ધ થાય છે કે–બોલીનો રિવાજ, શાસ્ત્રીય રિવાજ–ભગવાને ફરમાવેલો રિવાજ નથી. વળી બોલી બોલવાનું વિધાન કોઈ પણ આગમમાં પણ ઉપલબ્ધ નથી. આપણા ભંડારોમાં જેમ પીસ્તાલીસ આગમો મૌજૂદ છે,

તેમ પૂર્વાચાર્યોના બનાવેલા હજારો ગ્રંથો પણ વિદ્યમાનજ છે. છતાં પણ હજૂ સુધી એક પણ આગમ કે એક પણ પ્રાચીન ગ્રન્થમાંથી દેવદ્રવ્યની વૃદ્ધિ માટે કે કોઈ પણ કાર્ય માટે **બોલી બોલવાનું વિધાન** બહાર આવતું નથી, એ શું બતાવી આપે છે? જો પૂજા–આરતી વિગેરે કાર્યોમાં બોલી બોલવાની ખાસ પ્રભુની આજ્ઞા હત, તો શું કોઈ પણ આગમમાં ભાષ્ય–ટીકા–ચૂર્ણી કે કોઈ પણ પ્રાચીન ગ્રન્થમાં આ હકીકત ન નિકળતે? પરન્તુ નથી નિકળતી, એજ બતાવી આપે છે કે આ રિવાજ પ્રાચીન નથી, તેમજ પ્રભુએ તેમ કરવાનું ફરમાવ્યું પણ નથી. અને અર્વાચીન ગ્રન્થો, કે જે ગ્રન્થોના રચનાકાળ વખતે તે રિવાજ પ્રચલિત હોય, તે ગ્રન્થોમાં તેવી હકીકત કદાચિત્ લખાઈ હોય, તો તેથી કરીને તે રિવાજ પ્રાચીન કે શાસ્ત્રીય ગણી શકાય નહીં. અને એ તો દરેક માણસ સમજી શકે એવી હકીકત છે કે–જે ગ્રન્થો જે સમયમાં લખાય છે, તે ગ્રન્થોમાં તે સમયના રીત–રિવાજોનો ઉલ્લેખ જરૂર કરવામાં આવે છે. વીસમી સદીનું વર્ણન લખવવાળો માણસ સુપન ઉતારવાનું અને તે સમયે બોલાતી બોલીયોનું તેમજ ઘોડીયા–પારણા ઉપર બોલી બોલીને ઓઢાડાતા ડઝનના ડઝન રૂમાલોનું વર્ણન લખે, તો તેથી આજથી પચાસ, સો કે બસો–પાંચસો વર્ષ પછીના વાંચનારા તે હકીકતને શાસ્ત્રીય માની લે, અથવા 'અનાદિકાળથી આમ ચાલ્યું આવે છે, માટે તેમાં આપણાથી કંઈ ફેરફાર નજ થઈ શકે,' એવી પ્રરૂપણા કરે, તો તે પ્રરૂપણાને આપણે સાચી કહી શકીશું? જે હકીકત થોડી મુદત ઉપરજ બની હોય; છતાં તે '**ચોપડીમાં લખાઇ એટલે અનાદિની કે પ્રાચીનજ હોવી જોઇએ.**' એવું માનનારાની શ્રદ્ધા માટે શું આપણને આશ્ચર્ય ન થાય? જ્યાં સુધી પ્રાચીનતાનાં પ્રબળ પ્રમાણો ન મળે, અને જ્યાં સુધી એવા પ્રાચીન ગ્રન્થોમાં એવું લખેલું ન મળે કે—**આમાં ફેરફાર નજ થઇ શકે**' ત્યાં સુધી ખાલી વાતોથી કોઈ માની શકે ખરો? કારણ કે મારી પ્રથમ પત્રિકાથીજ મેં મારૂં એ મન્તવ્ય પ્રકટ કર્યું છે કે કે—

"**બોલી બોલવી, એ અનાદિકાળથી ચાલ્યો આવતો રિવાજ નથી. અને તે શાસ્ત્રીય રિવાજ પણ નથી. અમુક વર્ષોથી સંઘે દાખલ કરેલો રિવાજ છે. અને તેટલા માટે એ**

**બોલીનું દ્રવ્ય હવે પછી સાધારણ ખાતામાં લઇ જવાનો સંઘ ઠરાવ કરે, તો તે ખુશીથી કરી શકે છે. તેમાં શાસ્ત્રીય કંઇ પણ બાધ નથી.**" આ બન્ને બાબતોની વિરૂદ્ધતાનાં જ્યાં સુધી આગમો અને પ્રાચીન ગ્રન્થોમાં પ્રબળ પ્રમાણો ન મળે, ત્યાં સુધી તેને ખોટી માનવાનું કંઈ પણ કારણ જણાતું નથી.

એ નવાઈ જેવું છે કે—આપણા ભંડારોમાં પીસ્તાલીસ આગમો અને પૂર્વાચાર્યોના હજારો ગ્રન્થો વિદ્યમાન હોવા છતાં એક માત્ર **श्राद्ध विधिनी** એક પંક્તિમાં આવેલા **ઉત્સર્પણ** શબ્દને આગળ કરી મારા ઉપર્યુક્ત વિચારોને **અસત્ય** ઠરાવવા પ્રયત્ન થઈ રહ્યો છે. પરન્તુ તે **ઉત્સર્પણ** શબ્દનો શો અર્થ થાય છે? જ્યાં જ્યાં **ઉત્સર્પણ** શબ્દ આવેલો છે, ત્યાં ત્યાં તેના કેવા કેવા અર્થો કરવામાં આવેલા છે, અને **ઉત્સર્પણ** શબ્દના અર્થમાં **બોલી બોલવાની** ગંધ પણ આવે છે કે નહિ? એ બધી વાત '**બોલી બોલવાનું વિધાન શ્રાદ્ધવિધિમાં છે કે**' એ નામના ટ્રેકટમાં પ્રવર્તકજી **શ્રીમંગળવિજયજીએ** બહુ લંબાણથી બતાવી આપી છે, એટલે એનું પિષ્ટપેષણ ન કરતાં તે ટ્રેકટ બરાબર ધ્યાન પૂર્વક વાંચવાની દરેક મહાનુભાવોને ભલામણ કરૂં છું. તે ટ્રેકટ વાંચવાથી દરેકને જણાઈ આવશે કે—**ઉત્સર્પણ** શબ્દનો અર્થ '**બોલી બોલવી**' એવો કોઈ કોશમાં નથી કે કોઈ ગ્રન્થમાં પણ કરવામાં આવ્યો નથી. તેમ તેવો અર્થ થઈ પણ શકતો નથી.

એક વધુ આશ્ચર્ય. વળી કોઈ તો **श्राद्धविधिना उत्सर्पण** શબ્દને **उत्सर्पिणीकाळ**ની સાથે સરખાવી '**બોલી બોલવી**' એવો અર્થ કાઢવાનો પ્રયત્ન કરે છે. પરંતુ નવાઈ જેવો વિષય છે કે—તેમ કરવા જતાં ઉલટી મસીદ કોટે વળગ્યા જેવું થાય, એ જોવાતું નથી. 'ઉત્સર્પિણીકાળ' નો અર્થ શો છે? "**જે કાળમાં રૂપ—રસ—ગંધ—સ્પર્શની વૃદ્ધિ થાય, એ કાળને ઉત્સર્પિણીકાળ કહેવામાં આવે છે.**" આ વાત જૈનશૈલીનું થોડું પણ જ્ઞાન ધરાવનાર એક બાળક પણ સમજી શકે છે. ત્યારે હવે આ '**ઉત્સર્પિણી કાળ**' ની સાથે '**द्रव्योत्सर्पणपूर्वकारात्रिकविधानादिना**' એ પાઠનો સંબંધજ શો છે? શું 'ઉત્સર્પિણીકાળ' નો અર્થ "જે કાળમાં રૂપ—રસ—ગંધ—સ્પર્શની બોલી બોલાતી હોય" એવો કરવા માગે છે? શું કોઇપણ કાળમાં રૂપ—રસ

ગંધ–સ્પર્શની બોલી બોલાતી કોઇએ સાંભળી છે ? આ તત્ત્વજ્ઞાને તો કંઈ નવુંજ અજવાળુ પાડ્યું ! ત્રિકાળમાં પણ ન બની શકે–ગમે તેવાની પણ બુદ્ધિમાં ન આવી શકે, એવું આ તત્ત્વજ્ઞાન કોને આશ્ચર્ય ઉત્પન્ન નહિ કરે ? અસ્તુ, આકાશમાં ચઢવા માટે ધૂંવાડાનો આશ્રય લેવા જેવા આ પ્રયત્ન માટે કોને નવાઈ નહિ લાગે ?

દેવદ્રવ્યની વૃદ્ધિને માટે આવા અનેક રિવાજો નવા દાખલ થાય છે, અને જૂના ધીરે ધીરે વિલય પામે છે. અર્થાત્ જે સમયમાં, જે ક્ષેત્રમાં દેવદ્રવ્યની વૃદ્ધિનાં જે સાધનો અનુકૂળ જણાય, તે સમયમાં તે ક્ષેત્રમાં તે સાધનો કામમાં લેવામાં આવે છે, અને તેમાં ફેરફાર પણ સંઘ કરતોજ આવે છે. **ભા**વનગરમાં ચાંદીના રથનો નકરો પહેલાં ૪૫ રૂ. હતો, તે ઘટાડીને સંઘે ૨૫ કર્યા છે. આવીજ રીતે બીજે પણ જ્યાં જ્યાં રથ, પાલખી, આંગી, મુકુટ વિગેરે નવી ચીજો તૈયાર થાય છે. ત્યાં ત્યાંનો સંઘ ત્યાંના સંયોગોને અનુકૂળ જુદો જુદો નકરો ઠરાવે છે. અથવા કારણવશાત્ તેમાં ફેરફાર પણ કરે છે. આથી કોઇએ એમ નથી સમજવાનું કે–આવી રીતે રિવાજોમાં ફેરફાર કરનાર સંઘ અથવા તેમ કરવાનો ઉપદેશ કરનાર આવકનો ભાંગનાર ગણાય છે. જો એ પ્રમાણે રિવાજોમાં ફેરફાર કરનાર મનુષ્ય આવકના ભાંગનાર ગણાતા હોય, તો તો અત્યાર સુધીમાં સંખ્યાબંધ રિવાજોમાં ફેરફાર કરવા બદલ કેટલાએ સંઘો અને આચાર્યો આવકના ભાંગનાર થઈ જાય. અરે, ખુદ જેઓ ' રિવાજોમાં ફેરફાર નજ થઈ શકે.' એવો સિદ્ધાન્ત પ્રરૂપે છે, તેમણે પોતે અત્યાર સુધીમાં કેટલાએ રિવાજોમાં ફેરફાર કરવાનો ઉપદેશ ઘણાં ગામોમાં આપ્યો છે, અને કોઈ કોઈ સ્થળે ફેરફારો કરાવ્યા છે પણ ખરા. તો પછી તેઓ પોતે આ નિયમને ભોગ થઈ પડે કે નહિં? એનો વિચાર વાચકોએ સ્વયં કરવો જોઇએ છે.

*પરન્તુ વસ્તુતઃ તેવું કંઈ છેજ નહિં.* બોલી બોલવા જેવા રિવા*જોમાં ફેરફાર કરવાથી આવકના ભાંગનાર થઈ શકાતું નથી.* જેઓ એવા રિવાજોને ફેરવવામાં આવક ભાંગ્યાનું પાપ બતાવે છે, તેઓ **द्रव्यसप्तति**ની આ ગાથાનો આશ્રય લે છેઃ—

**" आयाणं जो भंजइ पडिवन्नधणं न देइ देवस्स ।**
**गरहंतं चोविक्खइ सोवि हु परिभमइ संसारे ॥ १ ॥"**

પરંતુ આ ગાથાનો વાસ્તવિક અર્થ શો છે, તે જોઇએ. પહેલાં શબ્દાર્થ જૂઓ:—

| | | |
|---|---|---|
| **आयाणं** | = | આદાનને ( ભાડાને ) |
| **जो** | = | જે |
| **भंजइ** | = | ભાંગે છે |
| **पडिवन्नधणं** | = | પ્રતિપન્ન ( કબૂલેલા–કહેલા ) ધનને |
| **न** | = | ન |
| **देइ** | = | આપે |
| **देवस्स** | = | દેવના |
| **गरहंतं** | = | દૂષિત કરતાને |
| **च** | = | અને |
| **उविक्खइ** | = | ઉપેક્ષા કરે છે, |
| **सोवि** | = | તે પણ |
| **हु** | = | નિશ્ચે |
| **परिभमइ** | = | પરિભ્રમણ કરે છે, |
| **संसारे** | = | સંસારમાં. |

આ એનો શબ્દાર્થ થયો. હવે એનો અર્થ બરાબર ગોઠવીને જોઇએ–**દેવ સંબંધી આદાનને ( ભાડાને ) જે ભાંગે છે, સ્વીકાર કરેલ–કબૂલેલ ધનને આપે નહિ, અને ( દેવદ્રવ્યને ) દૂષિત કરવાવાળાની ઉપેક્ષા કરે, તે નક્કી સંસારમાં પરિભ્રમણ કરે છે.**

આમાં બોલીના કે કોઇપણ જાતના રિવાજ સંબંધી શું કંઈ આવ્યું ? જો નથી આવ્યું, તો પછી આ પાઠને આગળ કરવાથી શી કાર્યસિદ્ધિ ? વળી **द्रव्यसप्तति**ના ટીકાકારે પણ **आयाणं**નો અર્થ શો કર્યો છે ? તે જૂઓ–**आयाणमिति व्याख्या-आदानं तृष्णाग्रहग्रस्तत्वात् देवादिसत्कं भाटकं यो भनक्ति**–અર્થાત્ ટીકાકાર તો **आयाण** શબ્દથી દેવસંબંધી ( દેવદ્રવ્યના મકાન સંબંધી ) **ભાડુંજ** અર્થ કરે છે. ઠીકજ છે, ‘ હું આટલું ભાડું આપીશ ’ એવું સ્વીકાર કર્યા પછી તે ન આપે–તેને ભાંગે તો તે સંસારપરિભ્રમણ કરે; એ દેખીતુંજ છે.

ઉપરનીજ ગાથા **दर्शनशुद्धि**ના પૃષ્ઠ. ૪૯ માં પણ છે. **दर्शन-शुद्धि**માં તે ગાથા આ પ્રમાણે આપી છેઃ—

**आयाणं जो भंजइ पडिवन्नं धणं न देइ देवस्स ।**
**नस्संतं समुवेक्खइ सोविहु परिभमइ संसारे ॥५५॥**

આ ગાથાનો અર્થ ઉપર આપી ચૂક્યો છું, છતાં વિશેષ સ્પષ્ટતાની ખાતર લખવું જરૂરનું છે કે–ઉપરની ગાથામાં ત્રણ જણને સંસારપરિભ્રમણ કરનાર કહ્યા છે. ૧ **આદાનને** ભાંગનાર, ૨ **પ્રતિપન્ન**–કબૂલેલ ધનને નહિં આપનાર અને ૩ **નાશ** થતાની ઉપેક્ષા કરનાર. આ ત્રણેનો ટીકાકારે જે સ્પષ્ટાર્થ કર્યો છે, તે આ છેઃ—

(૧) આદાનને ભાંગનાર–**राजामात्यादिवितीर्णक्षेत्रगृहहट्टग्रामादि यो भनक्ति लुंपति**—અર્થાત્–રાજા કે મંત્રી વિગેરેએ આપેલ ક્ષેત્ર, ઘર, હાટ કે ગામ વિગેરેને જે ભાંગે અથવા લોપ કરે તે.

(૨) કબૂલેલ ધનને નહિં આપનાર–**म्रियमाणे पित्रादौ स्वयं वा धर्मनिमित्तमेतावद्दास्यामीति कल्पितद्रव्यं न ददाति न वितरति देवाय।** અર્થાત્—પિતા વિગેરેના મરતાં અથવા પોતે ધર્મના નિમિત્તે 'હું આટલું આપીશ' એ પ્રમાણેની કલ્પના કરેલું–કબૂલેલું દ્રવ્ય ન આપે–દેવ નિમિત્તે ન વાવરે તે,

(૩) નાશ થતાની ઉપેક્ષા કરનાર—**नश्यदायदानादिकमेव प्रलीयमानं तच्चिंतकभक्षणादिना केनचित्प्रकारेण, यो यत्करिष्यति स तत्फलमवाप्स्यतीति बुद्ध्या समुपेक्षते, न प्रतिजागर्त्ति सामर्थ्ये सतीत्यध्यार्य, सोऽपि।**

અર્થાત્—જે આદાન વસ્તુઓ હોય (ઉપર કહી તે) તેનો, તેની રક્ષા કરવાવાળાના ભક્ષણ વિગેરે કરવાથી કે બીજા કોઈ પણ પ્રકારે નાશ થતો હોય, પરન્તુ સામર્થ્ય હોવા છતાં 'જે કરશે, તે તેનું ફળ પામશે.' એવી બુદ્ધિથી તેની ઉપેક્ષા કરે અને જાગે નહિં (ધ્યાન ન આપે), તે પણ.

આ ત્રણે બાબતોના ટીકાકારે કરેલા સ્પષ્ટ અર્થો ઉપરથી એવું કંઈજ નિકળતું નથી, કે 'રિવાજોમાં ફેરફાર કરે, તે સંસારપરિભ્રમણ કરે.' છતાં 'રિવાજોમાં ફેરફાર નજ થઈ શકે' આ વાતની પુષ્ટિમાં

ઉપર્યુક્ત ગાથા—તે પણ ખુલાસા વાર અર્થ આપ્યા સિવાયની ગાથા—આગળ કરવામાં આવે છે, એ નવાઈ ઉપજાવે છે.

આ પ્રસંગે એક બીજો પણ ખુલાસો કરવો જરૂરનો સમજું છું. અને તે એ છે કે—**दर्शनशुद्धि**ની ઉપર આપેલી ગાથામાં આવેલા **आदान** શબ્દનો ખુલાસો કરતાં અવશ્ય કહ્યું છે કે—' ક્ષેત્ર—ઘર—હાટ અને ગ્રામાદિને ભાંગે—લોપે તે સંસાર પરિભ્રમણ કરે. ' પરન્તુ તેથી કોઈએ એમ નથી સમજવાનું કે—**' દેવદ્રવ્યની વૃદ્ધિ માટે ક્ષેત્ર—ઘર—હાટ અને ગ્રામાદિ રાખવાંજ જોઇએ અથવા ન હોય તો નવાં બનાવવાં.** ' દેવદ્રવ્યની વૃદ્ધિ માટે આવાં કાર્યો કરવા માટે ઉપદેશ આપવાની પણ સાધુને મનાઈ જ કરવામાં આવી છે. જૂઓ **श्राद्धविधि**ના પૃષ્ટ ૭૪ માં દેવદ્રવ્યના વિનાશની ઉપેક્ષા કરનાર સાધુને પણ જ્યારે અનંતસંસારી બતાવવામાં આવ્યા, ત્યારે ત્યાંજ એ શંકા કરવામાં આવી છે કે—" **अथ त्रिधा प्रत्याख्यातसावद्यस्य यतेश्चैत्यद्रव्यरक्षायां को नामाधिकारः ?** " અર્થાત્—કરવું, કરાવવું અને અનુમોદવું—એ ત્રણે પ્રકારના પાપથી નિવૃત્ત થયેલા સાધુને દેવદ્રવ્યની રક્ષાનો શો અધિકાર ? " આનો ઉત્તર આપવામાં આવ્યો છે કે—

" **यदि राजामात्याद्यभ्यर्थनपुरस्सरं गृहहट्टग्रामादिकादानादिविधिना नवमुत्पादयति, तदा भवति भवद्विवक्षितार्थसिद्धिः । यदा तु केनचिद्यथाभद्रकादिना धर्माद्यर्थं प्राग्वितीर्णमन्यद्वा जिनद्रव्यं विलुप्यमानं रक्षति तदा नाभ्युपेतार्थहानिरपितु विशेषतः पुष्टिरेव सम्यग् जिनाज्ञाराधनात् ।** "

અર્થાત્—જો રાજા કે અમાત્ય વિગેરેને પ્રાર્થના કરીને તેમની પાસેથી ઘર—હાટ—ગામ વિગેરે ગ્રહણ કરવા વડે કરીને નવું પેદા કરે, ત્યારે તમારા ધારેલા ( દોષ લાગવો, તે ) અર્થની સિદ્ધિ થઈ શકે; પરન્તુ જો કોઈ ભદ્રિક પુરૂષે પહેલાં આપેલ હોય તે અથવા બીજું કોઈ જિનદ્રવ્ય નાશ થતું હોય, તેની રક્ષા કરે, તો તેથી ઇચ્છિત અર્થની હાનિ થતી નથી. અર્થાત્—કંઈ દોષ લાગતો નથી, બલ્કે વિશેષ પુષ્ટિજ થાય છે. કેમકે સમ્યક્ પ્રકારે જિનેશ્વરની આજ્ઞાની આરાધના થાય છે તેથી.

ઉપરના અર્થથી સ્પષ્ટ સમજાય છે કે—**દેવદ્રવ્યની વૃદ્ધિને માટે ગામ—હાટ કે ક્ષેત્રાદિ આપવાનો ઉપદેશ કરવો, એ સા-**

**ધુને માટે બિલકુલ નિષિદ્ધ છે.** સુતરાં, **દેવદ્રવ્યની વૃદ્ધિ માટે તેવાં સાધનો નવાં ઉત્પન્ન કરી શકાય નહિં.** હા, પોતાની મેળે કોઈ ગૃહસ્થ તેવી વસ્તુઓ આપે, તો ખુશીથી દેવમંદિરો–મૂર્ત્તિયોના સાધન માટે તેનો ઉપયોગ થઈ શકે અને તે વસ્તુઓનો નાશ થતો હોય, તો સાધુ કે ગૃહસ્થ–કોઈથી તેની ઉપેક્ષા કરી શકાયજ નહિં, અને કરે તો જરૂર પાપનો ભાગી થાય.

અત્યાર સુધીના વૃત્તાન્ત ઉપરથી દેવદ્રવ્યની વૃદ્ધિના ઉપાયો શાસ્ત્રીય દૃષ્ટિએ આપણે સારી પેઠે જોઈ ગયા. તેમાં પણ એક વાતનો ખુલાસો હજૂ પણ કરવાની ઇચ્છા થાય છે. અને તે એકે–સૌથી પહેલાં દેવદ્રવ્યની વૃદ્ધિના જે ઉપાયો બતાવવામાં આવ્યા છે; તેમાં **दर्शनशुद्धि**ના પાઠમાં '**कलान्तरप्रयोगादिना वा**' એમ પણ કહેવામાં આવ્યું છે. અર્થાત્ ઘરેણું રાખવા પૂર્વક દેવદ્રવ્ય વ્યાજે ધીરીને પણ દેવદ્રવ્યની વૃદ્ધિ કરવાનું કહ્યું છે. આની સાથે બીજા શાસ્ત્રકારો ક્યાં સુધી મળતા થાય છે, તે આપણે જોઇએ.

જો કે—દેવદ્રવ્યની વૃદ્ધિને માટે સૌથી સારામાં સારો અને સર્વ સાધારણ ઉપાય તો 'અપૂર્વ–અપૂર્વ વસ્તુઓ (દ્રવ્ય) નાખવાનો કહ્યો' તેજ છે, અને આપણે પહેલાં જોઈ ગયા છીએ તેમ—પંદરકર્માદાન અને કુવ્યાપારને છોડીને સદ્વ્યવહારથી જ દેવદ્રવ્યની વૃદ્ધિ કરવાની છે; પરન્તુ **श्राद्धविधि**કારના કહેવા પ્રમાણે કેટલાક આચાર્યોનો એવો પણ મત છે કે—શ્રાવકોને છોડીને બીજા કોઈની પાસેથી વધારે કિંમતનું ઘરેણું ગ્રહણ કરીને વ્યાજે ધીરીને પણ દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી ઉચિત જ છે. જૂઓ—**श्राद्धविधि**ના પૃષ્ઠ ૭૪ માં શું કહ્યું છે:—

"**केचित्तु श्राद्धव्यतिरिक्तेभ्यः समधिकग्रहणकं गृहीत्वा कलांतरेणापि तद्वृद्धिरुचितैवेत्याहुः**"।

આનો અર્થ આપણે ઉપર જોઈ ગયા. આવી જ રીતનો પાઠ **आत्मप्रबोध**ના પૃષ્ઠ ૭૧ માં પણ આપવામાં આવેલ છે. બીજી રીતે **आत्मप्रबोध**ના પૃષ્ઠ ૬૮ માં કહ્યું છે:—'**देवद्रव्यं व्याजेन न ग्राह्यं**' '**દેવદ્રવ્ય વ્યાજે ન ગ્રહણ કરવું**' આ શું બતાવે છે? એજ કે–દેવદ્રવ્ય વ્યાજે ધીરવું જોઇએ નહિ. તેમ છતાં પણ કદાચિત્ વ્યાજે

આપવું પડે, તો કેટલાક આચાર્યોના મત પ્રમાણે શ્રાવકને છોડીને બીજાને અધિક કિંમતનું ઘરેણું વિગેરે રાખીને વ્યાજે ધીરવાનું એટલા માટેજ કહ્યું છે કે—તેમ કરવાથી કોઇ પણ વખત દેવદ્રવ્યની મૂલ રકમનો નાશ થવાનો પ્રસંગ આવેજ નહિં.

દેવદ્રવ્યની વૃદ્ધિ માટે શાસ્ત્રકારોએ કેટલો બધો ગંભીર વિચાર કરેલો છે; એ ઉપરના તમામ વૃત્તાન્તથી સમજી શકાય છે. અને એ તો ખરૂંજ છે કે—દેવદ્રવ્યની વૃદ્ધિ મંદિરો અને મૂર્ત્તિયોનાં સાધનો માટે કરવાની છે. નહિ કે તેને રાખી મૂકવા માટે. દ્રવ્ય એ સંસારમાં સાધન છે; નહિ કે સાધ્ય. ગૃહસ્થોને માટે પણ આજ નિયમ લાગુ પડે છે. જે ગૃહસ્થો દ્રવ્યને સાધન તરીકે ન ગણતાં સાધ્ય તરીકે ગણી રાખે છે, તે ગૃહસ્થોનું દ્રવ્ય નકામુંજ છે. જ્યારે ગૃહસ્થોને માટે પણ આ સ્થિતિ છે, તો પછી ધાર્મિકદ્રવ્યોને માટે એ વાત ખાસ ધ્યાનમાં રાખવાની હોય એમાં નવાઈ જેવું શું છે? પરન્તુ આ નિયમ જો ધ્યાનમાં રખાતો હોય, તો આજ મેવાડ–મારવાડ અને એવાં બીજાં સ્થાનોમાં હજારો જિનમંદિરો જીર્ણ થઇ રહ્યાં છે, મંદિરોની અંદર ઝાડ ઉગી રહ્યાં છે, મૂર્ત્તિઓના ઉપર મેલ ચઢી રહ્યો છે, અનેક તીર્થભૂમિયોમાં મ્હોટી આશાતનાઓ થઇ રહી છે, એ બધું જોવાનો આપણને પ્રસંગ મળે ખરો? અરે, એક દેરાસરનું દ્રવ્ય પાસેના બીજા દેરાસરના જીર્ણોદ્ધાર માટે પણ ખરચવામાં મુશ્કેલી ઉભી થતી હોય, એ દેવદ્રવ્ય સાધન તરીકે છે કે સાધ્ય તરીકે? એનો ખ્યાલ વાચકો સ્વયં કરી શકશે.

બોલીઓ અને એવાં કેટલાંક બીજાં સાધનો દ્વારા દેવદ્રવ્યનો વધારો કરી કરીને નવાં નવાં મકાનો ચણાવાય; સોના–ચાંદીના વ્યાપારો ખેલાય, લોનો લેવાય, મીલોમાં રૂપિયા ધીરાય, હજારોના ખરચે મ્હોટી મ્હોટી પેઢીઓ ચલાવાય અને કોર્ટોમાં કેશો લડીને હજારો–બલકે લાખો રૂપિયા વકીલ–બેરીષ્ટરોને ખવરાવાય, પરન્તુ ઉપર કહ્યા પ્રમાણે હજારો મંદિરોના જીર્ણોદ્ધારો તરફ કોઈનું ધ્યાન પણ ન જાય, એ દેવદ્રવ્યની વૃદ્ધિનો દુરૂપયોગ નહિ તો બીજું શું છે? દેવદ્રવ્ય ઉપરનો અસાધારણ મોહ નહિ તો બીજું શું છે? હું એક વખત કહી ગયો છું કે–દેવદ્રવ્યની વૃદ્ધિ દેવમંદિરો અને મૂર્ત્તિઓના સાધન માટે થવી જોઇએ

પણ જો તે હેતુ ન સચવાય, તો પછી તે વૃદ્ધિનો અર્થજ શો ? વળી વૃદ્ધિ પણ ઉચિત રીતિએજ થવી જોઇએ–ભગવાનની આજ્ઞા પ્રમાણેજ થવી જોઇએ. જે દેવદ્રવ્યની વૃદ્ધિ માટે આ પત્રિકામાં બતાવ્યા પ્રમાણે શાસ્ત્રકારોએ તીર્થંકરપણાને પ્રાપ્ત થવાનું ફળ બતાવ્યું છે, તે–દેવદ્રવ્યની વૃદ્ધિ પણ જિનેશ્વરની આજ્ઞારહિત–મોહયુક્ત રીતે કરવાને શાસ્ત્રકાર ચોખ્ખી નાજ પાડે છે. બલ્કે–તેવી ( આજ્ઞારહિત ) વૃદ્ધિ કરનારને તો ભવસમુદ્રમાં ડૂબનારજ જણાવે છે.

જૂઓ **આત્મપ્રબોધ**ના પૃષ્ઠ ૭૧ માં કહ્યું છે:—

**"जिणवरआणारहिअं वद्धारंतावि केवि जिणदव्वं**
**बुड्डुंति भवसमुद्दे मूढा मोहेण अन्नाणी ॥ १ ॥"**

અર્થાત્—જિનેશ્વરની આજ્ઞા રહિત જેઓ દેવદ્રવ્યની વૃદ્ધિ પણ કરે છે, તેઓ મૂઢ–અજ્ઞાની મોહવડે કરીને ભવસમુદ્રમાં ડૂબે છે.

આવીજ રીતે **संबोधसप्तति**ના પૃષ્ઠ ૫૧ માં **संबोधप्रकरण**ના પૃષ્ઠ ૪ માં, અને **धर्मसंग्रह**ના પૃષ્ઠ ૧૬૭ માં–વિગેરે અનેક ધર્મગ્રન્થોમાં પણ લખવામાં આવેલું છે.

અને એ તો ખરીજ વાત છે કે–જે દેવદ્રવ્યની વૃદ્ધિ કેવળ પરમાત્માની ભક્તિ નિમિત્તેજ કરવા માંગતા હોઇએ, તે વૃદ્ધિમાં મમત્વ કે મોહ હોવોજ કેમ જોઇએ ? અને જે વૃદ્ધિમાં –વૃદ્ધિના કારણમાં કેવળ મોહ ને મમત્વજ ભરેલું હોય, તે વૃદ્ધિ–વૃદ્ધિનું કારણ સમુચિત કહીજ કેમ શકાય ? શાસ્ત્રકારો આટલુંજ કહીને નથી અટક્યા. પરન્તુ એવા કેટલાંક કાર્યોનો ઉલ્લેખ પણ કરી બતાવ્યો છે કે, જે રસ્તેથી દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી, એ જિનેશ્વર ભગવાનની આજ્ઞાથી બહાર છે. જૂઓ—**संबोधसप्तति**ની ૬૬ મી ગાથાની ટીકામાં કેવો સરસ ઉલ્લેખ કરવામાં આવ્યો છે ?—

**" आज्ञारहितं वर्धनं चैवम्—यथा श्रावकेण देवस्ववृद्धये कल्पपालमत्स्यबन्धकवेश्याचर्मकारादीनां कलान्तरादिदानम् । तथा देववित्तेन वा भाटकादिहेतुकदेवद्रव्यवृद्धये यद्देवनिमित्तं स्थावरादिनिष्पादनम् । तथा महार्घोऽनेहसि विक्रयेण बहुदेवद्रविणोत्पादनाय गृहिणा यद्देवधनेन समर्घधान्यसंग्रहणम् । तथा देवहेतवे कूपवाटिकाक्षेत्रादिविधानम् । तथा शुल्कशाला-**

**दिषु भाण्डमुद्दिश्य राजग्राह्यभागाधिककरोत्पादनादुत्पन्नेन द्रव्येण जिनद्रविणवृद्धिनयनं जिनवराज्ञारहितम् ॥ ( પૃષ્ઠ ૫૨ )**

અર્થાત્—આજ્ઞારહિત દેવદ્રવ્યની વૃદ્ધિ આવી રીતે છે. જેમ કે-દેવદ્રવ્યની વૃદ્ધિ માટે શ્રાવકે કલવાર ( દારૂ વેચનાર–કલાલ ) મચ્છીમાર, વેશ્યા અને ચમાર વિગેરેને, વધારે કિંમતની વસ્તુ રાખીને, પણ વ્યાજે ધીરવું, તથા દેવદ્રવ્ય વડે, ભાડા વિગેરે દ્વારા દેવદ્રવ્યની વૃદ્ધિ કરવા માટે દેવનિમિત્તે મકાન વિગેરે બનાવરાવવાં, અને મોંઘવારીના વખતમાં વેચવા વડે બહુ દેવદ્રવ્ય ઉત્પન્ન કરવા માટે દેવદ્રવ્ય વડે સોંઘું ધાન્ય સંગૃહીત કરવું, વળી દેવનિમિત્તે કૂવા, વાડી, ખેતર આદિ કરાવવાં અને જગાતના સ્થળે કરીઆણાંને ઉદ્દેશીને રાજાએ ઠરાવેલ કરમાં વધારો કરાવીને તે વધારા વડે દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી. આ બધી રીતો જિનેશ્વરની આજ્ઞાથી રહિત છે.

આ અને આવાં બીજાં કાર્યોને શાસ્ત્રકારો ભગવાનની આજ્ઞાથી રહિતજ જણાવે છે. ત્યારે હવે આપણે સમજી શકીએ છીએ કે–દેવદ્રવ્યની વૃદ્ધિ માટે વર્તમાનમાં જે ધમાધમ અને પ્રવૃત્તિ ચાલી રહી છે, તેમાંની કેટલીક રીતો શાસ્ત્રની આજ્ઞારહિતજ છે અને એ તો આપણી બુદ્ધિ પણ કબૂલ કરે છે કે–દેવદ્રવ્યની વૃદ્ધિ માટે આવા અનુચિત વ્યવહારો શા માટે હોવા જોઇએ ? જે વ્યવહારો પોતાને માટે પણ નહિ કરવાને ગૃહસ્થોને વારંવાર ઉપદેશ કરવામાં આવે છે, તેજ વ્યવહારો દેવદ્રવ્યની વૃદ્ધિને માટે કરવામાં આવે, એ કેવી વિચિત્રપ્રવૃત્તિ !

આવી પ્રવૃત્તિયોથી–આવા માર્ગોથી થતી દેવદ્રવ્યની વૃદ્ધિ એ અવિધિપૂર્વકજ વૃદ્ધિ છે. અને અવિધિપૂર્વક કરેલી દેવદ્રવ્યની વૃદ્ધિનો તો શાસ્ત્રકારો **નાશ** જ બતાવે છે. **द्रव्यसप्तति** ની ૮ મી ગાથાની ટીકામાં કહ્યું છે:–

**“ अविधिना च विहिता कालांतरे समूलं चैत्यादिद्रव्यं विनाशयति । यतः—**

**अन्यायोपार्जितं द्रव्यं दश वर्षाणि तिष्ठति ।**
**प्राप्ते च षोडशे वर्षे समूलं च विनश्यति ” ॥ १ ॥**

અર્થાત્—અવિધિથી કરેલી વૃદ્ધિ, કાલાન્તરે મૂલસહિત દેવાદિદ્ર-

વ્યનો નાશ કરે છે. કારણ કે અન્યાયથી ઉત્પન્ન કરેલ દ્રવ્ય દસ વર્ષ રહે છે, અને સોલ વર્ષ થતાં તો તે મૂલસહિત નાશ પામે છે.

મહાનુભાવો ! લગાર ઉપરના પાઠ ઉપર ધ્યાન આપો. એક દેરાસર આજથી સો વર્ષ ઉપર બન્યું હોય, તે દેરાસરમાં હમેશાં થતી જતી દ્રવ્યની વૃદ્ધિના પ્રમાણમાં અત્યારે કેટલું દ્રવ્ય હોવું જોઇએ ? છતાં કોઇએ સો વર્ષનો હિસાબ ચોખ્ખી રીતે ક્યાંય જોયો ? સેંકડો વર્ષોથી ચાલતી મોટી મોટી પેઢીઓના કોઇએ જૂના હિસાબો જોયા ? મૂળ મૂડી કેટલી હતી ? અને અત્યાર સુધી તેની શી શી વ્યવસ્થાઓ થઈ, એની કોઇને પણ ખબર પડી ? ત્યારે આવી અવસ્થામાં લોકો એવી કલ્પનાઓ કરે કે-'**અવિધિ પૂર્વક દેવદ્રવ્યની વૃદ્ધિ કરવાનાં આ પરિણામે આવ્યાં**' તો તેમાં ખોટું શું છે ? સાંભળવા પ્રમાણે અમદાવાદથી લઈ કરીને મુંબઈ સુધીમાં દેવદ્રવ્યની લગભગ નેવુ લાખની લોનો લેવાએલી છે. હવે ધારો કે તે નેવુ લાખના પચાસ લાખે ન મળતા હોય, તો એં ચાલીસ લાખ રૂપિયાનો નાશ થયો ગણાય કે નહિ ? અને થયો, તો તે અવિધિથી ઉત્પન્ન કરેલા દ્રવ્યનું પરિણામ કહીએ તો શું ખોટું છે ?

અતએવ વારંવાર કહેવામાં આવે છે કે—દેવદ્રવ્યની વૃદ્ધિ પણ વિધિપૂર્વક—મોહ—મમત્વ રહિત અને દ્રવ્ય—ક્ષેત્ર—કાળ—ભાવને ઓળખીનેજ કરવી જોઇએ છે. શાસ્ત્રકારો પણ દ્રવ્ય—ક્ષેત્ર—કાળ--ભાવને જોઈનેજ કામ કરવાનું કહે છે. જૂઓ **द्रव्यसप्तति**ની ૮ મી ગાથાની ટીકામાં આગળ વધીને ટીકાકાર શું કહે છે.

**" यतो लोकेऽपि कृषिणवाणिज्यसेवाभोजनशयनासनविद्यासाधनगमनं वंदनादिकं च द्रव्य—क्षेत्र—कालादिविधिना विहितं पूर्णफलवत्, नान्यथा ।**

અર્થાત્—લોકોમાં પણ ખેતી, વ્યાપાર, નોકરી, ભોજન, શયન, આસન, વિદ્યાસાધન, ગમન અને વંદનાદિક દ્રવ્ય—ક્ષેત્ર—કાળ વિગેરે વિધિને અનુસરીને કર્યું હોય, તોજ તે સંપૂર્ણ ફલને આપે છે, અન્યથા આપતાં નથી.

આ ઉપરથી જોઈ શકાય છે કે—શાસ્ત્રકાર પ્રત્યેક કાર્યમાં દ્રવ્ય—ક્ષેત્ર—કાળ—ભાવ ઉપર ધ્યાન આપવાનું ફરમાવે છે. અને શાસ્ત્રોમાં

એવાં અનેક દૃષ્ટાન્તો પણ મળે છે કે–મહાન્ પુરૂષોને પણ દ્રવ્ય–ક્ષેત્ર કાળ–ભાવ પ્રમાણે પોતાની પ્રવૃત્તિઓ ફેરવવી પડી છે. **ગૌતમસ્વામ** અને કેશીગણધર જ્યારે મળ્યા અને ચાર તથા પાંચ મહાવ્રતો સંબંધી વિચાર ચાલ્યો, ત્યારે પરિણામે કેશીગણધર પાર્શ્વનાથ ભગવાનના સંતાનિયા હોઈ ચાર મહાવ્રત ધારણ કરવાવાળા હોવા છતાં દ્રવ્ય–ક્ષેત્ર–કાળાદિને અનુસરીને પાંચ મહાવ્રત વિગેરેનો ( વિગેરેમાં–પંચરંગી કપડાંને બદલે સફેદ કપડાં, બે પ્રતિક્રમણને બદલે પાંચ પ્રતિક્રમણ–વિગેરે પણ આવી જાય છે. ) સ્વીકાર કર્યો, અને એ પણ ખરૂં છે કે–સમય સમયની ક્રિયા સમય સમય ઉપર હોય, તોજ તે શોભા આપી શકે છે. **રામનું** નામ ભલે ઉત્તમ છે. પરન્તુ વિવાહના પ્રસંગે પાંચ–પચીસ માણસો 'રામ બોલો ભાઈ રામ' 'રામ બોલો ભાઈ રામ' કરતાં કરતાં લગ્નવાળાને ત્યાં જાય, તો *તેમની બુદ્ધિ માટે લોકો કંઈ* કિમ્મત આંકી શકે ખરા ? અત એવ સમજવું જોઇએ છે કે—પ્રત્યેક કાર્યમાં–પછી તે વ્યાવહારિક કાર્ય હોય યા ધાર્મિક–દ્રવ્ય–ક્ષેત્ર કાળ–ભાવ ઉપર અવશ્ય ધ્યાન આપવું જોઇએ છે. અને એ પ્રમાણે ધ્યાન આપીને જેઓ કાર્યો કરે છે, તેઓજ જગત્માં પ્રશંસા પામે છે, એટલુંજ નહિ પરન્તુ પોતાની ઉન્નતિ પણ કરી શકે છે. અમુક સમયે અમુક ક્રિયા થઈ હતી, માટે અમારે પણ કર્યાજ કરવી જોઇએ, એ નરી અજ્ઞાનતા નહિ તો બીજું શું ?

**સારાંશ**—આખા લેખનો સારાંશ એજ છે કે—**દેવદ્રવ્યની આવશ્યકતા જરૂર છે. મંદિરો અને મૂર્ત્તિઓની રક્ષાને માટે દેવદ્રવ્યની વૃદ્ધિ કરવીજ જોઇએ.** પરંતુ તે દેવદ્રવ્યની વૃદ્ધિ શાસ્ત્રોમાં કહ્યા પ્રમાણે વિધિપૂર્વકજ કરવી જોઇએ. અવિધિપૂર્વક કરેલી વૃદ્ધિ મૂલ સહિત દેવદ્રવ્યનો નાશ કરે છે. એટલુંજ નહિ પરંતુ **आत्मप्रबोध, संबोधसप्तति, संबोधप्रकरण** અને **धर्मसंग्रह** વિગેરેમાં કહેવા પ્રમાણે જિનવરની આજ્ઞારહિત અવિધિપૂર્વક દેવદ્રવ્યની વૃદ્ધિ કરનાર સંસારસમુદ્રમાં ડૂબે છે,

છેવટ–ઉપરની તમામ હકીકત ઉપર ધ્યાન આપીનેજ દેવદ્રવ્યની વૃદ્ધિ કરવા તરફ પ્રવૃત્તિ કરવી જોઇએ; તેમ પૂજા આરતિ વિગેરે બોલીનું દ્રવ્ય સાધારણ ખાતામાં લઈ જવામાં લગાર પણ શા-

સ્ત્રીય બાધ છે જ નહિ, એ સંબંધી પણ પૂરતો વિચાર કરવો જોઇએ છે, એટલું કહી વિરમું છું; અને દેવદ્રવ્ય સંબંધી વિશેષ માહિતી માટે મારી હવે પછી નિકળનારી **ચોથી પત્રિકા** વાંચવાને ઉત્કંઠિત રહેવાની ભલામણ કરૂં છું.

---

## પત્રિકા નં. ૪

### ઉપસંહાર.

અત્યાર સુધી ત્રણ પત્રિકાઓ દ્વારા હું 'દેવદ્રવ્ય સંબંધી મારા વિચારો' બતાવી ચૂક્યો છું. હવે આ વિષયનો હું **ઉપસંહાર** કરીશ. મારી પત્રિકાઓમાં 'દેવદ્રવ્ય' કોને કહેવું? એ સવાલથી લઇ કરીને દેવદ્રવ્યની વૃદ્ધિ, તેના ઉપાયો અને તેનો વ્યય શામાં કરવો? એ વિગેરે, આ વિષયને લગતા ન્હાના મોટા જેટલા પ્રશ્નો આપણી બુદ્ધિથી ઉપસ્થિત થઇ શકે, તે બધાઓનું સમાધાન શાસ્ત્રીય અને વ્યાવહારિકદૃષ્ટિએ મેં કર્યું છે. મારી તે પત્રિકાઓને મધ્યસ્થ દૃષ્ટિથી વાંચનાર કોઇ પણ વાચક જોઇ શકશે કે–મેં મારા વિચારોમાં સંપૂર્ણ રીતે મૂર્ત્તિની–મંદિરોની અને દેવદ્રવ્યની આવશ્યકતા સ્વીકારી છે. માત્ર, મેં જૈનસમાજને જે કંઇ વિશેષ ભલામણ કરી હતી અને કરૂં છું તે એજ કે—"**પૂજા–આરતી વિગેરે પ્રસંગોમાં બોલી બોલવાનો રિવાજ સંઘની કલ્પનાનો રિવાજ છે, અને તેટલા માટે સંઘ તે બોલિયોથી ઉત્પન્ન થતું દ્રવ્ય હવે પછી સાધારણ ખાતામાં લઇ જવાનો ઠરાવ કરે, તો તે ખુશીથી કરી શકે છે, એમાં શાસ્ત્રીય બાધ લગારે નથી.**" મારી આ માત્ર સૂચના હતી. જે વખતે મેં સમાજને આ સૂચના કરી હતી–બીજા શબ્દોમાં કહું તો–જે વખતે આ સૂચનાવાળો પ્રથમ લેખ મેં વર્ત્તમાન પત્રોમાં બહાર પાડ્યો, તે વખતે મને સ્વપ્નમાં પણ ખ્યાલ નહિં હતો કે–મારા આ વિચારો તરફ સમાજનું આટલું બધું ધ્યાન ખેંચાશે. અને 'દેવદ્રવ્ય સંબંધી મારા વિચારો'ની પત્રિકાઓ ઉપર પત્રિકાઓ મારે

બહાર પાડવી પડશે. પરન્તુ મનુષ્ય ધારે છે શું અને થાય છે શું! પરિણામ એ આવ્યું કે–મારા લેખ તરફ કેટલાક મહાત્માશ્રીઓનું ધ્યાન ખેંચાયું. ગમે તે કારણે પણ એક મહાત્માશ્રીએ મારા વિચારો એકાએક પાછા ખેંચી લેવા સંબંધી વગર પ્રમાણો આપે મને સૂચના કરી. પરન્તુ હું મારા વિચારો ઉપર મક્કમ રહ્યો, અને "જ્યાં સુધી શાસ્ત્રીય પુરાવાઓથી મારા વિચારોને ખોટા ન ઠરાવી આપવામાં આવે, ત્યાં સુધી મને મારા વિચારો ફેરવવાનું કંઇ પણ કારણ નથી." એમ દૃઢતાપૂર્વક મારે મારો નિશ્ચય બહાર પાડવો પડ્યો. બીજી તરફ મારી પ્રથમ પત્રિકાની હજારો નકલો જૈનસમાજમાં વ્હેંચાઇ અને મને જ્યારે એમ માલૂમ પડ્યું કે–હજૂ સમાજ, આ વિષયમાં વધારે ને વધારે જાણવાની ઇચ્છા ધરાવે છે, ત્યારે મેં 'દેવદ્રવ્ય સંબંધી મારા વિચારો'ની બીજી બે પત્રિકાઓ, શાસ્ત્રના પ્રબળ પુરાવાઓ અને સમય સમય ઉપર બનેલા ઐતિહાસિક પ્રસંગોના દાખલાઓ આપીને બહાર પાડી.

હું આ ઉપસંહારને લખી રહ્યો છું, ત્યાં સુધી પણ મારા વિચારોને ખોટા ઠરાવનાર એક પણ સમુચિત પ્રમાણ બતાવવામાં આવ્યું નથી. માત્ર જે કંઇ **શ્રાદ્ધવિધિનું** પ્રમાણ (?) આપીને કેટલાકો પોતાની વાતને સાચી ઠરાવવા પ્રયત્ન કરી રહ્યા છે, તેનો તો અર્થ જ **ખોટો** કરવામાં આવ્યો છે; એ વાત મેં મારી બીજી પત્રિકામાં તથા **પ્રવર્ત્તક શ્રીમંગળવિજયજી**એ 'બોલી બોલવાનું વિધાન શ્રાદ્ધવિધિમાં છે કે?' એ નામની પોતાની પત્રિકામાં સારી રીતે બતાવી આપી છે. એ ઉપરથી સમાજના સમજવામાં આવ્યું હશે કે–**શ્રાદ્ધવિધિ** ના **'द्रव्योत्सर्पणपूर्वकारात्रिकविधानादिना'** એ પાઠમાં આવેલ **उत्सर्पण** શબ્દનો અર્થ **'બોલી બોલવી'** એવો કોઇ પણ રીતે થતોજ નથી. આપણને હદપારની અજાયબી ઉપજે છે કે–જે મહાત્માશ્રીઓ, **બોલી બોલવાનું વિધાન** અનેક ધર્મગ્રંથોમાં હોવાની ઉદ્‌ઘોષણા કરતા હતા, અને જેમણે અનેક ગ્રંથોનાં નામો પણ આપ્યાં હતાં, તેઓ અત્યારે એક માત્ર શ્રાદ્ધવિધિના એક પાઠમાં આવેલા **उत्सर्पण** શબ્દથીજ (તે પણ ખોટો અર્થ કરીને) પોતાના પક્ષની પ્રબળતા સમજી બીજા ગ્રંથોની સામે હવે દૃષ્ટિપાત પણ કરતા નથી. આપણા

પ્રાચીન ભંડારોમાં પીસ્તાલીસ આગમો અને હજારો બલ્કે લાખો ગ્રંથો મૌજૂદ હોવા છતાં, બોલી બોલવાના વિધાનને માટે માત્ર **શ્રાદ્ધવિધિ**માં આવેલા **उत्सर्पण** શબ્દનેજ (તે પણ ખોટો અર્થ કરીનેજ) પર્યાપ્ત સમજવામાં આવે, એના જેવું સખેદાશ્ચર્ય બીજું કયું હોઇ શકે? જો તે સંબંધીનું **વિધાન** કોઇપણ ગ્રંથમાં નહિં હતું, તો પછી અનેક ગ્રંથોનાં નામો આપવાનું પ્રયોજન શું હતું? અસ્તુ.

બોલી, એ તો કોઇ મોટી બાબતજ નથી; કારણ કે એ તો ક્લેશના નિવારણને માટે સંઘે દાખલ કરેલો રિવાજ છે; પરન્તુ **ચારિત્ર** જેવી વસ્તુ, કે જે મોક્ષપ્રાપ્તિનાં સાધનોમાંનું ખાસ એક સાધન છે, તેમાં પણ ફેરફાર થયેલો છે. જૂઓ—

સમ્યક્ચારિત્રના બે ભેદો છેઃ—**આભ્યન્તરચારિત્ર** અને **બાહ્યચારિત્ર.** તેમાં શુદ્ધ ઉપયોગ, શુદ્ધ ભાવના અને શુદ્ધ ધ્યાન–એ પ્રકારની આત્માની સ્થિતિને **આભ્યન્તરચારિત્ર** કહેવામાં આવે છે, અને આચાર–અનુષ્ઠાનાદિ ક્રિયા **બાહ્યચારિત્ર** છે. આ બેમાં આભ્યન્તરચારિત્ર અમુક નિશ્ચિતરૂપે હમેશાં વ્યવસ્થિત છે, કેમકે આત્માની શુદ્ધ પરિણતિ–એજ **આભ્યન્તરચારિત્રનું** લક્ષણ હોઇ તે પોતાના સ્વરૂપમાં ત્રણે કાળમાં ચોક્કસ રહે છે. પણ **બાહ્યચારિત્ર,** તે પ્રમાણે ત્રણે કાળમાં ચોક્કસ રહેતું નથી. કારણ કે–આચાર–અનુષ્ઠાનાદિ બાહ્યક્રિયારૂપ છે. અને તેટલાજ માટે તેમાં પરિવર્ત્તનો થયેલાં જોઇએ છીએ. જૂઓ—

આપણાં પ્રતિક્રમણો, કે જે આપણી જરૂરની ક્રિયા છે, તેમાં પણ કેટલો બધો ફેરફાર થઈ ગયો છે? શું કોઈ કહી શકે તેમ છે કે—આપણાં '**પ્રતિક્રમણો**' જેવાં મહાવીરસ્વામીના સમયમાં થતાં હતાં, તેવાંજ (કંઇ પણ ફેરફાર વગર) અત્યારે પણ થાય છે? નહિંજ. પ્રતિક્રમણોમાં બોલાતાં સૂત્રોને ઐતિહાસિક દૃષ્ટિએ અવલોકનારા ખુલ્લં ખુલ્લા કહી દેશે કે—"સકલાર્હત્, સ્નાતસ્યા, લઘુશાન્તિ, અજિતશાન્તિ, સંસારદાવા, સંતિકર, બૃહચ્છાન્તિ વિગેરે જે જે ચૈત્યવંદન, અને સ્તુતિ–સ્તોત્રાદિ વાર્ત્તમાનિક પ્રતિક્રમણોમાં બોલાય છે, તે, તેના બનાવનાર મહાત્માઓની પૂર્વેનાં પ્રતિક્રમણોમાં નહિં હતાં" '**સકલાર્હત્**' ના બનાવનાર કુમારપાલભૂપાલપ્રતિબોધક પ્રભુ **શ્રીહેમ-**

**ચંદ્રાચાર્ય** છે. તેઓ બારમી શતાબ્દિમાં થયા છે. સુતરાં કહેવું પડશે કે—અત્યારે પ્રતિક્રમણોમાં જે **સકલાર્હત્** કહેવામાં આવે છે તે, હેમચંદ્રાચાર્યની હયાતીમાં અથવા તેમની પછી પ્રતિક્રમણમાં દાખલ થયું છે. '**સ્નાતસ્યા**' ની સ્તુતિના કર્ત્તા શ્રીહેમચંદ્રાચાર્યના શિષ્ય **બાલચંદ્ર** છે. અને તેથી એ માનવુંજ પડશે કે—અત્યારે પ્રતિક્રમણમાં જે 'સ્નાતસ્યા' ની સ્તુતિ કહેવાય છે તે, તેના કર્ત્તાની હયાતીમાં યા તેમની પછી પ્રતિક્રમણોમાં દાખલ થયેલી છે. '**સંસારદાવા**' ની સ્તુતિના કર્ત્તા **શ્રીહરિભદ્રસૂરિ** મહારાજ છે, અતએવ એ ચોખ્ખું છે કે—'સંસારદાવા' ની સ્તુતિ હરિભદ્રસૂરિ મહારાજના સમયમાં અથવા તે પછીના સમયમાં પ્રતિક્રમણમાં દાખલ થયેલી છે. આ જ પ્રમાણે **લઘુશાન્તિ, બૃહચ્છાન્તિ** વિગેરેને માટે પણ સમજી લેવાનું છે. આ બધું શું સૂચવે છે? પરિવર્ત્તન કે બીજું કંઈ? લગાર ઊંડા ઉતરીને જૂઓ—સાધુઓ અને શ્રાવકોના અતિચારો પ્રાચીન કાળમાં શું ગુજરાતીમાં બોલાતા હતા? ના, અત્યારે ગુજરાતીમાં બોલાય છે, એ ફેરફાર કે બીજું કંઇ? આગળ વધીને હવે આવશ્યકતા જણાતાં,—લોકોના મગજમાં તે વિચારો આવતાં તેજ અતિચારો હિંદીભાષામાં પણ ફેરવાયા. બસ, વિશેષ શું કહેવું હતું? પ્રતિક્રમણ જેવી આવશ્યક ક્રિયામાં આટલું બધું પરિવર્ત્તન—આટલો બધો ફેરફાર આપણે સાક્ષાત્ જોઈ રહ્યા છીએ અને ઇતિહાસ, તેને માટે સાક્ષી આપવાને જાગતો-જીવતો ઉભોજ છે, ત્યારે બીજી ક્રિયાઓને માટે તો કહેવું જ શું? હવે કોણ કહી શકે તેમ છે કે-આદ્ય ક્રિયાઓમાં—શાસ્ત્રીય ક્રિયાઓમાં ફેરફાર થઈ શકેજ નહિં—થઈ શકતોજ નથી? જ્યારે શાસ્ત્રીય ક્રિયાઓની આવી સ્થિતિ છે, તો પછી **બોલી** જેવો રિવાજ, કે જે રિવાજ શાસ્ત્રીય રિવાજ નથી—શાસ્ત્રીય વિધાનરૂપ નથી, કિન્તુ સંઘનો કલ્પેલો રિવાજ છે, તેમાં સંઘ સમયાનુકૂળ ફેરફાર કરે—અને તેમ કરવાને તે અધિકારી હોય, એમાં નવાઈ જેવુંજ શું છે?

મહાનુભાવો! જરા જૂઓ તો ખરા! ભાદરવા સુદિ પાંચમની સંવત્સરી શ્રીકાલિકાચાર્ય મહારાજે ચોથની ઠરાવી-પ્રવર્ત્તાવી, એ શું સાધારણ પરિવર્ત્તન છે? સાંવત્સરિક પ્રતિક્રમણ, કે જે આખા વર્ષનાં ધાર્મિકકૃત્યોમાં સૌથી ઉચ્ચ કોટીનું ધાર્મિકકૃત્ય ગણવામાં આવે છે,

તેના દિવસમાં ફેરફાર કરવો, એ કેવું ગંભીર કામ કહેવાય ? છતાં તે થયું, અને દરેકે માન્ય રાખ્યું, એનો અર્થ શો ?

આવી કેટલીએ બાબતો છે કે—જેમાં ફેરફાર થયેલો આપણે અનુભવીએ છીએ. આવી બાબતોનાં અનેક ઉદાહરણો હું મારી પત્રિકાઓમાં ઠેકાણે ઠેકાણે બતાવતો પણ ગયો છું. અરે, ખુદ બોલીના રિવાજમાં પણ અનેક સ્થળે ફેરફારો થયાનું બતાવી ચૂક્યો છું. છતાં 'ન ફેરવી શકાય,' 'ન ફેરવી શકાય' 'સાધારણ ખાતામાં ન લઈ શકાય' આવું બોલીને માથું ધૂણાવ્યાજ કરવું, એ શા આધારે ? જે કાર્ય કરવામાં શાસ્ત્રીય લગારપણ બાધ ન નડતો હોય, અને ભવિષ્યમાં જૈનસમાજની ઉન્નતિ સમાયેલી હોય, એ કાર્ય કરવાનો વગર **પ્રમાણોએ** નિષેધ કરવો, એ સમાજને જાણી જોઇને આડે માર્ગે લઇ જવા બરાબર શું નથી ?

ખરી વાત તો એ છે કે—'દેવદ્રવ્ય' નું યથાર્થ લક્ષણ અને યથાર્થ સ્વરૂપ સમજવામાં આવે, તો આ વિષયમાં વિવાદનું કારણજ રહેતું નથી. હું મારી ત્રીજી પત્રિકામાં '**द्रव्यसप्तति**' ની બીજી ગાથા આપીને દેવદ્રવ્યનું લક્ષણ બતાવી ગયો છું તેમ—' દેવને સમર્પણ બુદ્ધિથી આપેલ જે દ્રવ્ય-વસ્તુઓ તેજ **દેવદ્રવ્ય** છે,'—આ લક્ષણ માનવામાં આવે, તો પછી પૂજા-આરતી વિગેરે બોલીની ઉપજ કોઈ પણ ખાતામાં લઇ જવામાં વાંધોજ શો રહે છે ? **જે દ્રવ્ય હુજૂ દેવને સમર્પણ થયું નથી-જે દ્રવ્ય માટે કોઇપણ જાતનો નિશ્ચય થયો નથી, તે દ્રવ્ય ગમે તે ખાતામાં લઈ જવાનો સંઘ શા માટે ઠરાવ ન કરી શકે? બોલીનો હેતુ, કે જે કલેશ નિવારણનો છે, તેની સાથે દેવદ્રવ્યને શું લાગે વળગે છે?** આવા રિવાજોના દ્રવ્યને માટે તો જે જ માનામાં જે ક્ષેત્રની અધિક આવશ્યકતા જણાતી હોય, અર્થાત્ જે ક્ષેત્રને વધારે પોષણ કરવાનું ઉચિત સમજાતું હોય, તે જમાનામાં, તે ક્ષેત્રની અંદર તે દ્રવ્ય લઈ જવાનું સંઘ ઠરાવે છે અને એમ વિચારપૂર્વક **કાર્ય કરવામાંજ** સંઘનું સંઘત્વ સમાયેલું છે.

વર્તમાન સમયમાં **સાધારણ** ખાતાને પુષ્ટ કરવાની સૌથી પહેલી કે જરૂર છે, એ વાત આપણે અનેક વખત જોઈ ચુક્યા છીએ. અને એટલા માટે હવે પછી બોલીનું ઉત્પન્ન થતું દ્રવ્ય સાધારણ ખાતામાં

લઈ જવાનો દરેક ગામોના સંઘોએ ઠરાવ કરવાની જરૂર છે. આની સાથેજ સાથે જે દ્રવ્ય ભંડારોમાં ભર્યું-પડ્યું છે, તેનો પ્રાચીન દેરાસરોના જીર્ણોદ્ધારોમાં વ્યય પણ કરતા રહેવું જોઇએ. અને એ તો આપણે સારી પેઠે સમજીએ છીએ કે—દેવદ્રવ્યના નામે એકત્રિત થયેલું દ્રવ્ય, માત્ર મંદિરો અને મૂર્ત્તિયોને જ ઉપયોગી છે; જ્યારે સાધારણ ખાતાનું દ્રવ્ય સાતે ક્ષેત્રોમાં ઉચિત રીતિએ સંઘ વાપરી શકે છે. અર્થાત્—સાધારણ ખાતાનું દ્રવ્ય જેમ બીજાં બધાં કાર્યોમાં વાપરી શકાય છે, તેમ ચૈત્ય સંબંધી કાર્યમાં પણ વાપરી શકાય છે, તો પછી બોલી દ્વારા ઉત્પન્ન થતું દ્રવ્ય, હવે પછી સાધારણ ખાતામાં લઈ જવાનો ઠરાવ શા માટે ન કરવામાં આવે ? અને એ તો અનેક વખત કહેવાઈ ગયું છે કે-બોલીની સાથે દેવદ્રવ્યને કંઈ પણ લાગતું વળગતું નથી. કારણ કે-બોલીનો રિવાજ એ તો કલેશનિવારણને માટે દાખલ થયેલો રિવાજ છે. એટલે તે દ્રવ્ય, ગમે તે ખાતામાં લઇ જવાને સંઘ અધિકારી જ છે.

આવી રીતે સાધારણ ખાતું પુષ્ટ કરવાથી સાતે ક્ષેત્રોની પુષ્ટિ અનાયાસ થઈ જશે. અહિં કોઇએ એમ પણ નથી સમજવાનું કે-સાધારણ ખાતામાં વિશેષ દ્રવ્ય એકત્રિત થવાથી લોકો ખાઈ જશે. કારણ કે, એ તો હું મારી બીજી પત્રિકામાં જ બતાવી ચુક્યો છું કે-સાધારણ દ્રવ્ય પણ દેવદ્રવ્ય જેટલો જ અધિકાર ધરાવે છે. અર્થાત્-જેમ દેવદ્રવ્યના ભક્ષણથી પાપ લાગે છે, તેવીજ રીતે સાધારણ દ્રવ્યના ભક્ષણથી પણ પાપ લાગે જ છે. હા, કોઇ ગરીબ-નિરાધાર-અશક્ત એવા જૈનને સંઘ સાધારણ ખાતામાંથી આપે, તો તે ખુશીથી વાપરી શકે છે. મતલબ કે દેવદ્રવ્ય અને સાધારણ દ્રવ્યમાં એટલો જ ફરક છે કે-દેવદ્રવ્ય, માત્ર ચૈત્ય અને મૂર્ત્તિ સંબંધી કામમાં આવી શકે છે, ત્યારે સાધારણ દ્રવ્યને સંઘ સાતે ક્ષેત્રોમાં ઉચિત રીતે વાપરી શકે છે. આ પ્રમાણે સાતે ક્ષેત્રોનો જેના ઉપર આધાર રહેલો છે, એવા સાધારણ ખાતાને વિશેષ પોષવાની જરૂર છે, એ વાત સૌ કોઇને કબૂલ કરવી જ પડે છે. ત્યારે આ સાધારણ ખાતું શી રીતે પુષ્ટ કરવું, એજ માત્ર સવાલ છે. આના સંબંધમાં કોઈ કોઈ એવી સલાહ આપે છે કે-સાધારણ ખાતું પુષ્ટ કરવા માટે તમામ જૈનો ઉપર કોઈ

એક પ્રકારનો-ટેક્સ-લાગો નાખવો જોઇએ. પણ આવી ભલામણ કરનારાઓએ જૈનોની સ્થિતિનો પહેલાં ખ્યાલ કરવાની જરૂર છે. જૈનોમાં રહેલી ગરીબાઈ, દુષ્કાળ ઉપર દુષ્કાળ, મોંઘવારીનું વધતું જતું જોર અને સરકારના કેટલાક ટેક્સો-આ બધાં કષ્ટોમાં ધર્મના નામે તેમના ઉપર જો કોઈ ટેક્સ નાખવામાં આવે, તો તે 'મરતાને પાટુ' સમાન શું ન થઈ પડે? કોન્ફરન્સ જેવી સંસ્થામાં ચાર ચાર આના આપવામાં પણ લોકો કેટલા પાછા રહ્યા છે, એ શું કોઇથી અજાણ્યું છે? વળી કેટલાક ગામો અને શહેરોમાં સાધારણ અને કેશર-સૂખડ માટે બે-એક કે અડધા રૂપિયાનો લાગો હોય છે, પરન્તુ તે પણ આપવો લોકોને ભારે પડે છે, અર્થાત્-તેવો જૂજ લાગો પણ દરેક પાસેથી વસૂલ થઈ શકતો નથી; તો પછી આવા બીજા નવા લાગાઓથી શી સાર્થકતા થાય?

અતએવ આને માટે સૌથી સારામાં સારો અને સ્હેલામાં સ્હેલો ઉપાય એજ છે કે-આપણામાં જેટલી બોલીયો બોલાય છે, તે તમામની ઉપજ સાધારણ ખાતામાં લઈ જવાનો સંઘે ઠરાવ કરવો જોઇએ. જેથી કોઇના માથે કંઈ પણ જાતનો બોજો પણ ન પડે, અને સંઘનું આ કાર્ય અનાયાસથી સિદ્ધ થઈ જાય, અને તેમ કરવામાં કંઈ શાસ્ત્રીય દોષ પણ નથી. મને લાગે છે કે-જો આ પ્રમાણેની યોજના કરવામાં આવે, તો જૈનસમાજ જે જે રોગોથી અત્યારે સડી રહી છે તે બધાએ રોગોને થોડાજ વખતમાં દૂર કરવા ભાગ્યશાળી થઈ શકે અને પરિણામે જૈનસમાજ જગત્‌ના તમામ વિભાગોમાં મહાવીરદેવના અકાટ્ય સિદ્ધાન્તોનો પ્રચાર કરી શકે.

મહાનુભાવો! આવો સુઅવસર પ્રાપ્ત કરવા માટે ઉત્સાહિત થાઓ. ઇર્ષ્યા અને વૈરભાવની લાગણીઓને દૂર કરી તટસ્થ બુદ્ધિથી શાસ્ત્રોનાં રહસ્યોને તપાસો. સમયના સંયોગો તરફ દૃષ્ટિપાત કરો. જેમ સમય સમય ઉપર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જોઇને સમાજનાં બંધારણોમાં અને રીત-રિવાજોમાં ફેરફારો થતા આવ્યા છે, તેમ વર્ત્તમાન સમયમાં પણ સમાજનું બંધારણ સુવ્યવસ્થિત અને અમુક વર્ષોથી ચાલ્યા આવતા કેટલાક રિવાજોમાં ફેરફાર કરવાની જરૂર છે. પ્રસ્તુતમાં મારે સ્પષ્ટ કહેવું જોઇએ કે—જો કે—આરતી-પૂજા વગેરેની

બોલીની ઉપજ દેવદ્રવ્યમાં જાય કે સાધારણમાં, એ સવાલની સાથે મને-પોતાને કંઇ પણ અંગત સ્વાર્થ નથી, પરન્તુ જૈનસમાજની વધતી જતી કફોડી સ્થિતિ ઉપર ધ્યાન આપીનેજ મેં આ સવાલ ઉપસ્થિત કર્યો છે. આની સાથે સાથે એ પણ ધ્યાનમાં રાખવું કે-હું કેવળ ( શાસ્ત્રનિરપેક્ષ ) બુદ્ધિવાદના વ્યાપારનો પક્ષપાતી નથી. કોઈ પણ પ્રકારનો વિચાર બાંધવામાં શાસ્ત્રદૃષ્ટિને આગળ કરવાની પહેલી જરૂર જોઉં છું. શાસ્ત્રરૂપી દીવો લીધા સિવાય તર્કના વનમાં વિહરવું, એ સહીસલામત ભરેલું હું માનતો નથી. પરન્તુ શાસ્ત્રોને તપાસવામાં લગાર પણ પ્રમાદ થઈ જાય, તો તેનાથી અર્થનો અનર્થ થઈ જવાનો સંભવ રહે છે, એ હમેશાં સ્મરણમાં રાખવા જેવું છે.

પ્રસ્તુત દેવદ્રવ્ય સંબંધી મારા વિચારો શાસ્ત્રઆજ્ઞાથી લગારે વિરૂદ્ધ જાય છે કે કેમ ? એ તપાસવાને મેં પૂરતો પ્રયત્ન કર્યો છે અને તેથી મને વિશ્વાસ છે કે—બોલીનું દ્રવ્ય હવે પછી સાધારણ ખાતામાં લઈ જવાનો જે મેં સવાલ સમાજની સમક્ષ મૂક્યો છે, તેમાં હું લગાર પણ ભૂલતો નથી, તેમ છતાં પણ શાસ્ત્રનાં પ્રમાણો આપીને કોઈ મારા વિચારોને ખોટા ઠરાવી આપે, તો હજૂ પણ તે વિચારોને ફેરવવામાં મને લગાર પણ હરકત જેવું નથી.

સજ્જનો ! હું શું કહું છું તે લગાર ધ્યાનમાં લ્યો. મને તે મહાનુભાવો ઉપર અત્યન્ત ભાવદયા ઉત્પન્ન થાય છે કે-જેઓ " હું દેવદ્રવ્યને ઉડાવી દેવા માંગું છું, " " દેવદ્રવ્ય બીજાઓને ખવરાવી દેવા માંગું છું " અને " દેવદ્રવ્યની આવકને બંધ કરી મંદિરો અને મૂર્ત્તિયોને ઉત્થાપવા ચાહું છું. " એવા મારા ઉપર અસદ્ભૂત આક્ષેપો મૂકી બીજાઓને મારા પ્રત્યે ઉશ્કેરવાનો પ્રયત્ન કરી રહ્યા છે; પરન્તુ મારી પત્રિકાઓ જેમણે ધ્યાનપૂર્વક વાંચી હશે, તેમને ચોક્કસ ખાતરી થઈ હશે કે-હું દેવદ્રવ્યનો પૂરેપૂરો પક્ષપાતી છું. અને દેવદ્રવ્યને ધિક્કારનારાઓનો કટ્ટર વિરોધી છું. એટલુંજ નહિં પરન્તુ દેવદ્રવ્યની સમુચિત રીતે વૃદ્ધિ કરવાનો પણ પૂરેપૂરો હિમાયતી છું, આ સંબંધી મારી ત્રીજી પત્રિકામાં ઘણું ઘણું વિવેચન કર્યું છે. ઉત્તમોત્તમ વસ્તુઓ ભંડારમાં નાખવા વડે કરીને તેમજ ગામ-ગરાસ-ભાડું કે સમુચિત વ્યાજ

વિગેરે વડે કરીને દેવદ્રવ્યની વૃદ્ધિ કરવાનો મેં નિષેધ કર્યોજ નથી, વળી એકવીસ પ્રકારની પૂજામાં છેલ્લી પૂજા '**કોષવૃદ્ધિ**' ની કહી છે, તે વડે પણ દેવદ્રવ્યની વૃદ્ધિ કરી શકાય છે. પરન્તુ "ભગવાનની આજ્ઞા રહિત જેઓ દેવદ્રવ્યની વૃદ્ધિ કરે છે, તે મૂઢ પુરૂષો મોહ વડે કરીને ભવસમુદ્રમાં ડૂબે છે." એ શાસ્ત્રકારોના કથનથી તો હું કદાપિ જૂદો નજ પડી શકું. અને હું નથી માનતો કે, જેઓ શાસ્ત્રની મર્યાદાઓને માન આપે છે, જેઓ ભવભ્રમણનો ભય રાખે છે, અને જેમણે દેવદ્રવ્ય સંબંધી ગ્રંથોનું સ્થિરબુદ્ધિથી અવલોકન કર્યું છે, તેઓ આ વાતનો અસ્વીકાર કરી શકે. જ્યારે એમ જ છે તો પછી મેં એવું શું વિશેષ કહ્યું છે કે–જેથી મારા ઉપર એવા આક્ષેપો મૂકવામાં આવે છે? એવા આક્ષેપોથીજ ક્યાં 'ઇતિ શ્રી' થઇ છે? હું જોઇ શક્યો છું કે—મારા ઉપર અંગત હુમલાઓ કરવામાં અને છેવટે મારા ઉપદેશથી સ્થાપન થએલ સંસ્થાને તોડી પાડવાનો પ્રયત્ન પણ જોરશોરથી થઈ ચૂક્યો છે. વિચારભિન્નતાથી ભરેલા સંસારમાં પોતાથી વિરૂદ્ધ વિચાર ધરાવનારાઓ ઉપર ઉશ્કેરાઈ જવું, કષાયકલુષિત લાગણીઓથી ભરેલાં હેંડબીલો બહાર પાડવાં અને કોઇપણ રીતે સ્હામાને દબાવી દેવા પ્રયત્ન કરવો, એ નરી નિર્બળતાજ નહિં તો બીજું શું? વળી તેની સાથેજ સાથે, વિચારભિન્નતામાં વિચરનારાઓની સાથે શાસ્ત્રાર્થ કરીને કે શાસ્ત્રનાં પ્રબળ પ્રમાણો આપીને તેના વિચારોને ખોટા ઠરાવ્યા અગાઉ '**ઉત્સૂત્રભાષી**' નું અને '**નિહ્નવ**' નું કલંક આપવું, એ કેવળ બાલચેષ્ટા નહિ તો બીજું શું? હું તો હજુ પણ ઉદ્‌ઘોષણાપૂર્વક કહું છું કે—જ્યાં સુધી શાસ્ત્રનાં પ્રમાણો આપીને મારા વિચારોને ખોટા નહિં ઠરાવી આપવામાં આવે, ત્યાં સુધી હું મારા વિચારો લેખોદ્વારા અને ઉપદેશદ્વારા પ્રતિપાદન કરતોજ રહીશ. કારણ કે–જાણવા છતાં સત્ય વાતને ગોપવવી, એને હું પાપજ માનું છું. સત્ય વાતને જાહેર કરવામાં કોઇપિણ જાતનો દાક્ષિણ્યભાવ, શરમ કે સંકોચ કરવો ગેરવ્યાજબીજ છે. અત એવ લોકો મારા વિચારોને માને કે ન માને, એની દરકાર રાખ્યા સિવાય મારા વિચારો જનતાની સમક્ષ મૂકવા, એજ મારી ફરજ છે. અને એમ કરવામાં ભગવાન્ **ઉમાસ્વાતિ** મહારાજના આ સુભાષિત અનુસાર કલ્યાણજ માનું છું:—

“ न भवति धर्मः श्रोतुः सर्वस्यैकान्ततो हितश्रवणात् ।
ब्रुवतोऽनुग्रहबुद्ध्या वक्तुस्त्वेकान्ततो भवति ” ॥

અર્થાત્—હિતકારી શ્રવણ કરવાથી બધાએ શ્રોતાઓને એકાન્તતઃ ધર્મલાભ ન થાય, તો પણ ઉપકારબુદ્ધિથી બોલનાર વક્તાને તો નિયમેન કલ્યાણલાભ મળે છે.

છેવટ—ભગવાન્ **હેમચંદ્રાચાર્ય**ના શબ્દોમાં ( એ શબ્દોમાં ફેરફાર કરીને ) અનુરોધ કરતો વિરમીશ કે—

“ गुणेष्वसूयां दधतः परेऽमी
मा शिश्रियन्नाम विचारमेतम् ।
तथापि सम्मील्य विलोचनानि
विचारयन्तां नयवर्त्म सत्यम् ” ॥ १ ॥



॥ अर्हम् ॥

# બોલી બોલવાનું વિધાન શ્રાદ્ધવિધિમાં છે કે?

## શ્રીમાન્ આણંદસાગરજીએ આપેલ પુરાવાની નિર્બળતા.

(લેખક—પ્રવર્તક શ્રીમંગળવિજયજી.)

સંસારની અંદર વિચારભેદનું સામ્રાજ્ય કંઇ આજનું નથી; અનાદિકાળથી ચાલ્યું આવે છે. દરેક વ્યક્તિની એવી ઇચ્છા તો હોયજ કે–'મારા વિચારોને બધાઓ સહમત થાય;' અને એ ઇચ્છા થવી અસ્વાભાવિક પણ નથી; અતએવ કોઈ પણ વ્યક્તિ પોતાના વિચારનો પ્રચાર કરવા માટે—પોતાના વિચાર તરફ લોકોને વાળવા માટે પ્રયત્ન કરે તો તે સ્વાભાવિક છે. પરંતુ એટલું ધ્યાનમાં રાખવું જરૂરનું છે કે હૃદયની સમતોલવૃત્તિને આંચ ન આવવી જોઇએ.

હમણાં બે અઢી મહીનાથી દેવદ્રવ્યસંબન્ધી ચર્ચાએ મુનિમંડળની અંદર સ્થાન લીધું છે. 'દેવદ્રવ્ય' વસ્તુ શાસ્ત્રસિદ્ધ છે, એમાં તો મતભેદ નથી, પરન્તુ તેના (દેવદ્રવ્યના) સ્વરૂપ-નિર્ણયમાં વિચારભેદ રહેલો છે. એ વિચારભેદને પ્રકટ કરનાર, શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય **શ્રીવિજયધર્મસૂરિ** મહારાજ છે. એઓએજ પ્રથમતઃ પોતાના લેખમાં એ વિચારો બહાર પાડ્યા કે—

"દેવદ્રવ્ય વસ્તુ શાસ્ત્રસિદ્ધ છે. પણ દેવદ્રવ્ય કહેવું કોને? એજ વિચારનું સ્થાન છે. '**દ્રવ્યસપ્તતિકા**' વગેરે ગ્રન્થોના આધારે અને અનુભવ-દૃષ્ટિપ્રમાણે **'દેવને જે સમર્પણ કરવામાં આવ્યું હોય તે દેવદ્રવ્ય છે.'** દેવદ્રવ્યનું સ્વરૂપ-લક્ષણ આટલામાંજ પર્યાપ્ત છે. આ સિવાય બોલી બોલવાની જે રૂઢિ ચાલી આવેલી છે, **અને તેની** જે ઉપજ આવે છે, તે કોઈ ક્ષેત્રની સાથે **ચોક્કસ** સંબન્ધ **રાખતી**

નથી. તે તે સમયના સંયોગો પ્રમાણે કોઈપણ ઉચિત ક્ષેત્રમાં તે ઉપજનો ઉપયોગ કરી શકાય છે. આ માટે ચાલુ જમાનામાં વર્ત્તમાન સંયોગો જોતાં–જૈનસમાજની કફોડી સ્થિતિ પર દૃષ્ટિપાત કરતાં પૂજા, આરતી વગેરે પ્રસંગોએ બોલાતી બોલીનું દ્રવ્ય સાધારણ ખાતામાં લઈ જવું ઉચિત છે, એમાં કોઈ પ્રકારનો શાસ્ત્રીય દોષ જણાતો નથી. ”

આવા વિચારોની સાથે શ્રીવિજયધર્મસૂરીશ્વરજી મહારાજ જ્યારે બહાર આવ્યા, ત્યારે તેમની વિરૂદ્ધમાં શ્રીમાન્ આણંદસાગરજીએ “ આચાર્યો, પંન્યાસો, ગણીઓ અને મુનિઓએ જણાવેલો દેવદ્રવ્યસંબન્ધી નિર્ણય. ” એ મથાળાનું હેંડબીલ બહાર પાડ્યું. આ લેખથી તેઓશ્રીએ જણાવ્યું કે–‘ પૂજા, આરતીની બોલીની ઉપજ દેવદ્રવ્યમાંજ જાય, સાધારણ ખાતામાં લઈ જઈ શકાયજ નહિ. ’

હવે અહીં એ વિચારવાનું છે કે–એ “ નિર્ણય ” વાળા લેખથી જો તેમનો અભિપ્રાય એવો હોય કે–“ અમારો આમ નિશ્ચય છે ” તો તો કંઈ તકરારનું સ્થાનજ નથી; કેમકે “ **मुंडे मुंडे मतिर्भिन्ना** ” દરેકના વિચારો કે નિશ્ચયો કંઈ સરખા હોતા નથી, પરન્તુ જો **જજમેન્ટ**ના રૂપમાં તે નિર્ણય તેઓશ્રીએ જાહેર કર્યો હોય, તો ખરેખર તેમની તે સમજણ ઉપેક્ષા કરવા લાયક છે. કારણ કે કોણે તેમણે જજજ બનાવ્યા છે કે જજમેન્ટ આપવાનો તેમને અધિકાર હોઇ શકે? હજુ તો વાદ–પ્રતિવાદ થયોએ ન્હોતો, બંનેના વિચારો ચર્ચાની કોટી ઉપર ચઢ્યાએ ન્હોતા, તેટલામાંજ પોતાના લાગતા વળગતા સાધુઓ સાથે જજમેન્ટ આપવા બહાર આવવું, એ કેટલું ઇન્સાફથી ખિલાફ કહેવાય !

બીજી વાત એ છે કે–તે ‘ નિર્ણય ’ વાળા લેખમાં કંઇએ શાસ્ત્રપ્રમાણ કે યુક્તિ રજુ કરી ન્હોતી; માત્ર ગ્રન્થોનાં નામો લખીને ભવભ્રમણનો ભય બતાવી પતાવી દીધું હતું. આ શું વિદ્વાન્‌ની રીતિ કહેવાય ! શું એમ ખાલી ગ્રન્થોનાં નામો લખી દેવાથી વિચાર–નિર્ણય બાંધી શકાય ખરો કે? તેઓએ એ પ્રમાણ–યુક્તિપુરસ્પર બતાવવું જોઇતું હતું કે–“ પૂજા, આરતી વગેરેની બોલીની ઉપજ દેવદ્રવ્ય સિવાય બીજા ક્ષેત્રમાં જઇ શકેજ નહિ; ” પરંતુ એ તો તેમનાથી બની

શક્યું નહિ; ત્યારે શું એવા ખાલી વચનમાત્રથી, કે–" હું સાચો અને તું જૂઠો "—કોઈ સાચો કે જૂઠો બની શકે ખરો કે !

એ " નિર્ણય " વાળો લેખ બહાર પડ્યા પછી તેની સ્હામે શ્રીવિજયધર્મસૂરિજી મહારાજના અનેક લેખો, પત્રો બહાર આવ્યા. અને તેમાં તેમણે પોતાના વિચારોનું પ્રતિપાદન કરવાની સાથે એ પણ જણાવ્યું કે–હું જો શાસ્ત્રદૃષ્ટિએ ભૂલ ખાતો હોઉં, અને મારી ભૂલ કોઇ પ્રમાણપુરસ્સર જાહેર કરે, તો તે ભૂલને કબૂલ કરવા તૈયાર છું; નહિ તો મારા પ્રતિવાદી મહાશયે પોતાનો પ્રતિવાદ પાછો ખેંચી લેવો જોઇએ. આવી રીતનાં અનેક લખાણો શ્રીવિજયધર્મસૂરિજી મહારાજનાં બહાર આવતાં રહ્યાં; પણ આણંદસાગરજી મહારાજ તો તે લેખોની સ્હામે કંઇ પણ ન ઉચ્ચરતાં મૌનજ ધારણ કરી બેસી રહ્યા. છેવટે જ્યારે **શ્રાદ્ધવિધિ**નો પાઠ તેઓશ્રીના જોવામાં આવ્યો, ત્યારે તેઓ હર્ષભેર બહાર આવ્યા અને હેંડબીલની અંદર તે પાઠને રજુ કરીને, પોતાનો જાણે વિજય ન થયો હોય તેમ બતાવવા લાગ્યા. એટલુંજ નહિ, પણ શ્રીવિજયધર્મસૂરિજી મહારાજને માફી માંગવાનું પણ તેમણે સૂચન કર્યું. આ હેંડબીલ તા. ૧૮–૪–૨૦ મીએ બહાર પડ્યું છે. અને તે લેખનું મથાળું છે—" શ્રીમાન્ ધર્મવિજયજીને પોતાની પ્રતિજ્ઞા માટેની સાવચેતી." જૂઓ કેટલો અવિનય! વિજયધર્મસૂરિજી મહારાજે તેમનો કે જૈન સંઘનો શો ગુન્હો કર્યો છે કે તેમને માફી મંગાવવા માટે તેઓશ્રી બહાર પડ્યા છે? તટસ્થદૃષ્ટિથી જોતાં તો આણંદસાગરજી મહારાજે માફી માંગવી જોઇએ કે–તેમણે સમજ્યા વગર ઉતાવળથી વિજયધર્મસૂરિજી મહારાજના વિચારોને ખોટા જાહેર કર્યા. **એક માણસના વિચારને પુરાવા વગર એમજ ધિક્કારી નાંખવા, એ શું કાયદાની દૃષ્ટિએ ઓછો ગુન્હો છે?** આવો ગંભીર ગુન્હો કરનાર અને એથી આગળ વધીને વયોવૃદ્ધ, સંયમવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ એવા મહાત્માને માફી માંગવાની સૂચના કરનાર આણંદસાગરજી મહારાજ કંઈ શિક્ષાને પાત્ર હોઈ શકે કે કેમ, એ સંબન્ધી વિચાર કરવાનું શ્રીસંઘના તટસ્થ વિચારકોને સોંપું છું.

શ્રીઆણંદસાગરજી મહારાજ એમ સમજતા હશે કે, 'શ્રાદ્ધવિધિના પાઠનો પુરાવો મેં આપ્યો છે ને!' પણ મને આશ્ચર્ય થાય છે

કે તે પાઠ ઉપર તેઓશ્રી આટલા બધા મોહિત કેમ થતા હશે? તે પાઠમાં એવું તે શું તેમણે નિહાળ્યું છે કે-પ્રસ્તુત ચર્ચાને અંગે તે પાઠનું તેમણે ઓઠું લીધું છે.

મારે ખુલ્લા શબ્દોમાં કહેવું જોઇએ કે—તે પાઠનો તેમણે ખોટો અર્થ કર્યો છે; અને તે અર્થ ભોળા જનવર્ગને ભ્રાંતિમાં નાખનાર છે. તે પાઠમાં બોલી બોલવાનું નામજ નથી. જૂઓ તે પાઠ—

**" जिनधनस्य–देवद्रव्यस्य वृद्धिर्मालोद्धट्टनेन्द्रमालादिपरिधानपरिधापनिकाधौतिकादिमोचनद्रव्योत्सर्पणपूर्वकारात्रिकविधानादिना । "**

—શ્રાદ્ધવિધિ, પાનું ૧૬૧.

આ પાઠનો અર્થ, સાગરજી મહારાજ આ પ્રમાણે કરે છે—

" શ્રાવકોએ દેવદ્રવ્યની વૃદ્ધિ કરવા નિમિત્તે માલોદ્ઘાટનનો ચઢાવો, ઇન્દ્રમાળ આદિ પહેરવાનો ચઢાવો તથા પહેરામણી ધૌતિક વગેરે મૂકવાં, અને દ્રવ્યની ઉછામણી કરવાપૂર્વક આરતી આદિ ઉતારવાનું કાર્ય કરવું જોઇએ. "

હવે વાંચનાર વિચાર કરશે કે-આ જે અર્થ કર્યો છે, તેની સાથે મૂળ પાઠનો ક્યાં સુધી સંબન્ધ છે. અહીં આપણે મૂળ પાઠના શબ્દો સાથે સાગરજીએ કરેલ અર્થનો મુકાબલો કરી જોઇએ.

મૂળ પાઠના અલગ અલગ શબ્દો અને તેના અર્થ—

| | | |
|---|---|---|
| **जिनधनस्य–देवद्रव्यस्य** | એટલે | દેવદ્રવ્યની. |
| **वृद्धि** | ,, | વૃદ્ધિ. |
| **मालोद्धट्टन** | ,, | માળા ગ્રહણ કરવી. |
| **इन्द्रमालादिपरिधान** | ,, | ઇન્દ્રમાળા વગેરે પહેરવી. |
| **परिधापनिका** | ,, | પહેરામણી. |
| **धौतकादि** | ,, | ધોતીયાં વગેરે. |
| **मोचन** | ,, | મૂકવું. |
| **द्रव्योत्सर्पणपूर्वक** | ,, | દ્રવ્ય નાખવા પૂર્વક. |
| **आरात्रिकविधानादिना** | ,, | આરતી ઉતારવા વગેરે વડે. |

આ રીતે, પ્રસ્તુત પાઠના પ્રત્યેક જુદા જુદા શબ્દોનો અર્થ છે. આ ઉપરથી તે સમગ્ર પાઠનો અર્થ—

"દેવદ્રવ્યની વૃદ્ધિ—માલોદ્ઘટ્ટન, ઇન્દ્રમાલા વગેરેનું પહેરવું, પહેરામણી—ધોતીયાં વગેરેનું મૂકવું અને દ્રવ્ય મૂકવા પૂર્વક આરતી ઉતારવી, એ વગેરે વડે કરી શકાય છે."

એ પ્રમાણે સ્પષ્ટ સમજી શકાય છે. હવે વાંચનાર સાવધાન દૃષ્ટિથી જોશે કે—સાગરજી મહારાજે, માલોદ્ઘાટનનો **ચઢાવો,** ઇન્દ્રમાળ આદિ પહેરવાનો **ચઢાવો,** એમ જે '**ચઢાવો**' '**ચઢાવો**' અર્થ કર્યો છે, તે અર્થને લગતો કોઈ પણ શબ્દ તે પાઠમાં છે કે? બિલકુલ નહિ. 'ચઢાવા' અર્થ સૂચક કોઈ પણ શબ્દ જ્યારે એ પાઠમાં નથી, તો પછી 'ચઢાવો' અર્થ ક્યાંથી ઘુસાડી દીધો! આવી રીતે ખોટો અર્થ કરીને સંસ્કૃતના કેટલાક અજાણ લોકોને ભલે ખુશી કરી શકાય, પણ સંસ્કૃતજ્ઞ લોકો તો તેની સારી રીતે કિંમત આંકી શકે તેમ છે. આમ ભ્રાન્તિજનક અર્થ—યોજના કરવી, એ ખરેખર તેમના જેવા એક સાધુપુરૂષને નહિ શોભે તેવું કાર્ય છે.

તે પાઠના અર્થમાં, આગળ જઇને, 'ઉત્સર્પણપૂર્વક આરતી ઉતારવા' ના સંબન્ધમાં પણ ગોટાળો કરી નાંખ્યો છે. સાગરજી મહારાજ "ઉત્સર્પણપૂર્વક આરતી ઉતારવી" એટલે "બોલી બોલવાપૂર્વક આરતી ઉતારવી" એવો અર્થ કરે છે. પણ આવો અર્થ તેઓશ્રી ક્યાંથી કરે છે તે સમજાતું નથી. યાદ રાખવું કે—**અમે બોલી બોલવાના રિવાજની વિરૂદ્ધમાં નથી.** એ વાત અમારી જાણમાં છે કે બોલી બોલવાની પદ્ધતિ એ આવક વધારવાનું સાધન છે, અને એથીજ કરીને, બોલી બોલવાની પ્રથાદ્વારા સાધારણ ખાતું, કે જેની ઉપર સર્વ ક્ષેત્રોની પુષ્ટિનો આધાર રહેલો છે, તેને પોષણ કરવા તરફ જૈન સમાજે પ્રયત્નશીલ થવું જોઇએ, એમ અમારૂં મન્તવ્ય છે. આમ છતાં પણ સત્યની ખાતર અમારે એ કહેવુંજ જોઇએ કે—બોલી બોલવાની પ્રથા એ શાસ્ત્રીય કાનૂન નથી—શાસ્ત્રવિહિત વિધાન નથી; કિન્તુ શ્રીસંઘે આવક વધારવાની ખાતર પોતાની બુદ્ધિથી કલ્પના કરેલો માર્ગ છે. અમારી આ માન્યતાને શ્રાદ્ધવિધિના પ્રસ્તુત પાઠથી લગારે આંચ આવતી નથી, એ સાગરજીએ ખૂબ સમજી રાખવું જોઇએ. કારણ કે 'ઉત્સર્પણ' શબ્દનો અર્થ, તેઓશ્રી 'બોલી બોલવી' એવો જે કરે છે, તે અસત્ય છે. એવો અર્થ ક્યાંએ કરેલો નથી અને થઈ પણ શકતો

નથી. અમને નવાઈ ઉત્પન્ન થાય છે કે સાગરજી મહારાજ વ્યાકરણ, કાવ્યો અને શાસ્ત્રોના ભણેલા હોઇ કરીને આવો અસંબદ્ધ અર્થ કેમ કરે છે! તેઓશ્રી એ તરફ જો લગાર ધ્યાન આપે કે ‘ઉત્સર્પણ’ શબ્દની વ્યુત્પત્તિ અને અર્થ–યોજના શી રીતે છે, તો મને લાગે છે કે તકરારનું સ્થાન ટકી શકે નહિ. જૂઓ—

‘**उत्**’ ઉપસર્ગપૂર્વક ‘**सृप्**’ ધાતુની સાથે ‘**अनट्**’ પ્રત્યયના સહયોગથી ‘ઉત્સર્પણ’ શબ્દ બન્યો છે. **सृप्** ધાતુનો અર્થ છે— ‘ગતિ.’ જૂઓ, હૈમધાતુપાઠ–ભ્વાદિગણમાં ૧૯૪ મો ધાતુ—‘**सृप्लृ गतौ**’ હવે ‘ગતિ’ એટલે ‘જવું’ એ જાણીતી વાત છે. ‘**उत्**’ ઉપસર્ગ, આ સ્થળે સ્વાર્થ–ઘોતક યા સ્વાર્થ–પોષક સમજવાનો છે. આ ઉપરથી ‘ઉત્સર્પણ’ નો અર્થ–‘જવું’ થાય છે.

પરંતુ આટલેથી પ્રસ્તુતમાં અર્થસંગતિ થતી નથી. માટે **उत्–सृप्** ધાતુને પ્રેરક–અર્થવાળો ‘**णिग्**’ પ્રત્યય લાવીને અને પછી ‘**अनट्**’ પ્રત્યય જોડીને ‘ઉત્સર્પણ’ શબ્દ બનાવવો જોઇએ. યાદ રાખવું કે ‘ઉત્સર્પણ’ શબ્દ બંને રીતે બને છે—ખાલી **उत्–सृप्** ધાતુથી અને પ્રેરક–અર્થક ‘**णिग्**’ પ્રત્યયસહકૃત **उत्–सृप्** ધાતુથી. આ બંને રીતમાં પહેલી રીતવાળો ‘ઉત્સર્પણ’ શબ્દ પ્રસ્તુતમાં ઘટતો નથી, માટે બીજી રીતવાળો ‘ઉત્સર્પણ’ શબ્દ અહીં સમજવો જોઇએ. હવે, ખાલી **उत्–सृप्** ધાતુનો અર્થ જ્યારે ‘જવું’ થાય છે, તો તેનો પ્રેરક અર્થ, ‘મોકલવું’ ‘મૂકવું’ ‘નાંખવું’ વગેરે થાય, એ દેખીતી વાત છે. આ ઉપરથી પ્રસ્તુતમાં અર્થ–યોજના બરાબર થઈ શકે છે કે—“દ્રવ્યોત્સર્પણપૂર્વક” અર્થાત્ “દ્રવ્ય મૂકવાપૂર્વક–દ્રવ્ય નાંખવાપૂર્વક આરતી ઉતારવી” કહો, આમાં કોઈ પ્રકારનો છે વાંધો! કોઈ પ્રકારની છે ખેંચતાણ! જ્યારે આમ સીધો અને સરલ અર્થ બંધ બેસતો છે, તો પછી ‘બોલી બોલવાપૂર્વક’ એવો વિષમ અર્થ કલ્પવાની કંઈ જરૂર રહે ખરી? જ્યારે ખાલી **उत्–सृप्** ધાતુનો અર્થ ‘જવું’ અર્થાત્ ‘દ્રવ્યનું જવું’ થાય છે, તો પછી તેનો પ્રેરક અર્થ, ‘દ્રવ્યનું નાંખવું’ એજ થઈ શકે એ સુસ્પષ્ટ છે. પછી આમાં તકરારની જગ્યાજ ક્યાં રહે છે!

આમ સુસ્પષ્ટ વ્યુત્પત્તિથી જ્યારે ‘ઉત્સર્પણ’ શબ્દનો અર્થ

'નાંખવું' 'મૂકવું' થાય છે, તો પછી આ બાબતમાં વધારે પ્રમાણો શોધવાની કશી જરૂર રહેતીજ નથી.

આ સિવાય, 'ઉત્સર્પણ' શબ્દનો અર્થ-**દાન, ત્યાગ, અર્પણ** પણ થાય છે. આ સંબન્ધી પ્રમાણ અનેક સ્થળોએ મળે છે. "**बाङ्गाला भाषार् अभिधान**" નામનો બંગાલી શબ્દકોષ છે. તેની અંદર ૨૩૯ મા પાને 'ઉત્સર્પણ' શબ્દનો 'ત્યાગ' અર્થ પણ કર્યો છે. આ અર્થ પ્રસ્તુતમાં કેટલો સરસ લાગૂ પડે છે, એ કહેવાની કશી જરૂર નથી.

શ્રીમાન્ આનન્દસાગરજી 'બોલી બોલવી' એવો જે અર્થ, 'ઉત્સર્પણ' શબ્દનો કરે છે, તે તો બિલકુલ નિર્મૂળ છે. દાખલા તરીકે જોઇએ કે—

**" आसां जलास्फालनतत्पराणां**
**मुक्ताफलस्पर्धिषु शीकरेषु ।**
**पयोधरोत्सर्पिषु शीर्यमाणः**
**संलक्ष्यते न च्छिदुरोऽपि हारः " ॥ ६२ ॥**

—રઘુવંશ, સોળમો સર્ગ.

આ શ્લોકના ત્રીજા પાદમાં '**उत्सर्पिषु**' શબ્દ આવ્યો છે. તે '**उत्-सृप्**' ધાતુથી બન્યો છે. ટીકાકાર શ્રીમલ્લિનાથસૂરિ તેનો અર્થ આ પ્રમાણે કરે છે—

"**पयोधरेषु स्तनेषु उत्सर्पन्ति, उत्पतन्ति ये तेषु शीकरेषु**"।

જૂઓ, આ સ્થળે '**उत्सृप्**' ધાતુનો અર્થ, '**उत्पतन**' અર્થાત્ 'ઉડવું' યા 'ઉડીને પડવું' એવો કરવામાં આવ્યો છે; પરંતુ 'બોલી બોલવી' એવો કર્યો નથી; તો પછી એવા નિરાલંબન અર્થાત્ આધાર વગરના અર્થ ઉપર આગ્રહ શા માટે રાખવો જોઇએ ?

ચાલો, બીજું મહાકાવ્ય લઇએ—

**" ततः शरच्चन्द्रकराभिरामै-**
**रुत्सर्पिभिः प्रांशुमिवांशुजालैः ।**
**बिभ्राणमानीलरुचं पिशङ्गी-**
**र्जटास्तडित्वन्तमिवाम्बुवाहम् " ॥ १ ॥**

—કિરાતાર્જુનીય; ત્રીજો સર્ગ.

આ શ્લોકની અંદર "**उत्सर्पिभिः**" શબ્દ વપરાયો છે. આનો અર્થ, ટીકાકારે '**प्रसारिभिः**' એવો કર્યો છે. '**प्रसारिभिः**' એટલે 'પ્રસારિત થતાં' '**अंशुजालैः**' નું આ વિશેષણ છે. અર્થાત્ 'પ્રસારિત થતાં એવાં કિરણો વડે કરીને' એવો ભાવાર્થ છે. હવે જૂઓ, આની અંદર પણ '**उत्सृप्**' નો અર્થ, 'બોલી બોલવી' કે 'સ્પર્ધાપૂર્વક ચઢાવો કરવો' એવો કર્યો છે ખરો? નહિજ.

આ તો અન્યધર્માનુયાયી વિદ્વાનોના ગ્રન્થોનાં ઉદાહરણો જોયાં; પરંતુ **જૈન** ગ્રન્થોની અંદર પણ 'ઉત્સર્પણ' નો અર્થ શ્રીસાગરજી મહારાજના કહેવા પ્રમાણે મળવો અસંભવિત છે. સ્થાલી–પુલાક ન્યાયથી તે પણ અવલોકન કરી લઇએ.

"**जिणपवयणवुड्ढिकरं पभावगं नाणदंसणगुणाणं ।**
**रक्खंतो जिणदव्वं परित्तसंसारिओ होई** " ॥

આ–'ઉપદેશપદ' ની સત્તરમી ગાથા–ની વૃત્તિમાં લખ્યું છે કે—

**जिनद्रव्ये हि रक्षिते सति तद्विनियोगेन चैत्यकार्येषु प्रसभमुत्सर्पत्सु सत्सु भविनो भव्याः समुद्भूतोदग्रहर्षा निर्वाणावन्ध्यकारणबोधिबीजादिगुणभाजो भवन्ति** "

અર્થાત્—'દેવદ્રવ્યનું રક્ષણ કરવામાં આવ્યું હોય તો તે વડે કરીને ચૈત્યનાં કાર્યો સારી રીતે પ્રફુલ્લિત થવાથી તે નિમિત્તે ભવ્યપ્રાણિઓ મહાન્ હર્ષ મેળવવા અને મોક્ષનું સુનિશ્ચિત–અસાધારણકારણ જે બોધિબીજાદિ ગુણો, તેને પ્રાપ્ત કરવા ભાગ્યવાન્ થાય છે.'

જૂઓ, આની અંદર '**उत्सर्पत्सु**' શબ્દનો શો અર્થ થાય છે! બોલી બોલવાનો સંબંધ અહીં લાગુ પડે છે કે? આ પાઠમાં ચોખ્ખી રીતે જણાઇ આવે છે કે—'**उत्–सृप्**' નો અર્થ—'પ્રફુલ્લિત થવું' 'વિકસિત થવું?' 'પ્રસારિત થવું' એવોજ થાય છે; પણ એ સિવાય શ્રીસાગરજીના અભિપ્રેત અર્થને અહીં લગારે આદર મળતો નથી.

વળી જૂઓ, શ્રાદ્ધવિધિના ૭૭ મા પાનામાં આપેલી "કર્મસાર પુણ્યસાર" નામના બે ભાઇઓની કથાની છેડેનું લખાણ—

"**ततो महेभ्य-सुश्रावकतया सम्यग्ज्ञान–साधारण–द्रव्यरक्षा–तदुत्सर्पणादिना श्राद्धधर्ममाराध्य प्रव्रज्य च सिद्धौ** "

અર્થાત્—" ત્યાર પછી તે બંને ભાઇઓ મહાન્ શ્રીમન્ત થવાની સાથે સુશ્રાવક બનીને, જ્ઞાનદ્રવ્ય અને સાધારણ દ્રવ્યની ઉત્તમ પ્રકારે રક્ષા તથા વૃદ્ધિ કરવી–એ વિગેરે કાર્યો કરવા વડે કરીને શ્રાવકધર્મની આરાધના કરીને, છેવટે દીક્ષા ગ્રહણ કરીને મુક્તિ અવસ્થાને પ્રાપ્ત થયા."

વિચારો, આ પાઠમાં **उत्सर्पण** શબ્દ કયા અર્થમાં પ્રવર્તમાન છે? 'સ્પર્ધાપૂર્વક ચઢાવો કરવો' એ અર્થ, આ 'ઉત્સર્પણ' શબ્દ સાથે લગારે સંબન્ધ રાખે છે ખરો? ચોખ્ખી રીતે જોઇ શકાય છે કે આ 'ઉત્સર્પણ' શબ્દ સામાન્ય રીતે 'વૃદ્ધિ' અર્થનેજ બતાવે છે.

વળી જૂઓ, 'સંબોધસપ્તતિ' ના ૫૧ મા પાનામાં આવેલી "**जिणपवयणवुड्ढिकरं**" એ ગાથાની વૃત્તિમાંનું લખાણ પ્રસ્તુત મતભેદ ઉપર કેવું અજવાળું પાડે છે—

**"तथा ज्ञानदर्शनगुणानां प्रभावकम्, उत्सर्पणाकारकम्"।**

અર્થાત્—" જ્ઞાન–દર્શનગુણોની પ્રભાવના કરનારૂં, અર્થાત્ તે ગુણોની 'ઉત્સર્પણા' કરનારૂં, એટલે કે તે ગુણોને વિકાસ કરનારૂં." કહો, આ સ્થળના 'ઉત્સર્પણ' શબ્દનો એવો અર્થ કરી શકાશે ખરો કે–જ્ઞાનદર્શન–ગુણોનો સ્પર્ધાપૂર્વક ચઢાવો કરનારૂં, અથવા તે ગુણોની બોલી બોલનારૂં?

વળી શ્રાદ્ધવિધિના ૭૦ મા પાનામાં–"**तदाय-व्ययादौ सुव्यक्तं लेख्यकम्। स्वयं परैश्च द्रव्यार्पण-देवदायप्रवर्त्तनादिविधिना तदुत्सर्पणम्** × × ×"

—એ પ્રકારનો પાઠ છે. એનો અર્થ છે–" દેવદ્રવ્યની આવક–જાવક સંબન્ધી ચોખ્ખો હિસાબ રાખવો; અને પોતે દ્રવ્ય આપવા–અપાવવા વડે કરીને તથા દેવનો ભાગ રાખવા–રખાવવા વડે કરીને ચૈત્યદ્રવ્યની વૃદ્ધિ કરવી."

જૂઓ, આ પાઠમાં આવેલ 'ઉત્સર્પણ' શબ્દનો 'બોલી બોલવી' એવો અર્થ કોઈ રીતે થઈ શકે તેમ છે કે?

'**મહાનિશીથ**' સૂત્રના ત્રીજા અધ્યયનમાં લખ્યું છે કે—

" **अरिहंताणं भगवंताणं गंधमल्लपईवसंमज्जणोवलेवणविचित्तबलिवत्थधूवाइएहिं पूआसक्कारेहिं पइदिणमब्भच्चणं पकुव्वाणा तित्थुच्छप्पणं करमो** "।

અર્થાત્—" અરિહંત ભગવંતોની ગંધ, માલ્ય આદિપૂજા સત્કારો વડે હમેશાં પૂજન કરતા અમે તીર્થની **ઉન્નતિ** કરીએ. "

જૂઓ, આમાં પણ ' ઉત્સર્પણ ' શબ્દ ' ઉન્નતિ ' અર્થમાંજ વપરાયો છે, પણ તેનો અર્થ, બોલી બોલવી એવો થતો નથી.

' **ઉત્તરાધ્યયન** ' સૂત્રના પાંચમા અધ્યયનની ૩૧ મી ગાથામાં, ટીકાની અંદર લખ્યું છે કે—

" **यदा योगा नोत्सर्पन्ति** " ।

અર્થાત્ " મન–વચન–કાયાના વ્યાપારો જ્યારે પ્રફુલ્લિત ન હોય વિકસ્વર ન હોય, અર્થાત્ મન, વચન અને શરીર બરાબર ચાલતાં ન હોય. "

જૂઓ, આ સ્થળે પણ **उत्–सृप्** ધાતુનો અર્થ બોલી બોલવાનો થતો નથી, એ સુસ્પષ્ટ છે.

' ઉત્સર્પણ ' શબ્દને અંગે આવા અનેક પુરાવાઓ મળે છે. પણ સ્થળ સંકોચને લીધે તે બધા અહીં આપી શકાય તેમ નથી.

શ્રાદ્ધવિધિમાં ૯૦ મા પાને ' **આરતી** ' નું પ્રકરણ ચાલ્યું છે. અને તેને લગતી અનેક હકીકતો બતાવી છે. પરંતુ ત્યાં બોલી બોલવાનું નામ પણ નથી. એ શું બતાવી આપે છે ! એજ કે બોલી બોલવાની પ્રથા શાસ્ત્રીય નથી.

આ ઉપરથી નિઃસંદેહ સમજી શકાય છે કે ' ઉત્સર્પણ ' નો અર્થ, ' બોલી બોલવી ' કે ' ચઢાવો કરવો ' થતોજ નથી. પૂજ્યપાદ શ્રીમાન્ જૈનાચાર્ય **શ્રીઆત્મારામજી મહારાજે** પણ પોતાના ' ' **જૈનતત્ત્વાદર્શ** ' ની અંદર, શ્રાદ્ધવિધિના પંચમ પ્રકાશમાં બતાવેલ અગ્યાર કૃત્યોની જ્યાં હકીકત આપી છે, ત્યાં તે અગ્યાર કૃત્યો પૈકી ' જિનધનવૃદ્ધિ ' ની બાબતમાં ' ચઢાવો કરવા સંબન્ધી કંઈજ લખ્યું નથી. જૂઓ તે સ્થળ—

" तथा देवद्रव्यकी वृद्धि वास्ते प्रतिवर्ष मालोद्घट्टन करे, इन्द्रमाला तथा और माला भी यथाशक्ति करे, ऐसें ही पहरावणी, नवीन धोती, विचित्रप्रकारका चंदुआ, अंगलूहणां, दीपक, तेल, जातिवंत केसर, चन्दन, बरास, कस्तूरी प्रमुख चैत्योपयोगी वस्तु, प्रतिवर्ष यथाशक्ति सें देवे '

પાનું ૪૭૪ મું.

આ ઉપરથી વાંચનાર સમજશે કે-શ્રાદ્ધવિધિકારે 'જિનધનવૃદ્ધિ' ને માટે ઉત્સર્પણપૂર્વક આરતી ઉતારવાનું જે કથન કર્યું છે, તેનો અર્થ 'બોલી બોલવા પૂર્વક આરતી ઉતારવી' એવો જો થતો હત, તો **શ્રીઆત્મારામજી** મહારાજ તેવો અર્થ શું ન કરત? જ્યારે તેઓ સાહેબે પણ તેવો અર્થ નથી કર્યો, તો પછી તે અર્થ તરફ ખેંચતાણ કરવી નકામી છે.

ખુદ શ્રાદ્ધવિધિકાર મહારાજ પણ, " **देवद्रव्यस्य वृद्धिर्मालोद्घट्टनेन्द्रमालादि** × × ". એ પ્રસ્તુત પાઠનું આગળ ૧૬૬ મા પાનામાં વિવરણ આપતાં, ' ઉત્સર્પણ ' શબ્દને અંગે બોલી બોલવા કે ચઢાવો કરવા સંબન્ધી કંઇએ લખતા નથી. જૂઓ તે પાઠ—

**एवं परिधापनिकानव्यधौतिकविचित्रचन्द्रोदयाङ्गरूक्षणदीपतैलजात्यचन्दनकेसरभोगाद्यपि चैत्योपयोगि प्रतिवर्षं यथाशक्ति मोच्यम् "।**

આનો અર્થ એ છે કે-" પહેરામણી, નવીન ધોતી, વિચિત્ર ચન્દરવા, અંગલૂહણાં, દીપ, તેલ, ઉત્તમ ચન્દન, કેસર વગેરે ચૈત્યોપયોગી ચીજો પ્રતિવર્ષ મૂકવી. "

હવે વિચાર કરો કે—' ઉત્સર્પણ ' નો અર્થ, ' બોલી બોલવી ' થતો હત તો ખુદ શ્રાદ્ધવિધિકારજ તેવો અર્થ કાં ન લખત? જ્યારે શ્રાદ્ધવિધિના બનાવનાર પોતેજ પોતાના ' ઉત્સર્પણ ' શબ્દનો અર્થ, ' બોલી બોલવી ' એવો કરતા નથી, તો પછી તેમનાથી વિરુદ્ધ [illegible] ઉલટો અર્થ આપણાથી કેમ કરી શકાય?

' શબ્દચિન્તામણિ, ' ' શબ્દસ્તોમમહાનિધિ ' વગેરે [illegible] **सृप्** ધાતુનો અર્થ, ' **उत्सृज्य पुरतो गतौ** ' અર્થાત્ ' [illegible]

જવું' એવા પ્રકારે કરેલો પ્રસિદ્ધ છે; તેમજ 'ઊર્ધ્વગમન' 'ઉલ્લંઘન' એવા અર્થો પણ તે શબ્દના મળે છે; પરંતુ 'બોલી બોલવી' 'સ્પર્ધાપૂર્વક ચઢાવો કરવો' એવો અર્થ તો તે શબ્દનો ક્યાંએ મળતો નથી. કિન્તુ એ ધ્યાનમાં રાખવું કે–પ્રસ્તુતમાં 'ઉત્સર્પણ' નો અર્થ 'ઉલ્લંઘન' ઘટશે નહિ; કેમકે 'દ્રવ્યોત્સર્પણપૂર્વક આરતી ઉતારવી' એ સ્થળે 'દ્રવ્યના ઉલ્લંઘનપૂર્વક આરતી ઉતારવી' એવો વિપરીત અર્થ કરી શકાય ખરો કે? આવો અર્થ ઉલટો અનર્થકારી છે. દ્રવ્યના ઉલ્લંઘનપૂર્વક–દ્રવ્યના અતિક્રમણપૂર્વક આરતી ઉતારવાની હોયજ નહિ, પણ દ્રવ્યના સંબન્ધપૂર્વકજ આરતી ઉતારવાની હોય; એ એક બાળક પણ સમજી શકે તેવી હકીકત છે.

વળી 'ઊર્ધ્વગમન' 'અગ્રગમન' એવો અર્થ પણ તે શબ્દનો પ્રસ્તુતમાં ઠીક ઠીક બેસી શકે તેમ નથી. કદાચ તે શબ્દોને 'વૃદ્ધિ' ના અર્થમાં લઇએ તો પણ કંઈ વાંધો નથી; અને **उत्–सृप्** ધાતુનો સામાન્ય રીતે 'વૃદ્ધિ' અર્થ જ સર્વત્ર પ્રચલિત છે. જૂઓ—

**" वृद्ध्यर्थे कथिता वृद्धैर्वर्धते तद्वदेधते ।**
**ऋध्नोति ऋध्यते द्वे च स्फायते चोपचीयते ॥ ९४ ॥**
**प्ररोहत विसरति प्रसरत्यतिरिच्यते ।**
**भृशायते तथा मूर्च्छत्युत्सर्पति विसर्पति " ॥ ९५ ॥**

**युग्मम्**

—ક્રિયાકલાપ.

ઉપર ગણાવેલા 'વૃદ્ધિ'–અર્થવાળા ધાતુઓમાં '**उत्सर्पति**' ધાતુ પણ પડ્યો છે.

પરન્તુ આમ **उत्–सृप्** ધાતુનો 'વૃદ્ધિ' અર્થ જોઇને પ્રતિવાદી મહાશયે લગારે ઉતાવળ કરવી જોઇતી નથી. 'દ્રવ્યના ઉત્સર્પણપૂર્વક' કે 'દ્રવ્યની વૃદ્ધિપૂર્વક આરતી ઉતારવી' એમ અર્થ કરવામાં બોલવાના અર્થને કંઇએ સ્પર્શ થતો નથી. ધ્યાનમાં રહે કે 'સ્પર્ધાપૂર્વક બોલી બોલવી' એ બાબત જુદી છે, અને 'દ્ર-... એ હકીકત જુદી છે. એ બંનેમાં મહદ્ અંતર સમા-

ચલું છે. આરતી ઉતારનારાઓ આરતીમાં પૈસા, રૂપીયા, ગિની વગેરે મૂકી આરતી ઉતારે છે, એ વાત કોઇથી અજાણી નથી. એ પ્રથા વર્ત્તમાનમાં પણ સુપ્રચલિત છે. આ 'દ્રવ્યની વૃદ્ધિ' કે બીજું કંઈ? આમ 'દ્રવ્યની વૃદ્ધિપૂર્વક આરતી ઉતારવી,' એમ સરળ અર્થ સ્ફુટ હોવા છતાં, વચ્ચે 'બોલી બોલવાનું' ખોસવું એ કેવું કહેવાય!

ભગવાન્ **હેમચન્દ્ર** અભિધાનચિન્તામણિમાં, "**उत्सर्पो भावानामेव रोहत्प्रकर्षता, सोऽस्यामस्तीति उत्सर्पिणी**" એમ જે ફરમાવે છે તે બહુજ યુક્ત છે. પણ એથી પ્રસ્તુતમાં કશો બાધ નથી. વિશિષ્ટ ઉદારભાવથી દ્રવ્ય મૂકવા પૂર્વક આરતી ઉતારવી, એજ ભાવાર્થ 'દ્રવ્યોત્સર્પણપૂર્વક આરાત્રિકવિધાન' એ વાક્યનો છે. 'દ્રવ્યના ઉત્સર્પણપૂર્વક' એટલે 'દ્રવ્યના રોહત્પ્રકર્ષપૂર્વક' એવો અર્થ ભલે ખુશીથી કરો, એમાં કંઇએ વાંધો નથી, પણ એની મતલબ, 'દ્રવ્યના સ્પર્ધાયુક્ત ચઢાવાપૂર્વક' એવી તો સીધી રીતે નજ નિકળી શકે. 'દ્રવ્યનો અધિક પ્રકર્ષ' એટલે શક્તિને અનુરૂપ જેમ વિશેષ દ્રવ્ય આરતીમાં મૂકાય તે રીતે આરતી ઉતારવી, એજ સીધો અર્થ છે. "**વિશેષ દ્રવ્ય મૂકવાપૂર્વક આરતી ઉતારવી**" એજ અર્થ સરળ રીતે તે વાક્યમાંથી નિકળી શકે છે. આમ ઋજુ, હૃદયંગમ અર્થને છોડી અન્ય અર્થને મુશ્કેલીથી ખેંચવો, એ વિદ્વાન્ ગણાતા મહાશયનું ભૂષણ નથી.

કાળના અર્થમાં વપરાતા 'ઉત્સર્પિણી' શબ્દનો અર્થ, સાગરજી મહારાજ શું એવો કરે છે ખરા કે—રૂપ, રસ વગેરે ગુણોની બોલી બોલનાર, કે તેનો ચઢાવો કરનાર! 'ઉત્સર્પિણી' કાળને જો તેઓશ્રી રૂપ, રસાદિ ગુણોની બોલી બોલનાર તરીકે ન બતાવતા હોય તો પછી પ્રસ્તુતમાં—દ્રવ્યોત્સર્પણપૂર્વક આરતી ઉતારવાના સંબંધમાં 'દ્રવ્યના ઉત્સર્પણપૂર્વક' નો અર્થ 'બોલી બોલવાપૂર્વક' એવો શાને કરે છે? અને 'અર્ધજરતીય' ન્યાયના દોષ તરફ કેમ નજર કરતા નથી! કાલવાચક 'ઉત્સર્પિણી' શબ્દની અંદર જે ધાત્વર્થ રહેલો [illegible] 'ઉત્સર્પણ' શબ્દની અંદર પણ બરાબર છે. જૂઓ, [illegible] આપો, 'ઉત્સર્પિણી' શબ્દાર્થ 'વધનાર' યા 'વિશેષ[illegible] ટલોજ થાય છે. પણ એટલેથી કાળને અંગે અર્થ[illegible] હોવાથી, રૂપ રસાદિનો અધ્યાહાર લેવામાં આવે[illegible]

રસાદિ ગુણોમાં વધનાર તે 'ઉત્સર્પિણી' કાળ. હવે આ પ્રમાણેનો શબ્દાર્થ 'ઉત્સર્પણ' શબ્દમાં બંધ બેસે છે કે નહિ, તે વિચારો. દ્રવ્યના ઉત્સર્પણપૂર્વક આરતી ઉતારવી, એટલે દ્રવ્યની વૃદ્ધિપૂર્વક આરતી ઉતારવી. આની મતલબ, 'બોલી બોલવાપૂર્વક આરતી ઉતારવી' એમ તો કાઢી શકાય તેમ નથી, પરંતુ આરતીની અંદર પૈસા, રૂપીયા, ગીની વગેરે નાંખીને, અને એ રીતે દ્રવ્યની વૃદ્ધિ કરવા પૂર્વક આરતી ઉતારવી, એવોજ એનો અર્થ થઈ શકે છે. આજ સીધો અર્થ છે. 'ઉત્સર્પણ' શબ્દનો અર્થ બોલી બોલવાનો જો લેશો, તો કાળવાચક 'ઉત્સર્પિણી' શબ્દમાં પણ તેવો અર્થ લેવો પડશે; એટલે કે 'ઉત્સર્પિણી' કાળ કેવો છે? તો રૂપ, રસાદિ ગુણોની બોલી બોલનાર છે, તેનો ચઢાવો કરનાર છે. શું આવો અર્થ સાગરજી મહારાજ મંજૂર કરશે કે? નામંજૂર કરે તો 'ઉત્સર્પણ' શબ્દના અસ્મદભિપ્રેત અર્થનું સુતરાં શરણ લેવું પડશે.

'**उत्-सृप्**' નો અર્થ 'ત્યાગ,' 'અર્પણ' જો કરીએ તો એ બંધબેસતું છે. કારણ કે એ વ્યુત્પત્તિ પ્રમાણે 'ઉત્સર્પિણી' નો અર્થ (રૂપ, રસાદિ ગુણોને) 'અર્પણ કરનાર'—'વિશેષ વિશેષ અર્પણ કરનાર' એમ થાય છે, જ્યારે દ્રવ્યના ઉત્સર્પણનો અર્થ પણ દ્રવ્યનું 'અર્પણ' થાય છે, અર્થાત્—'દ્રવ્યના અર્પણ પૂર્વક એટલે સ્વશક્તિને અનુરૂપ દ્રવ્ય નાંખવા પૂર્વક આરતી ઉતારવી' એવો થાય છે. જૂઓ કેવી તે બંને શબ્દોની ('ઉત્સર્પિણી' અને 'ઉત્સર્પણ' ની) એકવાક્યતા!

---

## ઉપસંહાર.

'ઉત્સર્પણ' શબ્દના અર્થને અંગે **જૈનેતર અને જૈન** ગ્રન્થોનાં મહાવરણો જોયાં. અને એ ઉપરથી એ પણ સમજી શકાયું કે—આન- ' મહારાજ તે શબ્દનો કેવો અર્થ કરે છે? ત્યારે હવે આ- **નતર** ઓલવા...શું અને આશા રાખીશું કે સાગરજી મહારાજ પોતાની કૃત્યોન્ સ્પર્ધાપૂ લેવાની ઉદારતા દાખવીને આપણને નમ્રતા અને ધનવૃદ્ધિ ના એ હ શીખવશે; અને સમાજમાં ઉભરાયલા કોલાહલને જૂઓ તે સ્થળ

શાંત પાડવાનું મહત્ પુણ્ય મેળવી અને એ રીતે શાસન-સેવા કર્યાનો અદ્ભુત દાખલો બેસાડી જગત્-જનોને અનુકરણ કરવાના આદર્શરૂપ બનશે. ॐ શાંતિઃ

यद् देवाय समर्पितं भवति, तद् देवस्वमावेदितं
स्वस्थीभूय विचारयन्तु विबुधा देवस्वलक्ष्मेदकम् ।
एवं च क्षतिरस्ति का भगवतां नीराजना-पूजना—
द्यादेशार्पणसम्भवं यदि धनं नीयेत साधारणे ? ॥ १ ॥

आदेशार्पणपद्धतिः सुविहिताचारो नहीति स्फुटं
हीरप्रश्न उवाच हीरविजयः श्रीसूरिभट्टारकः ।
एवं च प्रतिपाद्यमेव सुधिया-मादेशदानप्रथा
नो शास्त्रीयविधिः परं स्वमतितः संघेन सा कल्पिता ॥

अथवा यः परिकल्पितो निजधिया संघेन, तत्रास्ति सोऽ-
लम्भूष्णुः परिवर्त्तनं रचयितुं कः किं वदेत् खल्विह ? ।
तस्मात् साम्प्रतमेव साम्प्रतमपि स्वं सर्वमादेशजं
श्रीसाधारण एव संगमयितुं प्रस्तावनं संघतः ॥ ३ ॥

देवद्रव्यं देवमात्रोपयोगि
सर्वक्षेत्राऽऽलम्बि साधारणस्वम् ।
सम्यग् ध्यात्वाऽऽचक्षतां श्रीमुनीन्द्राः
कस्मिन् क्षेत्रे युज्यते भूरिपोषः ? ॥ ४ ॥

भो भोः ! पश्यत जैनवर्गमधुना सर्वांगतो
तस्योपेक्षणमभ्यधत्त भगवान् अश्रे

प्रोद्धर्त्तं त्वमतः समग्रमुनिभिर्भाव्यं सुसज्जैर्द्रुतं
सर्वादेशसमुत्थसर्वविभवो नेयश्च साधारणे ॥ ५ ॥

इति शास्त्रविशारद-जैनाचार्यश्रीविजयधर्मसूरीश्वरचरणकमलमधुकर-न्यायविशारदन्यायतीर्थप्रवर्तकश्रीमंगलविजयसंदृब्धा 'उत्सर्पणशब्द-मीमांसा'।



Published by Abhedchand Bhagawandas Gandhi,
Bhavnagar.

Printed by Ramchandra Yesu Shedge, at the
"Nirnaya-sagar" Press, 23, Kolbhat Lane, Bombay.

તાકીદે મંગાવી લ્યો.

## સૂરીશ્વર અને સમ્રાટ્

પરમયોગીશ્વર, મહાન્ ગીતાર્થ જગદ્દગુરૂ **શ્રીહીરવિજયસ-** મહારાજે મુસલમાન સમ્રાટ્ **અકબર**ને પ્રતિબોધ કર્યા સંબંધી સમ- વૃત્તાન્ત પૂરૂ પાડનાર સાડીચારસો પાનાનો આ મહાન્ ગ્રંથ દ જૈને મંગાવવો જોઈએ છે. **હીરવિજયસૂરિ**ની મૂર્ત્તિનું મનોહર ચિ **અકબર** અને **અબુલફજલ**ના ફોટાઓ, **હીરવિજયસૂરિ**ના વિહારનો નક્ અને **અકબર** તથા **જહાંગીરે** આપેલાં પાંચ ફરમાનો અને તેના અનુ વિગેરેથી આ પુસ્તક ઘણુંજ આકર્ષક બન્યું છે. નકલો ટપોટપ ઉ લાગી છે. માટે વહેલો તે પહેલો. પાછળથી ચારગુણી કિંમત ખ પણ આ પુસ્તક મળવું મુશ્કેલ થશે. કિંમત માત્ર **અઢી રૂપિય**

આ મહાન્ ગ્રંથ માટે વિદ્વાનો શું કહેછેઃ—

"જૈન ઇતિહાસના સાહિત્યમાં 'સૂરીશ્વર અને સમ્રાટ્' સ સ્રાજ્ય ભોગવે છે."
**કેશવલાલ હર્ષદરાય ધ્રુવ**

"હાલ જે જાતનાં પુસ્તકોની વિદ્વાનો માગણી કરી રહ્યા છે, જાતનુંજ આ પુસ્તક થયું છે."
**મણિલાલ છબારામ ભટ્ટ**

"આ પુસ્તક સાહિત્ય સમૃદ્ધિથી ભરેલું છે. ઐતિહાસિક બાબતમ સૂર્યના સમાન સત્યપ્રકાશથી હૃદયને દેદીપ્યમાન કરેછે. અને સ્થળે સ્થળે તેમાં સુબોધસુધા યાને [illegible] ઉછળી રહેલ દૃષ્ટિગોચર થાયછે, કે જેનું [illegible] રેતૃપ્તિ પમાયન નહિં."
**[illegible]લાલ વ્યાસ**

"આ પુસ્તક જૈનસા[illegible] લેખકની ચિન્ત શીલતા, ગવેષણા અને ર[illegible] આપવાવાળી છે લેખકે કેટલું ગંભીર અધ્યયન કર્યુ છે, તે પ્રત્યેક પૃષ્ઠથી પ્રકટ થાયછે."
**પંડિત ઈશ્વરીપ્રસાદ શર્મ્મા.**

લખોઃ—

**સેક્રેટરી, શ્રીયશોવિજય જૈનગ્રંથમાળા,**

હેરીસરોડ—**ભાવનગર.**

Serving JinShasan
004523
gyanmandir@kobatirth.org

મહાર[illegible]
"[illegible]
નત[illegible] ઓલવા[illegible]
કૃત્યો[illegible] સ્પર્ધાપૂ[illegible]
ધનવૃદ્ધિ [illegible] એ [illegible]
જૂઓ તે સ્થળ